
કુમાર

તંત્રી બચુભાઈ રાવત



વંદના
ફોટોઃ આર આર ભારદ્વાજ



શબરીનું સ્વાગત (ચિત્રકાર: ચન્દ્રશંકર રાવળ)

કુમાર

સપ્ટેમ્બર ૧૯૭૦ • અંક ૫૬૧

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર. અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૭-૦૦, પરદેશ : રૂ. ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ : રૂ. ૧-૭૫.

વાચકો લખે છે

જુલાઈ અંકમાં સાંકળિયું જોવામાં ન આવ્યું. ૨૫૩/બ ના આગળના પાન ઉપર તો જાહેરખબર છે. ભારતના 'ઇતિહાસ અને સંસ્કૃતિના માનચિત્ર'માં દર્શાવેલ મહાભારતનો સમય (ઈ. સ. પૂર્વે ૨૪૦૦) ઠીક લાગતો નથી. શ્રી અરવિંદના મત પ્રમાણે મહાભારતનું યુદ્ધ ઇ.સ. પૂર્વે ૧૧૯૦ ની આસપાસ થયેલું. શ્રી સાંકળિયા કહે છે કે મહાભારતનાં પાત્રોનો પ્રાદુર્ભાવ આશરે ૩૦૦૦ વર્ષ ઉપર થએલો. તેવું જ ઋગ્વેદના કાળ (ઈ. સ. પૂર્વે ૨૦૦૦) વિષે છે. કોઈ એક નિશ્ચિત ગાળો માન્ય કરવો તે ઋગ્વેદને અન્યાય કરવા બરોબર છે. ઋચાઓ જુદાજુદા કવિમનીષીઓને ઘણા જુદાજુદા સમય દરમ્યાન સ્ફુરેલી. શ્રી સાતવળેકરની જન્મ-શતાબ્દી નિમિત્તે વડોદરાના પ્રો. (ડૉ.) જાવડેકર સાથે પારડી જવાનું થએલું અને તેમની સાથે વ્યક્તિગત મુલાકાતનો લાભ મળેલો. મારા એક પ્રશ્નના જવાબમાં તેમણે જણાવેલું કે ઋગ્વેદની જૂનામાં જૂની ઋચા ઓછામાં ઓછી ઈ. સ. પૂર્વે ૫૦૦૦ની છે!

ભારતના 'માનચિત્ર'ની સાથે નીલ નદીની સંસ્કૃતિ અને અમેરિકા ખંડમાં માનવીના ભૂતકાળને સાંકળી લેવાનો પ્રયત્ન વધુ સ્તુત્ય ગણાત. ગીઝાનો પિરામિડ અને સ્ફિંક્સ આશરે ઈ. સ. પૂર્વે ૨૪૦૦ની આસપાસ બંધાએલા. રામીસીસે એબુસિમ્બેલ બાંધ્યું ત્યારે કુરુક્ષેત્રનું યુદ્ધ થયેલું. કનિષ્કના સમય વેળાએ મેક્સિકોનો 'ચંદ્ર'નો પિરામિડ બંધાએલો અને ઇશુએ ગિરિપ્રવચન કરેલું. સમ્રાટ હર્ષવર્ધનના કાળમાં રોમનું પતન થયું. આદ્ય શંકરાચાર્ય ઝિબિલ ચાલ્ટુનના મય શિલ્પીઓના સમકાલીન હતા (મય લોકોએ અમેરિકાની અતિ સુફિયાણી લેખનપદ્ધતિને વિકસાવી હતી). આપણે 'દેલાસ' બાંધતા હતા ત્યારે વાઇકિંગ ચાંચિયાઓ ઉત્તર યુરોપને બડકે બાળતા હતા. માચુ પિચ્છુના ઇન્કા લોકોએ પેરુની દીવાલ બાંધી તે કાળે વિજયનગર ઊભું થયું. મધ્ય અમેરિકાના એઝ્ટેક સામ્રાજ્ય અને વિજયનગરનો ધ્વંસ સાથે થએલો!

નામશેષ થઈ રહેલી જીવસૃષ્ટિ વિષે સમાજનું ધ્યાન ખેંચીને (ઑગસ્ટ અંક) મૂક સૃષ્ટિની અનેરી સેવા કરી છે. મોરિશિયસનું ડોડો અઢારમી સદીના અંતમાં નામશેષ થઈ ગયું. વન્ય જીવસૃષ્ટિ એક એવી થાપણ છે કે જેનું સંરક્ષણ-સંવર્ધન કરી આપણે તે ભાવિ પેઢીઓ માટે મૂકી જવાની હોય છે. અને એ એક પૂરતું જ્ઞાન માગી લે એવો વિષય છે. તે અંગેની કેળવણી પણ અપેક્ષિત હોય છે. સત્તાધારીઓએ તે માટે ખાસ કરીને યુવાન પેઢીને કેળવવાની જરૂર છે. શહેરનાં બાળકોને પ્રવાસના ઉદ્દેશથી એવી કોઇક જગ્યાએ લાવી બતાવવામાં આવે કે પ્રાણીઓ કેવી રીતે જીવે છે. ફરતાં ચલચિત્રોની યોજના થાય અને તેમાં વન્ય પશુસૃષ્ટિ વિષેનાં ચિત્રો બતાવી એ વિષેનો રસ પેદા કરી શકાય. વન્યસૃષ્ટિ અને તેની દેખભાળના વિષયને સ્પર્શતી નિબંધ-હરીફાઇઓ યોજીને પણ આ દિશામાં ઘણું ઘણું થઈ શકે. પ્રાણીઓની વિશિષ્ટ ખોરાકપદ્ધતિ. તેમના રોગો અને વિવિધ પ્રાણીઓની પરિસ્થિતિ અંગે સંશોધન થાય તો એ બાબતની એક સૂઝસમજ કેળવાઇ શકે. સેરેનગેટી નૅશનલ પાર્કના કારણે ટાંઝાનિયા આફ્રિકાનું રોમાંચક કહી શકાય એવું એક સ્થળ બની ગયું. વન્ય જીવસૃષ્ટિનું સંરક્ષણ એ આપણા સૌને માટે એક મોટી ચિંતાનો વિષય બની ગયો છે. ડાંગનાં જંગલો પણ એ દૃષ્ટિથી તાત્કાલિક ચાંપતા ઉપાયો માગે છે.

આ તો થઇ વન્યસૃષ્ટિની વાત. અમુક માનવજાતિઓ પૃથ્વીના પટ ઉપરથી નામશેષ થઇ રહી છે તેનું શું? ડાર્વિને ૧૮૩૨માં 'બીગલ' ઉપરથી જોએલા કેપ હૉર્નના યાહગન માનવો ક્યાં ગયા! આજના ટાસ્માનિયા પાસે એનો જવાબ નથી. કૅલિફૉર્નિયાનો યાહી–YAHI–ઇન્ડિયન ૧૯૧૬માં અદૃશ્ય થઈ ગયો. લૅપ જાતિ અને ન્યૂ ગિનીના અસ્મત 'યોદ્ધાઓ' આધુનિક દુનિયાની 'કાલઅબાધિત' વાસ્તવિકતાઓ સાથે મેળ પાડવા મથી રહ્યા છે. જપાનની આઇનૂ જાતિ મૃતપ્રાય દશાએ પહોંચી છે. બ્રાઝિલની વૌરા જાતિ જિજીવિષા માટે ખેંચતાણ કરી રહી છે. નીલગિરિની ટોડા જાતિ નામશેષ થઇ રહી છે; શ્રી નેહરુએ (૧૯૬૩?)માં જાતે જઇને એનો અભ્યાસ કરેલો. આ સંઘર્ષમાં આપણે તેમના રીતરિવાજ અને સંસ્કૃતિને ગુમાવી બેસીશું.

(બીલીમોરા) —(ડૉ.) વિપિન શાહ

જુલાઈ અંકમાં પૃ. ૨૫૩ ઉપર છાપેલા માનચિત્રમાં એક અક્ષરમાં ભૂલ પેસી ગઈ છે: 'ઈ. સ. પૂર્વે ૨૪૦૦ મહાભારતનો સમય, ૨૦૦૦ ઋગ્વેદનો કાળ'.

આ તો ઊલટી ગંગા વહે છે. વેદો પ્રાચીનમાં પ્રાચીન, એના પછી મહાભારત કાળ, પૂર્વે નહિ.

(અમદાવાદ) –હરિનારાયણ આચાર્ય

[* કેન્દ્ર સરકારના ટૂરિસ્ટ ખાતા 'યક્ષ' નામક સામયિકમાં આપેલા કોઠા પરથી ઉતારવામાં અમારો દોષ એટલો કે એ સાલ 'વેદોનો પ્રાચીનમાં પ્રાચીન મળતા પુરાવા'ની છે.]

'કુમાર'ના અંક ૫૫૮માં શ્રી સાધુરામ ચોથે સંગીતના લેખમાં 'કોમળ' મધ્યમ તથા 'તીવ્ર મધ્યમ'ના બે ભાગો પાડી બપોરના ૧૨ વાગ્યાથી રાત્રિના ૧૨ વાગ્યા સુધીના પૂર્વાંગ રાગોમાં જે કોમળ મધ્યમનું મહત્ત્વ બતાવ્યું છે તેને બદલે તીવ્ર મધ્યમનું સામ્રાજ્ય રહે છે, તેમ સ્વ. પંડિત ભાતખંડેએ પ્રતિપાદિત કરી બતાવ્યું છે. દાખલા તરીકે બપોરના ૧૨ વાગ્યાથી રાત્રિના ૧૨ વાગ્યા સુધીમાં ગવાતા રાગોમાં પૂર્વી, મારવા, તથા કલ્યાણ થાટના, પુર્યા, મારવા, શ્રી, પૂર્વી, ધનાશ્રી, પૂર્વે કલ્યાણ, યમન કલ્યાણ, શ્યામ, છાયાનટ, રેવા, ગૌરી, માલશ્રી, જેતશ્રી વગેરે પૂર્વાંગમાં ગવાતા રાગોમાં મુખ્યત્વે તીવ્ર મધ્યમનું સામ્રાજ્ય ને પ્રાબલ્ય રહે છે. જ્યારે ઉત્તરાંગવાદી રાત્રિના બાર વાગ્યા પછી ગવાતા રાગોમાં બહાર, બાગેશ્રી, નાયકી, કૌંસી, સહાના, લલત પંચમ, ભટિયાર ભેખા તેમજ કાફી, આશાવરી, ભૈરવ તથા ભૈરવી થાટના રાગોમાં કોમળ મધ્યમનું સામ્રાજ્ય ને પ્રાબલ્ય જોવા મળે છે. આમ, શ્રી સાધુરામે પૂર્વાંગી તથા ઉત્તરાંગી રાગોમાં બે મધ્યમનું જે વિભાજન કર્યું છે તે શાસ્ત્રોક્ત દૃષ્ટિએ બંધબેસતું લાગતું નથી.

(રાજકોટ) –મગનલાલ ત્રિવેદી

[* લાગે છે કે શ્રી ત્રિવેદીની કંઈક સમજફેર થઈ છે. શુદ્ધ (કોમળ) મધ્યમ કે તીવ્ર મધ્યમ દ્વારા રાગોના બે વર્ગ પડે છે તેવું મારા કહેવાનું તાત્પર્ય નથી. મધ્યમ શુદ્ધ કે તીવ્ર લેવાથી બાકીના સ્વરો તેના તે જ હોય, છતાં રાગના સ્વરૂપમાં તેમજ ગાનસમયમાં ફેર પડી જાય છે. પં. ભાતખંડેજીના 'ક્રમિક પુસ્તકમાલિકા'ના પાંચમા ભાગની પ્રસ્તાવનામાં તથા હાથરસ (ઉ. પ્ર.)ના 'સંગીત કાર્યાલય'ના પ્રકટ કરેલા ભાતખંડેજીના સંગીતશાસ્ત્રના ચોથા ભાગમાં ઉત્તર હિંદુસ્તાની સંગીત પદ્ધતિના રાગોમાં પ્રવર્તતા ૪૦ સાધારણ નિયમોમાં એમણે પણ આ બાબત સમજાવી છે.

શ્રી ત્રિવેદીના કહેવા પ્રમાણે રાગના 'પૂર્વાંગ રાગ' કે 'ઉત્તરાંગ રાગ' એવા વર્ગ પાડવામાં આવતા નથી, પણ બપોરના ૧૨થી રાત્રિના ૧૨ વાગ્યા સુધીમાં ગવાતા રાગોને 'પૂર્વ રાગ' અને રાત્રિના ૧૨થી બીજા દિવસના બપોરના ૧૨ સુધીમાં ગવાતા રાગોને 'ઉત્તર રાગ' કહે છે. પૂર્વ રાગોમાં સ્વરસપ્તકના પૂર્વાંગ (સા રે ગ મ)-નું મહત્ત્વ હોઈ તેના વાદી સ્વર પણ એ ચાર સ્વરોમાં હોય છે અને સ્વરસપ્તકના પૂર્વાંગમાં જ એનું ગાયનવાદન વધુ 'ખૂલે' છે. દા. ત.

ભીમપલાસી પૂર્વરાગ છે અને તે સપ્તકમાં પૂર્વાંગમાં જ વધુ સ્પષ્ટ થાય છે. તેવું જ અન્ય પૂર્વરાગોમાં બને છે. જ્યારે ઉત્તરરાગો રાત્રિના ૧૨ વાગ્યા પછી ગવાય છે ને તેમના વાદી સ્વર સ્વરસપ્તકના ઉત્તરાંગ (મં પ ધ નિ)માં હોય છે, અને ઉત્તરાંગમાં તેમનું ગાયનવાદન રાગને વધુ સ્પષ્ટ કરે છે. પૂર્વરાગ અને ઉત્તરરાગનું આ એક મુખ્ય લક્ષણ છે.

'મધ્યમ' બદલવાથી રાગરૂપ બદલાય છે. 'ભૈરવ' અને 'પૂર્વી' રાગ એનું એક ઉદાહરણ છે. મધ્યમના તફાવત સિવાય તેના બીજા સ્વરો સરખા છે, પણ પૂર્વી પૂર્વરાગ હોઈ 'નિ સા રે ગ' પૂર્વાંગ સ્વરોમાં તુરત સ્પષ્ટ થાય છે, જ્યારે ભૈરવ 'ઉત્તરરાગ' હોઈ 'સાં નિ ધ પ, પ ધ પ મ' એ ઉત્તરાંગ સ્વરોમાં એકદમ ઓળખાઈ આવે છે. પૂર્વી સાયંગેય અને ભૈરવ પ્રાતર્ગેય રાગ છે.

શ્રી ત્રિવેદીએ જે રાગો લખ્યા છે તે બધાને ઉપરના નિયમ લાગે છે. મધ્યમ ખાસ તો રાગ રાત્રિગેય છે કે દિનગેય તે જ સૂચવે છે. બરાબર જોઇશું તો જણાશે કે તીવ્ર મધ્યમવાળા રાગો રાત્રે અને શુદ્ધ મધ્યમવાળા મોટે ભાગે દિવસના ભાગમાં ગવાય છે. એમણે લખેલા કેટલાક રાગો 'સંધિપ્રકાશ' રાગો છે, જેમને એક જુદા વર્ગમાં તારવી શકાય. આ રાગોમાં ઋષભ (રે) અને ધૈવત (ધ) કોમળ તથા અન્ય સ્વરો શુદ્ધ હોય છે. તેમાં ઉપર કહ્યા પ્રમાણે મધ્યમનો ફેર કરવાથી રાગના ગાન સમયમાં ફેર પડે છે. આથી જ મધ્યમ —માર્ગદર્શક સ્વર કહેવાય છે.

આસાવરી, જૌનપુરી, ભૈરવી વગેરે રાગો ઉત્તરરાગ છે અને ઉત્તરાંગમાં જ એ વધુ ખૂલે છે. તેમના વાદી સ્વરો પણ ઉત્તરાંગમાં છે. તેમાં મધ્યમ શુદ્ધ છે તેનું કારણ એ છે કે તે બધા દિનગેય રાગો છે, નહિ કે તેઓ પૂર્વરાગ છે. પૂર્વરાગ દિવસે જ ને ઉત્તરરાગ રાતે જ ગવાય એવો નિયમ નથી.

આ ખુલાસાને હજી વિસ્તારી શકાય, પણ હાલ તુરત આટલી સમજ પર્યાપ્ત થઈ રહેશે એમ માનું છું. —સાધુરામ ચોધ]

∞

'કુમાર' તથા અન્ય સામયિકોમાં સવાલોથી યે વધુ 'મારી માન્યતા'ઓ લીધા પછી સખેદ કહેવું પડે છે કે રમેશ શાહની 'માન્યતા' (ઑગસ્ટ અંક) ખોટી છે. જવાબ પરથી સવાલ કેમ ગોઠવી શકાતા હશે એ સમજાતું નથી. દરેકને પંદરેક પ્રશ્નો પૂછું છું એમાંથી બારેક શ્રી બચુભાઈ પર મોકલું છું. એમાંથી સાતેકની તારવણી કરવાની એમને શિર રહે છે.

ગુજરાતને પ્રેરણા ને માર્ગદર્શન આપે, પોતાના પારંગત વિષયની સચોટ જાણકારી આપે ને જીવનના નિચોડ જેવા અનુભવસાર દાખવે એ પ્રકારના પ્રશ્નો પૂછું છું. ખૂબ જ જાણીતી વ્યક્તિઓએ મને કહ્યું ને લખ્યું પણ છે કે આ લેખમાળા આવશ્યક પ્રવૃત્તિ છે, કારણ કે એમના મૃત્યુ પછી પણ એમની માન્યતા કે વ્યાખ્યામાં કોઈ મનગમતો ફેરફાર કરી શકશે નહિ.

આપણે આ જવાબોની અવગણના કરીએ પણ આમાં મર્યાદા એ છે કે જે જવાબ આપે એ મારે સ્વીકારવા પડે છે; જે ભાષામાં મૂકે છે એ પણ સ્વીકારવાની રહે છે. હિંદી, અંગ્રેજી ને એક મિત્રે આપેલા એમ ફ્રેન્ચના અંગ્રેજી ભાષાંતરમાં તથા મુલાકાતમાં પણ મેં જોયું છે કે કેટલીક વાર અતિ સામાન્ય લખાણ-જવાબ મળતા હોય છે. પણ એમને કદી ન કહેવાય કે ના, આમ નહિ આમ શબ્દછણાવટ કરો.

જો રમેશ શાહ કહે છે એમ મેં સવાલ પરથી જવાબ ગોઠવ્યા હોત તો શ્રી દીક્ષિતના છઠ્ઠા જવાબ પરથી 'પ્રિય વ્યક્તિઓ કઇ?' એટલું જ રાખ્યું હોત. 'કૃતિ' શબ્દ બાકાત કર્યો હોત; રવિશંકરના સાતમા જવાબ પર 'તમને કોણે જીવનબળ આપ્યું છે' એમ મૂકત; યોગેન્દ્ર દેસાઇના પાંચમા જવાબ પર 'આજનો તમારો પુરુષાર્થ શા કાજે છે?' એમ લખત વગેરે. તક મળી છે એટલે જણાવું છું કે આ સવાસો સ્નેહીઓએ જે મહોબ્બતસભર ઉત્તર આપ્યા છે ને મમતા દાખવી છે એ સૌજન્ય નાનુંસૂનું નથી.

(સાન્ટાક્રૂઝ પૂર્વ) —ચંપકલાલ મહેતા

∞

જુલાઈ અંકમાં શ્રી રતિલાલ 'અનિલ'ના પરિચયમાં બે મુદ્દા રહી જવા પામ્યા છે: ૧) એમણે દોઢ-બે વરસ શ્રી ઈશ્વરલાલ ઈ. દેસાઈના 'લોકવાણી' પત્રમાં કૉલમ-લેખક તરીકે કામ કરેલું; અને ૨) આજે 'ગુજરાત મિત્ર'માં હાસ્યનાં એમનાં વિવિધ કૉલમો લોકપ્રિય થયાં હોવાથી એમને મોટે ભાગે હાસ્ય-કટાક્ષના લેખક તરીકે લોકો જાણે છે, પણ એ પત્રના સોમવારના અંકમાં 'સાંદીપનિ'ના નામે ગંભીર લેખો પણ એ લખે છે.

(સૂરત) —એક મિત્ર

∞

જુલાઈ અંકમાં પૃ. ૨૮૭ ઉપર 'હાથીનું બખ્તર' ચિત્ર નીચે 'ઈ. સ. ૧૭૦૭માં પલાશીમાં મેળવેલ જીતના સ્મરણ તરીકે' લખ્યું છે. પણ પલાશીનું યુદ્ધ ઇ. સ. ૧૭૫૭માં થએલું.

—ગોવિંદભાઈ દૂધાત

(બાંધણી) —જશભાઈ મો. પટેલ

[* દોષ અમારો કે સાચું લખ્યા છતાં પ્રુફરીડર પર વિશ્વાસ રાખી છેલ્લું પ્રુફ ન જોયું.]

થોડા મહિના પહેલાં આપના માસિકમાં 'ઘંટી હાલના વખતમાં શક્ય નથી' એવી મતલબનો એક ગોધરાવાસી ભાઇનો પત્ર પ્રકટ થએલો. આ પ્રશ્ન તો 'મન હોય તો માળવે જવાય' જેવો છે. કુટુંબનો દરેક માણસ પાંચ મિનિટ દળે તો પોતા પૂરતો પૂરો લોટ નીકળી શકે. આ 'વખત' તો 'દળાવવા જતી વેળા લાગે છે. અમે ચાળીસ વર્ષ થયાં ઘંટીનો લોટ વાપરીએ છીએ ને સૌને ભલામણ કરીએ છીએ. હું સવારે સાડા છએ કામે જતો ત્યારે પણ હાથનો દળેલો લોટ વાપરી શકતો. હું રોજના હજાર રૂપિયા કમાતા પંજાબી વેપારીને જાણું છું જેણે પોતાના બેડ-રૂમમાં ઘંટી રાખી છે ને જે દળે છે અને એવું કુટુંબ પણ જોયું છે જે ૧૦×૧૨ ફૂટનાં ઘરમાં સૂએ બેસે છે ને ઘંટી રાખી છે.

(મુંબાઇ) -વલ્લભદાસ સચદે

એક જર્મન મહિલાએ વગર ઓળખાણે પત્ર લખી વિનતિ કરી છે કે તેણીને ભારતની વપરાએલી ટપાલની ટિકિટો મેળવવામાં રસ છે. આપ તેનું સરનામું પ્રકટ કરો તો આપના બહોળા વાચકવર્ગ તરફથી તેને સારો એવો ઉત્તર મળી રહેશે ને ભારતની મિત્ર બની રહી તેને ભારતીય પ્રજા માટે આદર થશે. તેનું સરનામું: **Christa Schroeder 1 Berlin 19 Konigin Elisabeth Str. 8 (West Germany)**. મેં તેને થોડી ટપાલ-ટિકિટો તો મોકલાવી આપી છે.

(કલકત્તા) -બિપિન દોશી

'કુમાર'ના જૂન અંકમાં શીખ સંપ્રદાયના ગુરુઓની પરંપરા દર્શાવેલી છે. તેમાં નવમા ગુરુ તેગબહાદુરની વિગતમાં જણાવ્યું છે કે તેઓ ગુરુ હરરાયના પિતા હતા. દસમા ગુરુ ગોવિંદસિંહની વિગતમાં દર્શાવ્યું છે કે તેઓ ગુરુ તેગબહાદુરના એકમાત્ર પુત્ર હતા. જો ગુરુ તેગબહાદુર ગુરુ હરરાયના પિતા હોય તો ગુરુ ગોવિંદસિંહ ગુરુ તેગબહાદુરના એકમાત્ર પુત્ર ન હોઈ શકે.

(અમદાવાદ) -એમ. જી. દીક્ષિત

(મૌના) ભીખુભાઈ મ. પટેલ

[*અમારી સરતચૂક. તેગબહાદુર તે હરરાયના પિતાના મોટા ભાઈ હતા.]

મારા પિતાશ્રીને (ઉ. ૬૩) છેલ્લા લગભગ છ માસથી લીવરનું કૅન્સર છે. તાતા ઑસ્પિટલવાળાઓએ હવે વધુમાં વધુ ૬ માસ સુધી ટકશે એમ કહી દીધું છે. હમણાં તેમને તકલીફમાં આખો દિવસ પેટ ભારે ભારે લાગે છે. ખોરાકમાં કઠણ ખોરાક બહુ ઓછો લેવાય છે. પ્રવાહીમાં દૂધ, કાંજી, ફળોનો રસ વગેરે થોડા થોડા પ્રમાણમાં લે છે. વધુ લે તો વધારે તકલીફ થાય છે. પગનાં તળિયે સોજા છે. બાકી બીજી તકલીફ નથી. આમ સ્ફૂર્તિથી રહે છે. રાતે ઊંઘ આવે છે.

આ રોગ બાબત કોઇ ભાઇ માર્ગદર્શન બતાવી દવા વગેરે બતાવશે તો તેમણે મારા પર મોટો ઉપકાર કર્યો ગણાશે. એલ. બી. શાહ પ્લૉટ નં. ૨૧૧, બ્લૉક નં. ૧૦, પહેલે માળે, કિડવાઈ રોડ, વડાલા સ્ટેશન પાસે, મુંબાઈ-૩૧

ઑગસ્ટના 'કુમાર'માં છેલ્લા પાને દર્શાવ્યા પ્રમાણે કીકીને જો કોઈ રંગ નથી તો અમુક માણસોની આંખ ભૂરી, નીલી, માંજરી એમ જુદાજુદા આછા-ઘેરા રંગની કેમ દેખાય છે?

કીકી એ કૅમેરાના 'શટર' જેવી નહિ પણ 'ડાયાફ્રામ' જેવી કહી શકાય. કૅમેરામાં ડાયાફ્રામ પ્રકાશનું નિયમન કરે છે, જ્યારે 'શટર' ફોટો પાડતી વેળા અમુક નિશ્ચિત ઝડપથી ખૂલવા બંધ થવાનું કામ કરે છે.

(જામનગર) —અભિજિત વ્યાસ

[* 'કીકી' એ કોઈ અવયવ નથી, પણ આંખની અંદર પ્રવેશતા પ્રકાશનું આપમેળે નિયમન કરતા 'દૃક્પટ'ની વચ્ચેનું કાણું છે. દૃક્પટમાં રંગકણો ભળેલાં હોઈ વાળ અને ચામડી પેઠે એના રંગમાં પણ ફેર હોય છે. એટલે આંખનો જે રંગ દેખાય છે તે કીકીનો નહિ, પણ દૃક્પટનો છે. અગાઉ 'કુમાર'ના અંક ૫૩૩ ને ૫૩૫માં 'કાયાની કરામત-૧૧ અને ૧૨'માં એ વિગતે સમજાવ્યું છે. તમારો બીજો મુદ્દો ખરો છે. 'કીકી' 'ડાયાફ્રામ'ના કાણા જેવી છે.]

જૂન અંકમાં પાના ૨૪૫ ઉપર અશોકના ગિરનારના લેખની ચાર લીટી છે, તેમાં ત્રીજી લીટીમાં એક ભૂલ થઈ છે. એમાં 'આરભિત્પા' શબ્દની નીચે 'યજ્ઞ માટે પણ' એવું જે ભાષાંતર લખાયું છે તે, તથા 'પ્રભુહિતવ્યં' શબ્દ નીચે 'હિંસા કરવી' એવું જે ભાષાંતર લખાયું છે તે ઊલટસૂલટ છે. ખરી રીતે આમ જોઇએ:

આરભિત્પ	પ્રભુહિતવ્યં
હિંસા કરવી	યજ્ઞ માટે પણ

(વીરમગામ) —નાથાલાલ માધવજી મંડલી

चारुता प्राणवत्ता च सुरुचि; सौजनं तथा।
दिने दिने कुमारश्रीः वर्धतेचन्द्रिका-समा॥

'કુમાર'ના અંકોમાં પીરસાતી રસસામગ્રીમાં વધુ સારવત્તા, ચારુતા, પ્રબોધકતા અને સંતર્પકતા થઈ રહી છે: આયોજન અને આકલ્પન વધુ આકર્ષક અને સુરુચિ-સભર બન્યાં છે. એકંદર 'કુમાર'ના વ્યક્તિત્વમાં વધુ મહિમા અને પ્રાણવત્તા આવી છે એવી પ્રતીતિ થાય છે.

(પોરબંદર) —શંકરદેવ-વિદ્યાલંકાર

આજે ઘણાં વર્ષે ફરી 'કુમાર' વાંચતાં લાગ્યું કે તે હવે 'ગઈકાલનાં નાગરિકોનું માસિક' હોય. તેમાં આત્મકથા (કે જે ભૂતકાળ છે) ઘણાં પાનાં રોકે છે. 'ગઠરિયાં'માં નવું કાંઈ નથી. 'પચીસ-વર્ષ પહેલાં'નો વિભાગ પણ આપવાની જરૂર જ નથી. તે પણ ભૂતકાળ છે. આજે તો 'કુમાર' જૂનું વાગોળી રહ્યું હોય તેમજ લાગે છે. જ્યારે પહેલાંના 'કુમાર'માં ખરેખર 'આવતી કાલનાં નાગરિકો'ને ઉપયોગી થાય તેવું વાચન આવતું. વિજ્ઞાન ઉપર લેખો ને તે પર આધારિત કલ્પના-કથાઓ પણ સારી આવતી. વિજ્ઞાનની પ્રવૃત્તિ વિષે જરા પણ લખાણ હોતું નથી.* ખાલી ચિત્રકલાની આત્મશ્લાઘા કરતું માસિક ભાસે છે. લવાજમ વધારવાનું લખ્યું તે જાહેરખબર વધુ લઈ અને થોડાં ચિત્રો-ફોટા ઓછા આપી, નાના કદનાં કરીને નિવારી શકાયું હોત.+

(ભુજ-કચ્છ) —એમ. ટી. સોમપુરા

[*?!; + જાહેર ખબર મેળવવી એ લાડવો ખાવા જેટલું સહેલું હશે? ચિત્રો ઓછાં અને કદ નાનું કરવાથી ગ્રાહકો જ ઓછા નહિ થઈ જાય?]

છેલ્લાં પચાસ વર્ષમાં પૂર્વ ભારતમાં ગુજરાતીઓની વસતિમાં સારો એવો વધારો થયો છે; સાથેસાથે ગુર્જર અસ્મિતાને જાળવી રાખવાના પ્રયાસો પણ થયા છે. આવી પ્રવૃત્તિઓમાં ચિરંજીવ કહી શકાય એવી પ્રવૃત્તિ પ્રકાશનની છે. કલકત્તામાં પ્રથમ ગુજરાતી પ્રેસની સ્થાપનાથી માંડીને આજ સુધીમાં કલકત્તા ઉપરાંત અન્ય સ્થળોએ પણ ગુજરાતી પ્રેસ થયાં છે, જેમાં ધંધાકીય જરૂરિયાતના છપાઈકામની સાથે કલકત્તાના થોડાક સાહિત્યકારોનાં સારાં પ્રકાશનો, અભિનંદન-ગ્રંથો, સંભારણાં વગેરે પણ અવારનવાર છપાયાં છે. કેટલાંક સામયિકો પણ શરૂ થઈ બંધ પડી ગયાં છે.

આ ઉપરાંત અનેક ગુજરાતી વ્યક્તિઓએ ગુજરાતી સિવાય અન્ય ભાષાના સાહિત્યમાં પણ ફાળો આપ્યો છે ને લેખો તેમજ પુસ્તકો પ્રકટ કરાવ્યાં છે. આ બધી માહિતી એકત્રિત કરી 'પૂર્વ ભારતના ગુજરાતીઓનો (ગુજરાતી તેમજ અન્ય ભાષા-સાહિત્યમાં) ફાળો' એ વિષય પર એક સંશોધનાત્મક પુસ્તિકા તૈયાર કરવા આ લેખકની ઇચ્છા છે. સાથેસાથે આ સર્વ પ્રકાશનોનું એક પ્રદર્શન પણ યોજવા વિચાર છે. આ સંશોધનમાં પૂર્વભારતમાં વસવાટ કર્યો હોય પરંતુ પાછળથી સ્થળાંતર કર્યું હોય તેની પણ નોંધ લેવાશે, અને પૂર્વ ભારતવાસીએ બહારથી પ્રકટ કરેલ પ્રકાશનોનો પણ સમાવેશ કરવામાં આવશે.

સંસ્થાઓના સાહિત્ય (અહેવાલ, સંભારણાં વગેરે)ની એક નકલ અગર તે અંગેની સર્વ માહિતી તેમજ સંસ્થાએ આપેલ 'સાહિત્યિક ફાળો' અંગે પણ લેખ મોકલે. પ્રેસના માલિકો પોતાના પ્રેસમાં છપાએલાં પ્રકાશનોની વિગતો મોકલે. વ્યક્તિઓ પોતાનાં પ્રકાશનો (ગુજરાતી તેમજ અન્ય ભાષાનાં)ની નકલ ન મોકલી શકે તો તે અંગેની માહિતી મોકલે. જે અહીં હાલ નથી રહેતા કે જે હયાત નથી તેમની માહિતી વગેરે પણ મોકલવા ખાસ વિનતિ છે.

આ વિષય અંગે અગાઉ જો કોઈએ પ્રયાસ કર્યા હોય તો તે તરફ ધ્યાન દોરવા પણ આગ્રહ છે. આ કાર્યમાં સહાયભૂત થનાર સૌનો યોગ્ય ઉલ્લેખ કરવામાં આવશે. આશા છે કે સૌ પોતાથી બનતો સહકાર આપશે અને 'ગુજરાતીઓ ફક્ત ધંધામાં જ રસ ધરાવે છે ને વિદ્યાકીય કાર્યોમાં એમને અભિરુચિ નથી' એ વાક્ય ખોટું પાડશે. —પ્રકાશ મોદી

૧૦-બી, રામમોહન દત્ત રોડ, કલકત્તા-૨૦

બુદ્ધિમાન બંગ ઇજનેરોની વચ્ચે કામ કરતાં રવીન્દ્રનાથ ઠાકુર વિષે ચર્ચા ન થાય તે કેમ બને? આવી એક ચર્ચામાં એક નવી વાત જાણવામાં આવી.


આપણે ગુજરાતીઓ 'Tagore'નું 'ઠાકુર' લખીએ તો મૂળ બંગાળી ભાષાને ન્યાય આપ્યો ગણાય. પણ 'ટાગોર' લખીએ તે ઠીક નથી. બંગાળીઓ એનો ઉચ્ચાર 'ટેગોર' કરે છે. મારી દલીલ હતી કે મૂળમાં 'ઠાકુર' છે, 'ઠેકુર' નથી, માટે Tagoreનું 'ટાગોર' થાય, 'ટેગોર' નહિ. પણ હકીકત એ છે કે રવિબાબુના દાદા પ્રિન્સ દ્વારકાનાથ (બંગાળીઓ તેનો ઉચ્ચાર 'દારોકા' કરે છે) ઠાકુરે પોતે પોતાની અટકનું આંગ્લીકરણ Tagore કરેલું ને તેનો ઉચ્ચાર 'ટેગોર' થાય એવો આગ્રહ સેવેલો! એટલે ગૅટરજી કે બૅનરજી માફક 'ઠાકુર'નું 'ટેગોર' એ અંગ્રેજોના હાથે થએલું પરિવર્તન નથી પણ રવિબાબુના પૂર્વજોએ સ્વેચ્છાએ સ્વીકારેલું આંગ્લીકરણ છે.

નાનાલાલના અપદ્યાગદ્ય અને ટેગોરની ગદ્ય-કવિતા એ એક જ વસ્તુ ગણાય? ભારતમાં ગદ્યકાવ્ય લખનાર પહેલા કોણ? નાનાલાલ અને ટેગોર સમકાલીન, બન્ને પ્રખર કવિ, છતાં એક અત્યંત સફળ અને એક અસફળ કેમ? ગુજરાતીઓએ નાનાલાલને અન્યાય કર્યો ગણાય?

(કલકત્તા) —પી. સી. દવે







ટિકિટસંગ્રહ: ડાબી બાજુ: ગયા માસની ૧૮ અને ૩૧ તારીખે બહાર પડેલી ભારતની બે ખાસ ટપાલટિકિટો. પહેલી 'એશિયાઈ ઉત્પાદકતા વર્ષ (૧૯૭૦) નિમિત્તે અને બીજી વિખ્યાત કેળવણીકાર માદામ મૉન્ટેસ્સોરીના જન્મશતાબ્દી પ્રસંગની છે. જમણી બાજુનું ફર્સ્ટડે કવર ગયા જૂનમાં કોરિયામાં યોજાએલી પી.ઈ.એન.ની ૩૭મી આંતરરાષ્ટ્રીય પરિષદ પ્રસંગનું છે જેના પર સૂચક આલેખન સાથે એ નિમિત્તે બહાર પડેલી ખાસ ટિકિટ છે. (પ્રેષક: ઉમાશંકર જોશી)

સ્મરણને / યોસેફ મૅકવાન

·વસંતતિલકા·

આકાશ આજ ઘનઘોર સમુદ્ર જેવું
હેલે ચડ્યું—કિરણ શી ઋજુ દષ્ટિ સંગે,
વ્હેતો સમીર મધુરો તવ નામ જેવો
આંદોલને ભરી જતો મુજ રિક્તતાને!

ને પૃથ્વીનું હરિત આ સ્મિત ભીનુંભીનું
સ્પર્શી જતું છલકતું મુજ રોમ રોમે,
ને આંગણે પીપળ પાન લસંત તેમાં
રહેરો અચાનક કહી ઝબકંત તારો.

ક્યારેક તો વરસતા વરસાદમાં યે
આ સૂર્ય તો કિરણમાં જલબિંદુ પ્રોવા
ઝૂર્યા કરે–પણ હું તો નીરખું તને ત્યાં
ગાલે કરાંગુલિ ધરી દ્યુતિહાસ્ય સોહી!

આ વર્તમાન પલનો ભૂતકાળ થાશે
આ વિશ્વમાં સ્મરણનેવય જેવું ક્યાં છે?

જીતી ઊભો / ધીરુ પરીખ

·મંદાક્રાંતા·

જીતી, ઊભો ગગનપટ ઘેરી અહીં મધ્યરાત્રે
નાખે નીચે નજર ઘન શો પ્રાક્રમો ન્યાળવાને!

ઝૂકી ઝૂકી તરુવરઘટા ક્લાન્ત હાવાં થઈને
ધીરે ધીરે ટપક ટપકે આખરે સ્વેદબિંદુ;
દાદુરોને રવ બરડ આ મૌન ઘૂંટાય ઘેરું
રાત્રી કેરું; ક્વચિત ફફડી નીડ ત્યાં ચીખતો કૈં
તીણો તીણો હરદટહુકો ભેદતો આભ-સીનો;

લાંબે સાદે રુદન કરતો શ્વાન ઊભો થઈને
બીજે સ્થાને જઈ ઝટકતો કાન, ને નીંદ ફૂંકે.
વારે વારે મરુત ગરજી જાય સૌ ડારવાને,
કિન્તુ એની નવ હજુ તમા હોય એવી કુટીરે
ઊંઆં ઊંઆં જનની-પડખું બોલતું કોક વારે.

પાછો વળ્યો ગડડ કરતો મેઘનો ઘોર નાદ;
આછો સ્પર્શ્યો ઘન મહતને મૌનનો શો ય સાદ!

કવિલોક દ્વિમાસિક વિદ્યાર્થીઓને અર્ધે લવાજમે આપવાની યોજનામાં હજી થોડી સંખ્યા ખાલી છે. પોતે વિદ્યાર્થી હોવાના હાઈ-સ્કૂલ કે કૉલેજના આચાર્યના પ્રમાણપત્ર સાથે ત્રણ રૂપિયા મોકલો. વહેલા તે પહેલા.

એવો તે દી'... / ભાનુપ્રસાદ પંડ્યા

·ગાન·

એવો તે દી' ય કદી ઊગશે...,
વાડીનો મોર સાવ આવી સમીપ લાલ હથેળી ચૂગશે!

હાલતાં હોઈએ ન આખો જનમારો એમ સાત ડગલાંમાં હાલશું!
તારી તો ઠીક, આખા ગામની નવાઈ થઈ શેરીમાં મા'લશું!
આથમતું હોય એવું લાગે પરભાત પછી મધરાત્યું ઊગશે!...એવો તે૦

મોતીએ પ્રોવેલ મારી બધી નવરાશ તારે ટોડલિયે ઝૂલશે!
આંગળીમાં બારેલા રંગોની ભાત તારા ઉંબરમાં ખૂલશે!
પાદરની હેલ્ય ઝાઝા હોઠનાં વખાણ ભરી આંગળિયે પૂગશે!
એવો તે દી' ય કદી ઊગશે...

ભરીભરી સીમ / માધવ રામાનુજ

·ગાન·

વેણમાં સમાય નહિ સીમ હવે ગોફણમાં ભરી ભરી સીમ બધે વેરશું.

સૂગરીના માળામાં જંપ્યું અંધારું ને કલરવનું ઊગ્યું પરભાત,
ગરવા પરભાતિયામાં ભીંજાતી કેડી પર પગરવની મલકાતી વાત,
હૂંફાળી તાપણીએ હુક્કાની ઘૂંટ ભરી શમણાંની સોબત ખંખેરશું...

ફૂંડાના દૂધભર્યા દાણાને ચકલીની ચાંચ બની અડવાના ઓરતા!
સોડમનો કેફ લઈ સે'વાસ ગમે, વાયરામાં ઓળઘોળ થાવાના ઓરતા!
કૈં નૈં તો કોયમોર્ય થોરિયાની વાડ બની લીલુડાં ગોધણને વેરશું,
વેણમાં સમાય નહિ સીમ હવે ગોફણમાં ભરીભરી સીમ બધે વેરશું.

હોય છે / લાભશંકર પી. દવે

·ગઝલ·

આવો ય પણ શું એમનો પ્રબંધ હોય છે?
આવે છે સ્વપ્ન ત્યારે નયન બંધ હોય છે!

થાયે નહિ એવું મિલન એવું કંઈ નથી,
પણ બોલવાનો ત્યારે પ્રતિબંધ હોય છે.

એવું નથી કે ફૂલ વિના એ અશક્ય છે,
સૂંઘી શકો તો ધૂળ ક્યાં નિર્ગંધ હોય છે!

જે ક્યાં ય ના બંધાય તે બંધાઈ જાય છે,
ને આમ જો જુઓ તો એ નિર્બંધ હોય છે.

દર્પણના કેટકેટલા કટકા થઈ ગયા!
ને તો ય પ્રતિબિંબ તો અકબંધ હોય છે.

ક્લાંત / આઝમ કરીમી

·ગઝલ·

ક્યારેક એવું મૌન મને સંભળાય છે,
હું બોલતો નથી અને બોલી જવાય છે.

ચાલો કે આજ ચારે દિશાઓ સમેટીએ,
શું રોજ રોજ આટલા ગાંડા બનાય છે?

કાલે હસીહસીને સહ્યા ઘાવ મૃત્યુના,
આજે તો શ્વાસશ્વાસથી લાજી મરાય છે!

ઘરની ક્લાંત બારીઓ કણસે છે રાતદિન;
એ આવશે નહિ જ, નજર છેતરાય છે.

ધ્યાન

ફાધર વાલેસ

'ધ્યાન' શબ્દની હજી આબરૂ છે—તે ચલણી નાણામાં ખપી ગયો છે તોપણ.

રોજ એનો ઉપયોગ થાય છે. 'ધ્યાન આપો', 'ધ્યાન ખેંચ્યું', 'ધ્યાનમાં લો', 'ધ્યાન બહાર ગયું' એવા નિત્ય વ્યવહારના પ્રયોગો થાય છે. છતાં એ હળવી વપરાશની વચ્ચે ય 'ધ્યાન' શબ્દે પોતાનો કુળધર્મ સાચવ્યો છે, પોતાની પ્રતિષ્ઠા જાળવી છે. તે અધ્યાત્મના વંશનો છે. સાધનાના ગોત્રનો છે. તે ચિંતન, મનન, યોગનો પર્યાય છે. 'ધ્યાન ધરવું' એ તેનો અસલ ને ઉમદા પ્રયોગ છે. એ ઉપરથી જ એના બીજા બધા અર્થ ને ઉપયોગ યોજાયા છે.

પણ એના એ રોજના ઉપયોગ કરતી વખતે એનો મૂળ અર્થ ને સાચું રૂપ આપણે ભૂલવાં ન જોઈએ. ધર્મની સાધનામાં જે 'ધ્યાન' છે એ ઉપરથી જીવનની રોજની સાધનાનાં બીજાં બધાં ધ્યાન આવે છે. જીવનની કલા ધર્મમાં છે, એનો આ શબ્દકોશનો જ એકરાર છે.

ધ્યાન તો બધા કરે છે. વ્યાપારી બજાર અને ઘરાકીનો ખ્યાલ કરે, માલ ને ભાવની ગણતરી કરે; અને ક્યારે કેટલું સાહસ ખેડવું એનો વિચાર ને યોજના કરે ત્યારે તે ધ્યાન કરે છે. વિદ્યાર્થી વાંચવા બેસે, ભણવાના વિષયો અને બાકી રહેલા દિવસોનો હિસાબ કરે, દિવસરાત પાઠ્યપુસ્તકોમાંથી ઊંચો ન આવે ત્યારે ધ્યાન કરે છે. રાજકારણી મતવિભાગનો અભ્યાસ કરે પરિસ્થિતિ ને સંજોગો તપાસે, ચૂંટણી-ઝુંબેશની તૈયારી કરે ત્યારે ધ્યાન જ કરે છે: એકાગ્રતાથી ને એકનિષ્ઠાથી ને સંયમથી ધ્યાન કરે છે. ઇષ્ટદેવ જુદા જુદા, પણ ધ્યાન એક જ. પૈસા માટે કરે છે, પરીક્ષા માટે કરે છે. સત્તા માટે કરે છે. પણ બધા કરે જ છે. તો આપણે પેલું સાચું 'ધ્યાન' હવે ન કરીએ? તેઓ જે ભૌતિક લાભ માટે કરે છે તે આપણે આત્મના કલ્યાણ, જીવનની ઉન્નતિ, ધર્મની સાધના માટે ન કરીએ? રીત એ જ છે. વિચાર, મંથન, યોજના, પણ ઇષ્ટદેવ સાક્ષાત્ પરમેશ્વર છે. એનું નામ ધ્યાન.

દેહ સંયમી આસનમાં ગોઠવાય, ઇંદ્રિયો સંકેલાય, મન અંતર્મુખ થાય, દિલમાં શાંતિનો સંચાર થાય. એક સુવિચાર સૂઝે, એક સુવાક્ય યાદ આવે, હૃદયવીણાના તાર છેડાય ને મનડાના મંદિરમાં ભજનના સૂર રણકે:

'મહાપ્રભુજી મનોહરને,
ઉરે પધરાવશો ક્યારે?
પતિતપાવન પ્રભુચરણે,
જીવન ઉર ધારશો ક્યારે?
નીતિ-તપ-જ્ઞાન-વૈરાગ્યે,
મલિનતા ખાળશો ક્યારે?
વિષય ને વાસના વૃક્ષો,
સમૂળાં બાળશો ક્યારે?
પ્રભુની પ્રેમભક્તિના,
નશામાં નાચશો ક્યારે?
બધે જગનાથની મૂર્તિ,
નિહાળી રાચશો ક્યારે?
સમય આ જાય છે વલ્લભ,
જીવન સુધારશો ક્યારે?
હૃદયથી પ્રેમના નાદે,
પ્રભુ પોકારશો ક્યારે?'

અને હૃદય ખરેખર પોકારી ઊઠે છે, પ્રેમના નાદે એ મહાપ્રભુ મનોહરને બોલાવે છે, ઉરના ગર્ભદ્વારમાં એનું સ્વાગત કરે છે. ભક્તિના નશામાં એની આગળ નાચે છે, દઢ નિશ્ચયથી આખું જીવન એના પવિત્ર ચરણે ધરે છે. એ ઉદ્‌ગારો મનમાં ઘોળાયા કરે છે. એ પંક્તિઓ ફરી ફરીથી બોલાય એનું માધુર્ય ફરીફરી અનુભવાય. ભલે ગાયકનો કંઠ ન હોય, કવિનું કૌશલ ન હોય, પણ એ વિચારો મનમાં ઊતરે, એ ભાવના દિલને સ્પર્શે, એ સંકલ્પથી જીવ ધન્ય થાય, અને એ પુણ્યસિંચનથી આત્માની હરિયાળી ખીલી ઊઠે.

સરળ સાધના છે. સહજ ભક્તિ છે. ઉત્કૃષ્ટ ધ્યાન છે. થોડોક સમય માગે છે. ઊંડું જ્ઞાન કે લાંબી તૈયારી માગતું નથી. ભારે તપ કે વિશેષ લાયકાત માગતું નથી. રોજ થઈ શકે. થવું જોઈએ, પ્રાતઃકાળના મુહૂર્તમાં થવું જોઈએ. અને રોજની એ થોડી બડભાગી મિનિટથી આખો દિવસ પછી પાવન બને. એના સ્મરણથી વિષય ને વાસના દબાય, એનાં વૃક્ષો સમૂળાં ઉખેડાય, નીતિ પળાય, દાન અપાય, તપ સ્વીકારાય, વૈરાગ્ય અપનાવાય, હૃદયની મલિનતા ધોવાઈ જાય, અને બધે જ જગન્નાથની એ મંગલ મૂર્તિ નજર સામે દેખાય. સવારે એનાં દર્શન હતાં તો એનું રૂપ કેમ ભુલાય? એનો અવાજ સાંભળ્યો હતો તો એનો રણકો કેમ વિલાય? એનું ધ્યાન ધર્યું હતું તો એના સંસ્કારો કેમ ભૂંસાય? કામ કરતાં કરતાં ભજનની પંક્તિઓ યાદ આવે, રસ્તે ચાલતાં ચાલતાં ધ્યાનનાં સૂત્રો નજર સામે આવે, ને એ ફરીથી બોલી બોલીને, વાગોળી વાગોળીને આપોઆપ સ્થિર થવાય, ને દિલના ભાવ ઠેકાણે આવે, ને પ્રભુ ખરેખર બધે જ દેખાય. સવારે ધ્યાનના ક્યારામાં વાવેલું એ ભક્તિનું બીજ આખો દિવસ નીતિધર્મનાં મીઠાં ફળ આપતું રહેશે.

આપણા સાહિત્યમાં એટલાં બધાં ને એવાં ઉત્કૃષ્ટ ભક્તિરત્નો પડેલાં છે કે રોજ રોજ એક વીણીને ઊપડીએ તો જન્મારાના બધા દહાડા સુધરે! ગીતાજીનો એક શ્લોક કે મીરાંબાઈનો એક ઉદ્‌ગાર હૃદયને વશ કરવા ને આખો દિવસ ઉન્મુખ ને ધર્મમસ્ત રાખવા પૂરતો છે.

સવારે દેહપ્રસાધન કરતી વખતે કન્યા પોતાના લાંબા શ્યામ વાળમાં સુગંધી તેલ નાખે છે, અને તે ઓળ્યા બાંધ્યા પછી વચ્ચે મોગરાનું ફૂલ ખોસે છે. આખો દિવસ તે એની પાસે રહે છે. પછી એ જ્યાં જાય ત્યાં એની સાથે એ સુગંધ ને એ હવામંડળ જાય, મોગરાનું એ હસમુખું ફૂલ જાય અને તાજગી ને સુવાસ ને સૌંદર્યનું વાતાવરણ ફેલાવે. આપણે પણ મલિન સંસારમાં રહેવાનું છે, વાસ મારતી દુનિયામાં જીવવાનું છે; માટે રોજ એમાં ઊતરતાં પહેલાં માથામાં જરા તેલ નાખીએ, મોગરાનું એકાદ ફૂલ સાથે લઈએ જેથી એની સુગંધ ફેલાય, એની તાજગી લાગે, એની પવિત્રતા બધાંને આકર્ષે અને આપણું રક્ષણ કરે. રોજનો એ પ્રસાદ છે. જલદી ન કરમાય એવું ફૂલ ચૂંટવા, જલદી ન ઓગળે એવી સુગંધ લેવા, જલદી ન ભૂલાય એવો મંત્ર મન પર ઠસાવવા સવારનું એ ધ્યાન, આત્માનું એ પ્રસાધન આવશ્યક છે. રોજ એવો શણગાર કરે એ કન્યા ધન્ય છે.

આપણે ઘણી ફરિયાદ કરીએ છીએ કે દુનિયામાં હવે ધર્મ નથી, ખુદ પોતા વિશે જ ચિંતા કરીને કબૂલ કરીએ છીએ કે માણસમાં હવે શ્રદ્ધા ઓછી થઈ ગઈ છે; હતી તેવી તો રહી નથી.

ઝાડને એક દિવસ પાણી ન પાયું; કંઈ નહિ. એ ચલાવી લેશે. બે દિવસ ન પાયું; ભલે. પણ દિવસો સુધી ન પાશો તો એ સુકાઈ જશે. લીલું ઝાડ સૂકું લાકડું થઈ જશે ને પડી જશે. કારણ કે પાણી વિના ઝાડ જીવી શકતું નથી.

એક દિવસ ઉપવાસ કર્યો; દેહને વાંધો નથી. બે દિવસ કર્યો. ચાલશે. પણ દિવસો સુધી ઉપવાસ ખેંચાય, દેહને ખોરાક ન મળે તો એ સુકાઈ જશે અને મરી જશે. ખોરાક વિના દેહ જીવી શકતો નથી.

શ્રદ્ધા પણ જીવતી વસ્તુ છે. ધર્મ તો ચેતના છે. એને પણ સિંચનની, પોષણની જરૂર છે. અને એ સિંચન ને પોષણ એને રોજના ધ્યાનમાંથી મળે છે. ધ્યાન એ જીવનરસ ચૂસી લે છે, પચાવે છે, અંગેઅંગમાં પહોંચાડે છે, ધર્મના વૃક્ષને જીવતું ને ઊગતું રાખે છે.

એ સરળ, વ્યવહારુ ઘરગથ્થુ ધ્યાન મન ને હૃદયને રોજ ભરી દે છે, ધર્મમાં પ્રાણ પૂરે છે, શ્રદ્ધા અખંડ રાખે છે, ભક્તિને પાંખો આવે છે.

ધ્યાન જ સાધનાનું જીવન છે. □

૩૩૭ ('કુમાર' અંક ૫૬૧)

લેખક · પુષ્કરભાઇ ગોકાણી

સર ફિરોઝશાહ મહેતા

લંડનમાં એક સભા ભરાઈ છે. લૉર્ડ મૅકૉલે જેવા પ્રખર કેળવણીકાર, ગ્લૅડસ્ટન જેવા મહાન રાજનીતિજ્ઞ, વ્યોમેશચંદ્ર બૅનરજી અને દાદાભાઈ નવરોજી જેવા દેશભક્તો અને બીજા હિંદી તેમજ અંગ્રેજ વિદ્વાનોની હાજરીમાં વીસેક વર્ષનો એક પારસી યુવાન અંગ્રેજોની હિંદુસ્તાનમાંની કેળવણીપ્રથાને સાવકી માના વ્હાલ સાથે સરખાવી શિક્ષણનાં મૂળ તત્ત્વોની બેધડક છણાવટ કરી રહ્યો છે.

'કેળવણીનો સાચો હેતુ શો? જો આ પ્રશ્ન ઇંગ્લૅન્ડ, ફ્રાંસ કે જર્મનીની પ્રજા માટે હોત તો જવાબમાં તુરત કહેવાયું હોત કે દરેક વર્ગ અને વર્ણનો માનવી, જાત કોમ કે ધર્મના ભેદભાવ વિના દરેક પ્રકારની સામાજિક અને રાજકીય ફરજો, પોતાના જીવનની દરેક સ્થિતિમાં સર્વ પ્રકારે અનુકૂળ બની બજાવી શકે, તેવી પ્રેરણા આપવાનું કામ સાચી કેળવણીનું છે. આ કેળવણી માટે જેટલો ખર્ચ કરીએ તેટલો ઓછો છે. પણ હિંદુસ્તાનમાં શું થઈ રહ્યું છે? સાધારણ વાચન-લેખન અને પ્રાથમિક હિસાબોનું જ્ઞાન આપવાને 'ભણતર' ગણવામાં આવ્યું છે. આ કેળવણીને પણ હિન્દી સખાવતી ટ્રસ્ટો ઉપર જ મુખ્યત્વે આધારિત રાખવાનો પ્રયત્ન થયો છે. સરકાર શું કેવળ નામની જ ગ્રાંટ આપીને, ઇંગ્લૅન્ડની પ્રજા જેવું શિક્ષણ લઈ રહી છે તેવું, દેશદાઝ અને સ્વાભિમાનના પાઠો ભણાવતું શિક્ષણ હિન્દીઓને આપી શકશે? તેઓ સમાજમાં પોતાનું સ્થાન ગૌરવભરી રીતે લઈ શકે, સ્વમાનથી રોજી-રોટી કમાઇ શકે, અને દેશને ઉપયોગી બની શકે તે માટેનું શિક્ષણ આટલી નાની ગ્રાન્ટો દ્વારા શું શક્ય છે?'

ઇસ્ટ ઇન્ડિયા ઍસોસીએશનના નેજા હેઠળ ભરાએલી એ સભામાં બોલનાર છે ફિરોઝશાહ મહેતા—જે દેશપ્રેમી, નીડર, બાહોશ, ધારાશાસ્ત્રીને લોકોએ પ્રેમના ઉમળકાથી 'મુંબઈના બેતાજ બાદશાહ'નું બિરુદ આપ્યું હતું. હિંદીઓમાં સ્વતંત્રતાની ઝંખના જાગે તેવા શિક્ષણની માગણી માટે નીડરતાથી રજૂઆત કરનાર એ સર ફિરોઝશાહ મહેતાએ એ જ ઍસોસીએશનની મુંબાઇ શાખામાં આ પછી ચાર વર્ષે ૧૮૫૪માં ગ્રાન્ટ-ઇન-એઇડ કોડની પણ સખત શબ્દોમાં ઝાટકણી કાઢેલી. સખાવતી ટ્રસ્ટોની અતિશયોક્તિભરી કાલ્પનિક આવક અને નામની જ ગ્રાન્ટ ઉપર કેળવણી સંસ્થાઓને સ્વાશ્રયી બનવાનાં ખ્વાબ દેખાડનારાઓ, લોકમતને આવી રીતે જાગૃત થએલો જોઈ મૂંઝવણમાં મુકાઈ ગએલી.

મુંબાઈ મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં ૪૦થી યે વધુ વર્ષ સેવા આપનાર એ સુપ્રસિદ્ધ દેશભક્ત સર ફિરોઝશાહ મહેતાનો જન્મ આજથી સવા સો વર્ષ પહેલાં ઈ. ૧૮૪૫ની ચોથી ઑગસ્ટે મુંબાઇમાં એક મધ્યમ વર્ગના પારસી કુટુંબમાં થયો હતો. તેમના પિતા મેરવાનજી 'મેસર્સ કામા ઍન્ડ કંપની' નામની એક સાધારણ પેઢીમાં ભાગીદાર હતા. એ પેઢીએ પ્રથમ હૉંગકૉંગ ને પછીથી લંડનમાં વેપાર કર્યો હતો. હિંદના દાદા દાદાભાઇ નવરોજી પણ ઈ. ૧૮૯૨ સુધી આ પેઢીમાં ભાગીદાર રહ્યા હતા.

એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટમાં અભ્યાસ કરી ૧૮૬૪માં બી. એ. થઇને ફિરોઝશાહે છ જ માસના ટૂંકા ગાળામાં (પારસી કોમમાં સૌપ્રથમ) એમ. એ.ની પરીક્ષા માન સાથે પસાર કરી, ને તે જ કૉલેજમાં ફેલો નિમાયા. તેમની તીવ્ર બુદ્ધિપ્રતિભા જોઈ એલ્ફિન્સ્ટન કૉલેજના પ્રિન્સિપલ સર ઍલેક્ઝાંડર ગ્રાંટે તેમને રુસ્તમજી જમશેદજી જીજીભાઈ ફેલોશિપની મદદ [illegible]રા લંડન જઈ બૅરિસ્ટર થવાની પ્રેરણા આપી. પણ તેમના સ્વાભિમાની પિતાએ તે ફેલોશિપની સહાયને નમ્રતાપૂર્વક પાછી વાળીને જાતે અડચણો વહોરીને પુત્રને પોત[illegible]ના ખર્ચે લંડન મોકલ્યો. ત્યાં ફિરોઝશાહ ત્રણ વરસ કાયદાનો અભ્યાસ [illegible]રી ઝળકતી ફતેહ મેળવી. પારસી કોમમાં



નાગરિક સ્વાતંત્ર્યના પ્રણેતા · મુંબાઈ મ્યુનિસિપાલિટીના પિતા અને આજન્મ ઓજસ્વી નેતા
જેમની સવાસોમી જયંતી આ વર્ષે આવી

સૌ પ્રથમ બૅરિસ્ટર પણ થયા. ત્યાં તે વ્યોમેશચંદ્ર બૅનરજી તથા દાદાભાઈ નવરોજીના નિકટ પરિચયમાં આવ્યા. દાદાભાઈને તો એમણે પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યા હતા. એ બંને મહાનુભાવોના સાથ મેળવી ફિરોઝશાહે લંડનમાં 'લિટરરી સોસાએટી'ની સ્થાપના કરી, જે આગળ જતાં 'ઇસ્ટ ઇંડિયા ઍસોસીએશન'માં પરિણમી. આ ઍસોસીએશન અને 'ઇંડિયન સોસાએટી'માં તે વારંવાર હિન્દ વિષયક રજૂઆત કરતા; અને તે રીતે ઇંગ્લંડમાં ભારતની તરફેણમાં સ્વસ્થ જનમત ઊભો કરવાનું એક મહત્ત્વનું રચનાત્મક કાર્ય તેમણે ત્યાંના વસવાટ દરમિયાન કર્યું હતું.

ઈ. ૧૮૬૮માં તેઓ સ્વદેશ પાછા ફર્યા. મુંબાઈને કિનારે પગ મૂકતાં જ એમને ખબર મળ્યા કે પોતાના પ્રેરણાદાયી પ્રિન્સિપલ ગ્રાન્ટને વિદાયમાન આપવાનો એક સમારંભ થઈ રહ્યો છે. બંદર ઉપરથી ઘેર ન જતાં સીધા જ તેઓ એ સભામાં પહોંચી ગયા. ગુરુભક્તિનું આવું ઉદાહરણ આજે તો ભાગ્યે જ જોવા મળે. એ સભામાં, હિંદી મંચ ઉપરથી એમણે પહેલું જ વ્યાખ્યાન આપ્યું. લોકો પણ ઉમંગમાં આવી ગયા અને એમને હસ્તે જ પ્રિન્સિપલ ગ્રાંટનું બહુમાન કરાવ્યું. લોકમેદનીના આવા ઉત્સાહને દેશહિતાર્થે વાળવાનો એમને એ સભામાં જ વિચાર સ્ફૂર્યો.

પહેલેથી જ શિક્ષણના પ્રખર હિમાયતી ફિરોઝશાહે લંડનમાં શરૂ કરેલી એ પ્રવૃત્તિ દેશમાં આવીને પણ જારી રાખી, વર્ષોની મહેનત પછી ઇ. ૧૮૯૨માં પૂનાની પ્રાંતીય પરિષદ યોજાઈ ત્યારે તેના પ્રમુખ તરીકે



સર ફિરોઝશાહની પ્રતિભાને જનહિત અને દેશભક્તિનો ઓપ આપનાર (ડાબીબાજુ) મહાનુભાવ દાદાભાઈ નવરોજી અને ઊનરજી વ્યોમેશચંદ્ર

એમણે આ અંગે એક જબરદસ્ત વાવંટોળ જગાડયો, જેના પરિણામે હિન્દમાં ઉચ્ચ શિક્ષણની સવલતો વધી.

સ્વદેશ પાછા ફર્યા પછી એમણે બૅરિસ્ટર તરીકે વ્યવસાયનો આરંભ કર્યો અને પારસી અગિયારીના હુલ્લડ કેસમાં, સૂરત રાયટ કેસમાં તેમજ ખંભાતવાળા મિ૰ વિલ્સનના કેસમાં તેમણે બતાવેલી કુશળતા અને તીવ્ર બુદ્ધિને કારણે થોડા જ વખતમાં તેઓ મુંબાઈના પ્રથમ પંક્તિના ધારાશાસ્ત્રી તરીકે પંકાઈ ગયા. આ પરથી દેશી રાજ્યોના હકદાવા સંબંધી અપીલો ઘડવાનું કામ પણ એમને મળવા લાગ્યું. એ કામમાં પણ એમણે સારી પ્રતિષ્ઠા અને પુષ્કળ પૈસો મેળવ્યાં. તેમની આ નામના સાંભળી ઈ. ૧૮૯૩માં જૂનાગઢ રાજ્યે એમને પોતાના જ્યુડિશીઅલ કાઉન્સિલર બનાવ્યા. એ હોદ્દાનાં બે વર્ષ દરમ્યાન તેમણે રાજ્યના ન્યાય ખાતામાં સ્વચ્છતા આણીને ચારિત્ર્યને ઊંચું લઈ જનારા અનેક સુધારાઓ કર્યા. પરિણામે પ્રસન્ન થઈ રાજ્યે એમને વિદાયમાન આપ્યું ત્યારે તે સમયે પાંચ હજારની કિંમતનું કાસ્કેટ ભેટ આપ્યું હતું.

ભાગલા પાડી રાજ કરવાની નીતિ પ્રમાણે અંગ્રેજ સરકારે મુસલમાનો અને અન્ય ઍંગ્લો ઇંડિયન પ્રજાને ખાસ હક્કો ત્યારે આપ્યા હતા. એ રીતે વિશિષ્ટ કોમી અધિકારો મેળવવા પારસી કોમના કેટલાક પ્રતિષ્ઠિત મિત્રોએ એકઠા થઈ, ફિરોઝશાહ મહેતા પાસે તે અંગે ઝુંબેશ ચલાવવા માગણી મૂકી. સરકારી તંત્રમાં ખાસ બેઠકો, મતાધિકારમાં છૂટછાંટો, કરવેરામાં રાહત વગેરે ઘણી સવલતો તે દ્વારા મળી શકતી હતી. પણ ફિરોઝશાહે આ વાત ઊગતાં જ ડામી દીધી: 'બાર સો વરસથી હિંદુસ્તાનમાં આવીને રહ્યા પછી યે જો આપણે તેઓમાંના એક ન બની શકીએ તો તે બહુ જ શરમજનક વાત કહેવાય. આવું સંકુચિત વલણ આપણને શોભે નહિ. આ કોમને જે દેશે વસાવ્યા છે તે દેશની તો જેટલી સેવા કરીએ તેટલી ઓછી છે.' પણ અંગ્રેજોએ આવા અધિકારોની બાબતને ઘણું ઉત્તેજન આપવા માંડયું તથા ખાસ કાયદો ઘડવાની તૈયારી બતાવી, ત્યારે ફિરોઝશાહ કોપી ઊઠયા: 'આ કાર્ય સ્વાર્થી અને સંકુચિત મનોવૃત્તિ બતાવે છે. આવી મૂર્ખતા કરી આપણે આપણા પૂર્વજોના નામને પાણીમાં બોળીશું. હિન્દ આજે આપણને ઉદારમતવાદી, દેશ માટે ઝઝૂમી જનાર, ખેલદિલ પ્રજા તરીકે જાણે છે. જો હકના આ ઝઘડામાં પડીશું તો આપણે આપણી એ પ્રતિષ્ઠા તો ખોઈશું જ, પણ સાથોસાથ દેશમાં ગુલામીનાં મૂળ ઊંડાં ઉતારીશું: અંગ્રેજોની ભેદનીતિ-રીતિના હાથા બનવા કરતાં તો આપણા હિંદી ભાઈઓ સાથે હાથ મિલાવી અરધો રોટલો ખાવો બહેતર છે.' આજના સંકુચિત પ્રાંતીયવાદ અને સત્તાલોલુપતાની સરખામણીમાં કેવો ભવ્ય ને ઉદાત્ત ખયાલ!

ઇ. ૧૮૭૦માં હિંદી પ્રશ્નોને અમર્યાદ સમય સુધી મુલતવી રાખવાની સત્તા આપનાર અને અંદરોઅંદર ભેદભાવ ઊભો કરનાર એક 'ઇસ્ટ ઇંડિયા બિલ' આવ્યું હતું. એક ફક્ત ફિરોઝશાહની યશસ્વી કામગીરી ને એમણે જગાડેલા પ્રચંડ લોકમતને કારણે જ તેનો અમલ થઈ શકેલો નહિ.

ઈ. ૧૮૭૭માં મુંબાઈના ગવર્નર સર રૅમન્ડ વેસ્ટે શહેરના ટાઉન હૉલમાં એક જાહેર સભા યોજી હતી. તેમાં મુંબાઈની સલામતી માટે ફક્ત યુરોપીઅન નિવાસીઓનું એક સ્વયંસેવક દળ રચવાની ચર્ચાવિચારણા અને નિર્ણયો લેવાયા. ફિરોઝશાહ તેની સામે ઊકળી ઊઠ્યા. એમણે ઊભા થઈ જણાવ્યું કે 'સમસ્ત મુંબાઈની પ્રજાની જાહેર સભામાં ફક્ત યુરોપીઅનો દ્વારા સ્વયંસેવક દળ રચવાનો નિર્ણય લેવાય તે લાજિમ નથી. સ્વયંસેવક દળની પ્રશંસનીય કામગીરી ને આદર્શો માટે મારે કંઈ કહેવાપણું નથી, પણ સમસ્ત મુંબાઈની પ્રજાને અત્રે બોલાવી, તેમને બકાત રાખી, આવો નિર્ણય લેવાય તેને હું અમારા સૌનું અપમાન ગણું છું; અને હિંદી સ્વયંસેવક દળ રચવાની માગણી કરું છું.' શાસનકર્તાઓ મૂંઝવણમાં મુકાઇ ગયા. ફિરોઝશાહની વાત બિનજરૂર તો નહોતી જ. તેઓએ ભૂલ સુધારી કે સભાના જાહેરનામામાં 'યુરોપીઅન નિવાસીઓ માટે' આ શબ્દો ભૂલમાં છાપવા રહી ગયા હતા તેથી આ સૌ અત્રે આવ્યા અને ગેરસમજ થઈ છે. પણ તે ઘણું મોડું હતું.

ઈ.૧૮૭૧માં મ્યુનિસિપલ કમિશનર તરીકે સર આર્થર ક્રાફર્ડ આવેલા. હજી હમણાં સુધી મુંબાઇની મોટામાં મોટી શાક મારકેટ એમના નામે ઓળખાતી. આ મિ. ક્રાફર્ડે મુંબાઈ શહેરને બીજું પારી(સ) બનાવી દેવા ચારે તરફ મોટાં બાંધકામો અને સુધારાઓ કરવા માંડયા. મ્યુનિસિપાલિટીની સિલિક બધી ખરચાઈ ગઈ, એટલું જ નહિ પણ મોટું કરજ કરવાનો વખત આવ્યો. તે વખતે મ્યુનિસિપાલિટીનો વહીવટ જે. પી. ઓના હાથમાં હતો. તેમણે ચેતવવા છતાં ક્રાફર્ડે કથળેલી આર્થિક સ્થિતિ તરફ લક્ષ આપ્યું નહિ અને ઊલટું પ્રજા ઉપર કરવેરા વધાર્યા. તેની આ જહાંગીરી અને ખર્ચાળ રીતથી અકળાઇ ફિરોઝશાહે તેમની સામે પગલાં ભરવાં ઠેરઠેર સભાઓ યોજી લોકોને જે જાગૃત કર્યા એ પરથી પ્રજાને સૌપ્રથમ પોતાની તાકાતનો પરિચય થયો. ક્રાફર્ડને રાજીનામું આપવાની ફરજ પડી એટલું જ નહિ, પણ મુંબાઇ શહેર માટે મ્યુનિસિપલ કૉર્પોરેશન રચવાની વિસ્તૃત યોજના ઘડાઈ અને સરકારને તેનો કાયદો ઘડવો પડ્યો (૧૮૭૨). ફિરોઝશાહ મહેતા ૨૭ વર્ષની નાની ઉંમરે તેના પ્રથમ પ્રમુખ નિમાયા. એ હોદ્દા પરથી એમણે કરેલા સુધારાઓની કદર કરી પ્રજાએ ફરી એમને કૉર્પોરેશનના પ્રમુખ તરીકે ચૂંટી કાઢ્યા.

ઈ ૧૮૮૬માં મુંબાઈના ગવર્નર લૉર્ડ રેએ, ફિરોઝશાહ મહેતાને લેજિસ્લેટિવ કાઉન્સિલ (વિધાન પરિષદ—ઉપલી ધારાસભા)માં નીમ્યા. ત્યાં એમણે મ્યુનિસિપલ ઍક્ટમાં કરાવેલા અનેક સુધારાઓ ને પરિણામે નાગરિકોને વધારે ને વધારે સ્વાતંત્ર્ય બક્ષવામાં આવ્યું. આ કાયદાને આધારે બીજાં શહેરોને પણ એવા જ નાગરિક અધિકારો મળ્યા.

ઈ. ૧૮૯૩માં ગવર્નરે ધારાસભામાં ફરી એમની સેવાઓ માગી પણ પ્રજાની સેવાઓ માટે વખત કાઢવા એમણે તે નમ્રતાથી નકારી અને ફરી તેઓ પોતાના મૂળ હોદ્દા ઉપર ચૂંટાયા. એ પ્રસંગે કલકત્તા, મદ્રાસ વગેરે સ્થળોએ એમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

ઈ. ૧૮૯૪માં વાઇસરૉયની કાઉન્સિલે એમની સેવાઓ માગી જેને છેવટે એમણે સ્વીકારી. એ સ્થાનેથી એમણે અંદાજપત્રની આકરી આલોચના કરી અને પોલીસ બિલમાં પણ ઘણા સુધારા સૂચવ્યા, જે આજે પણ અમલમાં છે. ફિરોઝશાહની આવી હિંમતભરી અને પ્રચંડ વગવાળી સ્થિતિ અને એમનું વર્ચસ્વ તોડવા ઇ. ૧૯૦૭માં સરકારે એક છૂપી

મંડળી (કૉકસ) ઊભી કરી અને તેના દ્વારા જે. પી. મતદાર વિભાગમાં ફિરોઝશાહને ચૂંટણીમાં હરાવ્યા. કૉર્પોરેશન અને મુંબાઈની સમસ્ત પ્રજામાં આથી હાહાકાર વ્યાપી ગયો. ફિરોઝશાહે મહમદઅલી ઝીણા મારફત આ સામે અપીલ કરી, જેમાં ફિરોઝશાહના માર્ગદર્શન હેઠળ ઝીણા પ્રથમ વાર પ્રકાશમાં આવ્યા. કોર્ટમાં ચૂંટણીની ગેરરીતિઓની નાલેશીભરી કડક ટીકા થઈ અને સરકારે ભીનું સંકેલવા એક જે.પી. દ્વારા જગ્યા ખાલી કરાવી ફિરોઝશાહને ચૂંટાએલા જાહેર કર્યા. પણ આમ શહેર સુધરાઇનાં કાર્યોમાં રચ્યાપચ્યા રહેતા ફિરોઝશાહ હિંદના અન્ય પ્રશ્નો તરફ બેધ્યાન નહોતા. તે માટે એમણે 'બૉમ્બે પ્રેસિડેન્સી એસોસીએશન'ને સજાગ બનાવ્યું અને મૃત્યુ પર્યંત તેના પ્રમુખ રહ્યા. આ સંસ્થા દ્વારા એમણે પ્રખ્યાત ઇલબર્ટ બિલ, વર્નાક્યુલર પ્રેસનો કાયદો તથા મહાત્માજીની દક્ષિણ આફ્રિકાની લડતને મોટો ટેકો આપ્યો હતો.

સ્વદેશીની ચળવળના યે તેઓ એક આદ્ય પ્રણેતા હતા. શરૂઆતમાં તેમણે પોતે સાબુની એક ફૅક્ટરી નાખી હતી. એ સાહસમાં જોકે તેઓ નિષ્ફળ ગયા હતા, તેમ છતાં સ્વદેશી તરફનો તેમનો પ્રેમ જરા યે ઘટ્યો નહોતો.

ઇ. ૧૯૧૨-'૧૩માં સરકારે 'ટાઇમ્સ ઑવ ઇન્ડિયા'માં ખોટા ટીકાપ્રહારો કરી ફિરોઝશાહની સામે પ્રચાર શરૂ કર્યો. પણ પોતાના લાડીલા નેતાની નાલેશી પ્રજાએ સાંખી નહિ અને ટાઇમ્સના તંત્રી ફ્રેઝરને પાછા જવું પડ્યું. આ પ્રસંગે લોકલાગણી એકાદ સ્વતંત્ર પત્ર શરૂ કરવા તરફ ઝૂકી અને ફિરોઝશાહે 'બૉમ્બે ક્રૉનિકલ' જેવા ઉચ્ચ અને તટસ્થ વર્તમાનપત્રની સ્થાપના કરી. એ જ 'ટાઇમ્સ ઑવ ઇન્ડિયા'એ ફિરોઝશાહ મહેતાના અવસાન સમયે જે ભાવભરી અંજલિ આપી હતી, તેવી ક્વચ બીજા કોઈએ આપી નહિ હોય.

હિન્દી રાષ્ટ્રીય કૉંગ્રેસના પણ તેઓ પ્રખર હિમાયતી હતા. ઇ. ૧૮૮૫માં ગોકળદાસ તેજપાળ સંસ્કૃત પાઠશાળાના હૉલમાં ઇન્ડિયન નેશનલ યૂનિયનના નામે પહેલી કૉંગ્રેસ ભરાઈ ત્યારે ત્યાં મુંબાઈ પ્રાંતના પ્રતિનિધિ તરીકે કૉંગ્રેસના બંધારણનું માળખું તૈયાર કરવામાં એમણે આપેલો ફાળો નોંધપાત્ર છે. ત્યાર પછી યે પોતે જીવ્યા ત્યાં સુધીમાં યોજાએલી ઓગણત્રીસ બેઠકોમાંથી સત્તાવીસ બેઠકોમાં એમણે હાજરી આપી હતી. નાગરિક સ્વાતંત્ર્ય અને દેશની પ્રગતિ તેમજ મુક્તિ માટે એમણે જે સાચી નેતાગીરી અને માર્ગદર્શન આપ્યાં હતાં તે કદી ભુલાશે નહિ.

પહેલી જ બેઠકમાં તેમણે, સરકાર બ્રહ્મદેશને ખાલસા કરીને તેનો આર્થિક બોજો ભારત પર નાખતી હતી તેનો પ્રબળ વિરોધ કર્યો, જેનો પડઘો છેક લંડનમાં આમની સભામાં પડેલો ને પરિણામે હિંદી પ્રજા અસહ્ય કરના બોજામાંથી ઊગરી ગઈ. ઈ. ૧૮૮૯માં મુંબાઇમાં પાંચમી રાષ્ટ્રીય કૉંગ્રેસ બોલાવીને એમણે સ્વાગત પ્રમુખ તરીકેની જવાબદારી ઉઠાવેલી. તે સમયે તેમણે વડી અને પ્રાંતિક ધારાસભામાં વધારે પ્રતિનિધિત્વની માગણી કરતો ઠરાવ તેમજ ૨૧ વર્ષની ઉંમરના દરેક જણને મતાધિકાર મળે તે માટેનો ઠરાવ રજૂ કરી, મિલ્કત, ભણતર, જાતિ, કોમ કે ધર્મના ભેદભાવ વિના સમગ્ર પ્રજા સમાન હક્કથી રાજ્ય ચલાવે તેવી ખુલંદ માગણી સરકાર પાસ મૂકી. કૉંગ્રેસના ઇતિહાસમાં એ પહેલો જ મોટામાં મોટો બનાવ હતો. અને પરિણામે ઇ. ૧૮૯૦માં કલકત્તામાં ભરાએલી છઠ્ઠી કૉંગ્રેસ માટે તેઓ પ્રમુખ તરીકે ચૂંટાયા. એ સમયનું એમનું પ્રવચન એમના જીવનનો સાચો પડઘો પાડે છે. તેમણે કહેલું:

'અંગ્રેજોની સભ્યતા જાગ્રત સંસ્કારો તેમજ મુત્સદ્દીગીરીમાં મને શ્રદ્ધા છે કે અંતે તેઓ આપણી સ્વાતંત્ર્યની માગણીને જરૂર દાદ દેશે. ક્યારેક આશાઓ ડૂબતી લાગે, હિંદી-અંગ્રેજ વચ્ચેનો સંઘર્ષ અંતવિહીન લાગે પણ તેમાં યે મારી શ્રદ્ધા તૂટી નથી. જેમ વિશ્વમાં, વ્યક્તિમાં તેમ કોમમાં ઉત્કૃષ્ટ તથા અધમ વૃત્તિઓ ને લાગણીઓ વચ્ચે સતત સંઘર્ષ ચાલતો જ રહે છે; તેમ અંગ્રેજ સમાજમાં યે જો હલકી વૃત્તિઓનું જોર હોય, ને તે હિંદની પ્રજાના હિતના વિરોધમાં હોય તો તે માત્ર લોલકની એક હીંચ છે, સંઘર્ષનો એક છોર છે, ઢાલની એક બાજુ છે. આ પરિસ્થિતિ કંઈ કાયમ નહિ રહે; આપણે તેને કાયમ રહેવા નહિ દઈએ. એક દિવસ તેમણે આપણી વાત સંપૂર્ણપણે સ્વીકારવી જ પડશે.'

કૉંગ્રેસની એ બેઠકમાં એમના માર્ગદર્શન અને નેતૃત્વ નીચે હિંદી ધારાસભાઓમાં હિંદીઓના સંપૂર્ણ પ્રતિનિધિત્વ માટે, દારૂના મિતપાન માટે, મીઠા પરનો કર દૂર કરવા માટે, જમીન ઉપરથી કાયમી જમાબંધી દૂર કરવા માટે તેમ કૉંગ્રેસના પાયા મજબૂત બનાવવા એક કાયમી ફંડ ઊભુ કરવા માટે સક્રિય કામ થયું હતું.

ઇ. ૧૯૦૪માં એમણે ફરી મુંબાઈમાં (વીસમી) કૉંગ્રેસ બોલાવી, જેના સ્વાગત પ્રમુખ તરીકે તેમણે મુંબાઇમાં એક સુંદર ઔદ્યોગિક પ્રદર્શન ભરી 'સ્વદેશી'ની ચળવળને મૂર્ત સ્વરૂપ આપ્યું હતું. પ્રદર્શનનો લાભ તે જમાનામાં પાંચ લાખથી વધુ માણસોએ લીધેલો.

ઇંગ્લંડમાં કૉંગ્રેસના અભિપ્રાયો દર્શાવવા તેમજ કૉંગ્રેસ જે ઠરાવો કરતી તે તરફ બ્રિટિશ પ્રજાનું ધ્યાન ખેંચી તેનો અમલ કરાવવા એક કમિટી તેમણે ૧૮૮૯માં પોતાના નેતૃત્વ હેઠળ બનાવેલી. મહાત્માજીની દક્ષિણ આફ્રિકાની લડતને પણ એમણે એ કમિટી દ્વારા વેગ આપ્યો હતો.

ત્રેવીસમી રાષ્ટ્રીય કૉંગ્રેસ નાગપુરમાં ભરાવાને બદલે કેટલાક આંતરિક મતભેદોને કારણે સુરતમાં મળી. તેમાં લોકમત દ્વારા સરકાર પાસે હોમરૂલ માગનારાંઓની સામે લોકમાન્ય તિલકની પ્રચંડ નેતાગીરી નીચે બ્રિટિશ સરકાર સાથે સહકાર ન રાખવાવાળાઓ તેમજ હિંસક અરાજકતા ફેલાવનાર જૂથોએ બળવો કર્યો. સભામાં જબરું તોફાન મચી ગયું. ત્યારે શિસ્તના આગ્રહી ફિરોઝશાહે લોકોને શાંત પાડવા ખૂબ જ પ્રયત્ન કર્યો. મંચ ઉપર ફેંકાએલો એક જોડો સર ફિરોઝશાહને વાગ્યો ત્યારે જ લોકોને પોતાની ગંભીર ભૂલ સમજાઈ. પ્રમુખે તે સભા વિખેરી નાખીને બીજે દિવસે એક કન્વેન્શન ભર્યું જેમાં ૧૬૦૦માંથી ૯૦૦થી યે વધારે પ્રતિનિધિઓ નિમાયા. તે સમયે કૉંગ્રેસને નવાં વહેણોને અનુરૂપ બનાવવા કૉંગ્રેસનું સ્થિર બંધારણ ઘડી કાઢવા આદેશ અપાયો. મંત્રી તરીકે સર ફિરોઝશાહ, શ્રી ગોખલે તથા શ્રી વાચ્છાની વરણી થઈ. ત્યારે તેમણે રચી કાઢેલા બંધારણનો મુખ્ય ભાગ આજે પણ અમલમાં છે. મુલતવી રહેલી કૉંગ્રેસ-બેઠક ત્યાર પછી મદ્રાસમાં મળી ને તૂટી જતી કૉંગ્રેસને ફિરોઝશાહે જે જહેમત લઈને બચાવેલી તે પણ ભૂલી શકાય તેમ નથી.

લાહોરની ૨૪મી રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રમુખસ્થાન માટે ઈ. ૧૯૦૯માં ફરી વાર ફિરોઝશાહની ચૂંટણી થઈ. પણ આગલા જ વર્ષે ઘડાયેલા બંધારણના તેઓ પ્રણેતા હોઈ, એક પક્ષકાર તરીકે, તેમના પ્રમુખસ્થાનને કારણે કદાચ કૉંગ્રેસ છોડી ગએલી અમુક વ્યક્તિઓ પાછી કૉંગ્રેસમાં ન આવે કે હાજરી ન આપે એવો વિક્ષેપ ટાળવા પોતાના બહુમાન કરતાં ચારિત્ર્યને ઊંચું ગણી એમણે તે હોદ્દાનું રાજીનામું મોકલી આપ્યું હતું, એટલું જ નહિ, પણ તે બેઠકમાં એમણે હાજરી પણ આપી નહોતી. અને તટસ્થ વ્યક્તિ તરીકે પંડિત મદનમોહન માલવીયજીએ તે સુકાન સંભાળતી વખતે એમની નીતિને ભાવભરી અંજલિ આપી હતી.

મહાત્માજીએ પોતાના જાહેર જીવનના ઉંબરમાં પગ માંડતાં જ એમની સાથે સંબંધ બાંધ્યો હતો અને તેમની સાથેની પોતાની પ્રથમ મુલાકાતની નોંધમાં તેમને હિમાલય સાથે સરખાવ્યા હતા.

ઇ. ૧૮૯૦માં મહાત્માજી પોતાના અપમાન બદલ બ્રિટિશ પોલિટિકલ એજન્ટ સામે કેસ કરવા માગતા હતા. ફિરોઝશાહે તેમને વાર્યા કે 'સ્વમાન એવું સસ્તું ન હોવું જોઇએ કે તે નાની નાની (અનુ. પૃ. ૩૬૦)

કાકાસાહેબ કાલેલકરનાં

મનોમંથન

— કૉલેજકાળનાં સંસ્મરણો

ચાંચિયો અથવા ધર્મસેવક

વિખ્યાત અમેરિકન નિગ્રો નેતા બુકર ટી. વૉશિંગ્ટનના ગોરા ગુરુએ અમેરિકાના નિગ્રોને સ્વતંત્ર કરવા માટે દક્ષિણી સંસ્થાનો સાથેના યુદ્ધમાં ભાગ લીધો, એટલે એનું નામ પડ્યુ જનરલ આર્મસ્ટ્રાંગ. નિગ્રો લોકો દાસ્યમુક્ત થયા પછી એમના ઉદ્ધારને અર્થે એણે એક મોટી સંસ્થા ચલાવી: હૅમ્પ્ટન ઇન્સ્ટિટ્યૂટ. આ સંસ્થામાં જ બુકર વૉશિંગ્ટન તૈયાર થયો અને એણે પોતાની જાતિના ઉદ્ધારને અર્થે હૅમ્પ્ટનની ઢબની જ એક સંસ્થા ચલાવી, જેનું નામ છે ટસ્કેગી ઇન્સ્ટિટ્યૂટ. (આજે ટસ્કેગી સંસ્થાએ એક યુનિવર્સિટીનું વ્યાપક રૂપ લીધુ છે. હું જ્યારે અમેરિકા ગયો હતો ત્યારે ટસ્કેગી જોઈ આવ્યો છું.)

જનરલ આમેરટ્રૅંગનું જીવનચરિત્ર પણ મેં વાંચ્યું છે. એ જ્યારે યુવાવસ્થામાં કૉલેજની કેળવણી પૂરી કરી બહાર નીકળ્યો ત્યારે એના સાથીઓએ એને પૂછ્યું: 'તારી કેળવણી તો પૂરી થઈ. હવે શું કરવા માગે છે? શું થવાની ઇચ્છા છે?' ભાઈસાહેબે જવાબ આપ્યો: 'હજી બરાબર નક્કી નથી કર્યું; પણ કાં તો દરિયામાં લૂટફાટ કરનાર ચાંચિયો થઈશ, નહિ તો ધર્મને નામે લોકસેવા કરવા માટે આખું જીવન અર્પણ કરનાર મિશનરી થઈશ.'

આર્મસ્ટ્રાગના આ જવાબની મારા મન ઉપર ભારે અસર થઈ; કેમ કે હું જ્યારે કૉલેજમાં દાખલ થયો ત્યારે તો ભણવાના વિષયોમાં મને રસ હતો જ (બધા જ વિષયોમાં મને રસ પડતો. પણ કેળવણી પૂરી થયા પછી મારે શું કરવું જોઈએ, હું શું થવા માગુ છું, એ પણ નક્કી કરવા માટે હું ખૂબ મનોમંથન કરતો હતો. કૉલેજનાં ચાર વર્ષ દરમિયાન કોણ જાણે કેટકેટલી દિશામાં મેં મનોમંથન ચલાવ્યું હશે. અને જેમ આર્મસ્ટ્રૅાગ લૂટફાટ કરનાર બદમાશ ચાંચિયો થવા પણ તૈયાર હતો, એથી બરાબર ઊલટું ધર્મસેવાને અર્થે જીવન અર્પણ કરી સાધુપુરુષ થવા પણ તૈયાર હતો, એ જ રીતે મારા ચાર વર્ષના મનોમંથનમાં ભણીને સરસ ડિગ્રી મેળવવી, પિતાની લાગવગથી બીજા મોટા લોકોની લાગવગ મેળવી સરકારી નોકરીમાં જવું, અને પછી સરકારી નોકરી કરતાંકરતાં બીજા કેટલાં યે અમલદારો કરે છે તેમ ખોટી રીતે ઝપાટાભેર કમાણી વધારવી અને લક્ષાધીશ થવું એવા પણ વિચારો મનમાં આવતા. બીજી બાજુ, અંગ્રેજોનું રાજ્ય તોડવા માટે ક્રાંતિકારી દળોમાં શામિલ થવું. ગુપ્ત લડાઈની તૈયારી કરવી અને એમાં જો સપડાયા અને પકડાયા તો હસતે મોઢે ફાંસીને લાકડે લટકવું એવા પણ વિચારો એ જમાનામાં આવતા. આવા પરસ્પર વિરોધી વિચારો માણસ એકી સાથે કેમ સેવી શકે એવી શંકા મનમાં જરૂર ઊઠે. પણ માણસનું મન છે જ એવું વિચિત્ર. એમાં શું શું સમાઈ જાય અને શું ન સમાય એનો હિસાબ હજી માણસને જડ્યો નથી. (સરકારી નોકરી કરી ખોટી રીતે ધન કમાવાના આદર્શ મનમાં સેવતો હતો ત્યારે પણ ધર્મબુદ્ધિ નષ્ટ થઈ ન હતી. હું મનમાં કહેતો 'ગરીબોને હેરાન નહિ કરું. ગરીબગુરબાંને નીચોવીશ નહિ. ગમે તેની પાસેથી લાંચ લઈ મારે ધની નથી થવું. પણ સરકારી ખાતામાં જાતજાતનાં કામો કરવાનાં હોય ત્યારે જે ખરેખર ખર્ચ થયો હોય તેમાં ખોટા હિસાબો બતાવી સરકાર પાસેથી વધારે પૈસા પડાવવા એમાં ખોટું શું? વિદેશી સરકાર છે. આપણને લૂટવા તો બેઠી છે. એવી સરકાર પાસેથી વધારે પૈસા પડાવવા એમાં કાંઈ હીનતા લાગતી નથી. એ જ પ્રમાણે મોટા મોટા કૉન્ટ્રાક્ટર લોકોને સરકારી કામો સોંપવા હોય ત્યારે એવા ધની કૉન્ટ્રાક્ટરો પાસેથી સારી જેવી રકમો–લાંચ–મળતી હોય તો કેમ ન લેવી? જેવી દુનિયા એવા આપણે. માત્ર ગરીબોની હાય ન લઈએ એટલે બસ. સરકાર ગરીબોને લૂંટે છે, ધનિકો જાતજાતના કાવાદાવા કરી પૈસા મેળવે છે; એમની કમાણીમાંથી આપણે ભાગ પડાવીએ તો એમાં ખોટું શું? એ જાતની દલીલો પણ મનમાં ચાલતી.)

તો બીજું મન કહેતું, 'એક જિંદગી આપણને મળી છે. એમાં મોજમજા માણીમાણીને કેટલીક માણવાના હતા? અને આખી જિંદગી તુચ્છ મોજશોખ અને વિલાસિતામાં ગાળીએ તો આપણું મન જ આપણને તિરસ્કારે. તું દુનિયા આગળ કેટલો ય મોટો ગણાતો હોય, લોકો ભલે તને સલામો ભરતા હોય અને તારી આગળ તારાં વખાણ કરતા હોય, તો યે તારું મન જ તને કહેવાનું: તને હું ઓળખુ છું. તું તુચ્છ પ્રાણી છે. ખુદ મારી આગળ જ આમ તારી કિંમત ઘટી જાય પછી દુનિયામાં માનમરતબા મળે એની કિંમત શી? પોતાને જ પોતાનું મોં બતાવતાં શરમ ઊપજે એના કરતાં વધારે દુર્દશા કઈ? માટે સરકારી નોકરીનાં ને અઢળક ધન કમાવાનાં સ્વપ્નાં છોડી દે. દેશની આઝાદી ખાતર સર્વસ્વ અર્પણ કરીશ તો તારી જ આગળ તારી કિંમત વધશે. અને સંભવ છે કે ઇતિહાસમાં તારું નામ લખાશે.'

આ બે છેડાની મેં વાત કરી; પણ મનમાં તો અસંખ્ય વિચારો ઊઠતા. કોઈ વાર 'સંશોધક થાઉં કે, મોટો એન્જિનીઅર થઈને જંગલો કાપી રસ્તાઓ બનાવું અથવા દસ દસ માળનાં મકાનો ઊભાં કરું એવા વિચારો મનમાં આવતાં. તો વળી 'સાધુ થઈ ભગવાનનું ચિંતન કરું, ભગવાનનો પ્યારો બની જાઉં અને જ્ઞાનેશ્વર, રામદાસ, નામદેવ, તુકારામ કે સોહિરોબા જેવો યોગી બની જાઉં. એવા પણ વિચારો મનમાં આવતા. અંગ્રેજી સાહિત્ય અને ઇતિહાસ વાંચતાં કેટલા યે આદર્શો મનમાં ઊઠતા અને થોડા દિવસ ચિત્તનો કબજો લઈ ઓગળી જતા. એ બધા વિષે તો આજે લખાય નહિ. કેટલાક આદર્શોમાં કેવળ ઘેલછા અને ગાંડપણ હતું; જ્યારે કેટલાક આદર્શો ઉત્તમ ખરા, પણ એ અમલમાં કેમ મુકાય એનો રસ્તો સૂઝતો નહિ.

છતાં કૉલેજનાં ચાર વર્ષમાં મેં શું શું વાંચ્યું, કેવા કેવા મનોરથો સેવ્યા, સાથીઓ સાથે સહયોગ કરી શું શું સાધવાનો વિચાર કર્યો અને એને અંગે સમાજ અને દેશનું કેવું નિરીક્ષણ કર્યું, કેવાકેવા મોટા લોકોની વાતો સાંભળી પ્રેરણા લીધી, એ બધુ જેમ યાદ આવે તેમ લખી કાઢું એમ મનમાં અનેક વાર આવ્યું. બાળક જન્મ્યા પછી એને નામ અપાય છે, એ જ રીતે લેખ લખ્યા પછી જ એને માટે યોગ્ય મથાળું વિચારાય છે. એ ન્યાયે મારાં કૉલેજ કાળનાં ચાર વર્ષનાં સ્મરણોની ચોપડી લખાયા પછી એ કેવી ઊતરે છે એ જોઈને જ નામ નક્કી કરવું જોઈએ. પણ મૅટ્રિક સુધીના જીવનકાળની 'સ્મરણયાત્રા' લખ્યા પછી આ ચાર વર્ષની આગળની સ્મરણયાત્રા લખીશ ત્યારે એનું નામ 'મનોમંથન' રાખીશ એમ પ્રથમથી જ નક્કી કર્યું હતું. નામ તો અપાયું, પણ ચોપડી કેટલા દશકા વીતી ગયા છતાં હજી લખાઈ જ નથી. હવે ખાત્રી નથી કે બધું લખાશે. તે વખતે લખત તો એનું રૂપ નોખું થાત; આજે અનુભવવૃદ્ધ થયા પછી કેટલો ઉત્સાહ ટકે છે અને કેટલું લખાય છે એનો ખયાલ રહેતો નથી. પણ કાંઈક લખી કાઢું એમ વિચાર કરી હિમાલયના પહાડોમાં જંગલો વચ્ચે રસ્તો કાઢતી મુસાફરીમાં આ પ્રારંભ કર્યો છે. હવે એનું જે થવાનું હોય તે થાઓ. લોહાઘાટથી અલ્મોડા જતાં રસ્તામાં ઘાટનો પુલ ઓળંગતી વખતે આ પ્રકરણ તો પૂરું કર્યું (તા. ૪-૬-'૭૦).

આ પ્રસ્તાવના લખાયા પહેલાં મનોમંથનનાં કેટલાંક પ્રકરણો લખી 'કુમાર'ને આપ્યાં હતાં, એ પણ ભૂલી ગયો હતો. એનું જ્ઞાન થતાં 'કુમાર' પાસેથી એ પ્રકરણો મંગાવ્યાં. એ વાંચ્યા પછી થયું 'તે વખતે જ માળા પૂરી કરી હોત તો કેવું સારું. 'अकरणात् मंद-करणं श्रेयः' 'ન કરવા કરતાં જેમ થાય તેમ કરવું સારું' એ ન્યાયે લખીશ ખરો.

પૂનાના જાહેરજીવન વિષે ચેતવણી

હું જ્યારે કારવારમાં હિંદુ સ્કૂલમાં અંગ્રેજી બીજી અને ત્રીજી ભણતો હતો ત્યારે અમારા શિક્ષકોએ 'છોકરાઓમાં નૈતિક જીવનનો વિકાસ થાય' એ માટે 'હિંદુ બાલસમાજ'ની સ્થાપના કરી હતી, એ સમાજનો તે વખતનો ઉત્સાહ યાદ કરતાં આજે પણ તે આશ્ચર્યકારક લાગે છે. એ સમાજને પ્રેરણા આપનારા શિક્ષકોમાં મુખ્ય હતા શ્રી વામન મંગેશ દુભાષી.

આગળ જતાં એમની સાથે થોડો પત્રવ્યવહાર ચાલુ રાખ્યો હતો. કોકવાર એમને મુંબાઈમાં મળતો પણ ખરો. પણ એ તો આગળની વાત.

જ્યારે હું મૅટ્રિક થઈ કૉલેજની કેળવણી માટે પૂના ગયો ત્યારે એ વામન માસ્તરનો મારે નામે એક કાગળ આવ્યો. એમાં ચેતવણી આપી હતી કે 'પૂનાનું રાજદ્વારી વાતાવરણ ખરાબ હોય છે. ચેતીને ચાલજે. કોઈ પણ તોફાની પક્ષમાં તણાઈ જઈશ નહિ.'

જેમને વિષે ગુરુજન તરીકે મારા મનમાં આદર હતો તેમના તરફથી આ જાતની ચેતવણી મળે એ સાહજિક હતું, અને મારે એ સૂચના કે ચેતવણી ગંભીરપણે સ્વીકારવી જોઈતી હતી.

પણ કોણ જાણે કેમ, એ કાગળની મારા ઉપર કશી અસર થઈ નહિ. મનમાં વિચાર આવ્યો : વામન માસ્તર મારા મુરબ્બી ખરા, હિત-ચિંતક ખરા, પણ કારવારમાં રહી પૂનાના રાજકારણ વિષે એ શું જાણે? અને આવી સર્વસામાન્ય ચેતવણીની અસર શી થવાની હતી?

છેલ્લાં કેટલાંયે વર્ષથી હું લોકમાન્ય તિલકનું સાપ્તાહિક છાપું 'કેસરી' વાંચતો હતો. નરમ, દલ એ વખતનો રાજદ્વારી પક્ષ ('મૉડરેટ્સ' માટે) મારામાં જરા યે આદર રહ્યો ન હતો. વામન માસ્તર દાદાભાઈ નવરોજી-ના ભક્ત એ હું જાણતો હતો. દાદાભાઈ નવરોજી વિષે તો બધા પક્ષના લોકોની પેઠે મારા મનમાં પણ આદર હતો, પણ એમના 'નરમ દલ' વિષે અમારામાં જરા યે આદર ન હતો.

પણ બીજી બાજુ લોકમાન્ય તિલક સામાજિક વિષયોમાં સુધારા-વાળાઓનો વિરોધ કરતા એ મને ગમતું ન હતું. હું થોડોથોડો સુધારા-પક્ષી; એટલે વામન માસ્તરનો કાગળ વાંચ્યા પછી મેં મન સાથે નિર્ણય કર્યો : 'સાંભળીશું બધાનું, પણ નિર્ણય કરીશું પોતાના મનનો જ. આપણે કોઈ પણ એક પક્ષ સાથે પૂર્ણરૂપે સામેલ થવું નહિ. દરેકમાં જે કંઈ સારાપણું હોય તે આપણે લેવું. બધા સાથે ભળીએ; પણ તણાઈ ન જઈએ કોઈ પણ પક્ષ સાથે.'

હું માનું છું કે વામન માસ્તરના એ કાગળથી મારાં એ ચાર વર્ષની કારકિર્દીનો સુંદર પ્રારંભ થયો. તેઓ ઇચ્છતા હતા તેવો નહિ, પણ મને સૂઝ્યો તેવો. (ચાલુ)

વારતા
૨

વૈતાળ પચ્ચાસી

સ્ત્રીયા રાજ્ય

વિનોદ ભટ્ટ

—અને મડાને કાંધે લઈ ચાલવા માંડતાં રાજા વિક્રમને મડાએ આ વારતા કહી :

'સ્ત્રીયા નામે કોઈ એક મોટો પ્રદેશ હતો. ત્યાં સ્ત્રીઓની વસતિ ખૂબ જ મોટા પ્રમાણમાં હતી અને પુરુષો, સ્ત્રીઓના મુકાબલે અત્યંત ઓછા હતા. આ અંગેની એક દંતકથા એવી હતી કે ઘણાં વર્ષ પૂર્વે એ પ્રદેશમાં લગભગ સરખા પ્રમાણમાં સ્ત્રી-પુરુષો હોવાથી ત્યાંની વસતિ કૂદકે ને ભૂસકે વધતી હતી. બાળકો ઉત્પન્ન થતાં એટલું અનાજ ઉત્પન્ન થઈ શકતું નહોતું. આથી ત્યાં બાલ રાજાના રક્ષક તરીકે રાજ્ય કરતી રાજમાતાએ 'બે જ બસ' નામનું એક સૂત્ર પ્રજા પર છોડયું અને તેના અમલ માટે કડક કાયદા ઘડયા. બે કરતાં વધારે બાળકોવાળાંને કોઈ સરકારી નોકરી મળતી નહિ, એટલું જ નહિ, પણ સરકારી નોકરને ત્યાં ત્રીજું બાળક અવતરે તો એનાં ઇન્ક્રીમેન્ટ રોકાઈ જતાં. સાત દીકરાનો બાપ થજે એવાં આશીર્વચન ઉચ્ચારનારને રાજદ્રોહી ગણી એની સામે ગંભીર પગલાં ભરવામાં આવતાં. આથી બે દીકરીઓ પછી 'બાબા'ની ખેવના કોઈ કરતું નહિ. આમ ધીમેધીમે કુટુંબનિયોજનના પ્રતાપે આખો ય પ્રદેશ સ્ત્રીઓથી ભરાઈ ગયો. જ્યાં જુઓ ત્યાં સ્ત્રી જ દેખાય. રાજ્ય ચલાવનાર તો સ્ત્રી, અમલદારો સ્ત્રી, લશ્કરની ટુકડીઓ સ્ત્રીની, બસ-ડ્રાઈવર ને કંડક્ટર સ્ત્રી, બૂટ-પૉલિશ કરનાર પણ સ્ત્રી!

આમ આ સ્ત્રીયા રાજ્યમાં પુરુષો ઓછા હોવાને કારણે તેમને માટે સન્માનની લાગણી પણ જોવા મળતી. બસમાં પુરુષો માટે અમુક બેઠક અનામત રાખવામાં આવતી. બસમાં કોઈ પુરુષ ઊભો હોય તો સ્ત્રીઓ ઊભી થઈ હસીને તેને જગ્યા કરી આપતી. ટ્રેનોમાં પુરુષો માટે ખાસ ડબ્બા રાખવામાં આવતા ને કોઈ સ્ત્રી એ ડબ્બામાં ચડી બેસે તો સાંકળ ખેંચી ટ્રેન થોભાવવાનો વિશિષ્ટ હક્ક પુરુષજાતને આપવામાં આવ્યો હતો. કેટલાંક થીએટરોમાં પુરુષો માટે ખાસ 'મર્દાના શો' પણ રખાતા ને પુરુષો માટે ખાસ અઠવાડિકો પણ નીકળતાં. જો કે આ અઠવાડિકો-માં મોટા ભાગે સ્ત્રીઓ જ લખતી, એ જુદી વાત છે. હોટેલોમાં યે ફૅમિલી રૂમ (વિથ જેન્ટ્સ) અલગ રાખવામાં આવતા.

આ રાજ્યમાં પુરુષોનાં અપહરણો પણ કરાતાં. આથી પુરુષો મોટા ભાગે રાત્રે આઠ વાગ્યા પછી બહાર જવાનું ટાળતા અને ના છૂટકે બહાર નીકળવું પડે તો સ્ત્રીના વેશમાં નીકળતા. ઘરની બહાર તો પુરુષો ક્યારે ય સૂતા નહિ, કેમ કે પુરુષોની એકલતાનો લાભ લઈને ક્યારેક સ્ત્રીઓ એમના પર હિચકારા હુમલા કરતી. પુરુષોની છેડતીના અગણિત બનાવો બનતા, ને પુરુષોની બાબતમાં સ્ત્રીઓ અંદરોઅંદર ખૂનામરકી પણ કરતી. અસહાય પુરુષોની રાડ-ફરિયાદ સાંભળવા માટે કેટલાક સંઘો પણ સ્થપાયા હતા, પણ ન્યાયની અદાલતો પર સ્ત્રીઓનું પ્રભુત્વ હોવાથી પુરુષોને શુદ્ધ ન્યાય મળી શકતો નહિ. એક રીતે પુરુષોની સ્થિતિ ઉત્તરોત્તર કફોડી થતી જતી હતી.'

વારતાને આટલેથી અટકાવતાં વૈતાળે રાજા વિક્રમને પૂછ્યું : 'તો હે વિક્રમ, આ રાજ્યમાં પુરુષોની સંખ્યા વધે એ માટે શું કરવું જોઈએ?'

વિક્રમે માથું ખંજવાળતાં જવાબ આપ્યો: 'પુરુષોની સંખ્યા વધારવા માટે કશું જ કરવાની જરૂર નથી; કેમ કે સ્ત્રીઓના ઈર્ષ્યાળુ સ્વભાવને કારણે પુરુષ માટે અંદરોઅંદર લડતાં ઘણીખરી સ્ત્રીઓ કપાઈ મરશે અને આમ ધીમેધીમે સ્ત્રીઓની સંખ્યા, પુરુષોની વસતિના પ્રમાણમાં આવી જશે.'

'અરે વિક્રમ, તું તો સાવ મુરખ છે.' કહી ફરીને મડું ઝાડપર લટકી ગયું.

આર્થર ક્લાર્કની અંગ્રેજી વાર્તા
ઉપરથી
શિવપ્રસાદ જોષી

'હરિ તારાં નામ છે હજાર'

ISHWAR•ALLAH•GOD•JEHOVAH•GUD•RA•GUTH•GOTT

'આવી વિનતિ લગભગ અસાધારણ કહી શકાય.' આટલું પણ ડૉ. વૅગ્નરે ખૂબ સંયમપૂર્વક કહ્યું અને આગળ ચલાવ્યું: 'હું ધારું છું ત્યાં સુધી આ પહેલી જ વાર તિબેટના મઠમાંથી ઑટોમૅટિક સિકવન્સ કૉમ્પ્યુટર માટેની માગણી થાય છે. મને કુતૂહલ તો નથી થતું પણ આપ એટલું કહી શકો કે આપ તેનો શો ઉપયોગ કરવા ધારો છો?'

પોતાનો રેશમી ઝભ્ભો ઠીકઠાક કરતાં અને સ્લાઈડ રૂલને એક બાજુએ મૂકતાં લામાએ કહ્યું: 'ઘણી ખુશીથી, તમારું માર્ક-૫ કૉમ્પ્યુટર દસના આંકડાઓની ગણતરી બેશક અમર્યાદપણે કરી શકે છે. પરંતુ અમને આંકડાઓમાં નહિ, અક્ષરોમાં રસ છે. એટલે અમે એવા ફેરફાર માગીએ છીએ જેથી આંકડા નહિ, અક્ષરો જ બહાર પડે.'

'હજુ મને ગડ બેસતી નથી...'

'છેલ્લાં ત્રણસો અથવા વધુ સમયથી—એટલે કે જ્યારથી આ મઠની સ્થાપના થઈ ત્યારથી અમે એક ગણતરી કરી રહ્યા છીએ. તમારી વિચારધારાને આ પરલોકની વાત લાગશે પણ પૂર્વગ્રહ વિના સાંભળશો તો હું ખુલાસો કરીશ.' 'અવશ્ય; જરૂર.'

'વાત આમ તો સાવ સાદી છે. અમે એક એવી સંપૂર્ણ યાદી બનાવીએ છીએ, જેમાં ઇશ્વર જે જે નામે ઓળખાય છે તે બધાનો સમાવેશ થઈ જાય.' 'જરા ફરીથી કહેશો?'

જરા પણ ચલિત થયા વિના લામાએ કહ્યું: 'અમે માનીએ છીએ કે જે લિપિ અમે શોધી છે તેમાં નવ અક્ષરોથી વધે નહિ તેવાં ઈશ્વરનાં વિધવિધ નામની તમામ સંજ્ઞાઓની એક યાદી બનાવી શકાય.'

'આપે એમ કહ્યું કે ત્રણસો વર્ષથી આ દિશામાં પ્રયત્નો જારી છે?'

'હાસ્તો; અને હજી બીજા પંદર હજાર વર્ષ લાગે તેમ છે; એટલે તો...'

'અચ્છા; હવે મને સમજાયું કે અમારું મશીન ભાડે રાખવા આપ કેમ ઉત્સુક છો.' ભારે અચંબાથી ડૉ. વૅગ્નરે કહ્યું અને ઉમેર્યું: 'પણ આવા શ્રમનો હેતુ શો હોઈ શકે?' ક્ષણાર્ધ માટે લામા ખચકાયા. ડૉ. વૅગ્નરને થયું કે પોતે કાંઈ બેઅદબી તો કરી બેઠા નથીને? પરંતુ જે રીતે લામાએ જવાબ આપ્યો તેનાથી શંકા નિર્મૂળ થઈ ગઈ.

'તમને યોગ્ય લાગે તો ધાર્મિક વિધિ કહો, પણ અમારી શ્રદ્ધાનો એ એક અંતર્ગત ભાગ છે. પરમ પિતા પરમાત્મા જે અનેક નામે ઓળખાય છે—ઈશ્વર, અલ્લાહ, જેહોવાહ, ઈશુ—એ મનુષ્યોએ આપેલાં નામ છે. ફિલસૂફીના ઊંડાણમાં હું તમને ખેંચી જવા માગતો નથી. પરંતુ આ બધા અક્ષરોનાં જોડકણાંમાં ક્યાંક વિભુ છુપાયો છે; અને અક્ષરોને બધી જ રીતે ગોઠવીને તેનું સાચું નામસ્વરૂપ શોધવાનો અમારો પ્રયત્ન છે.'

'એટલે તમે AAAAAAAAA થી શરૂ કરી ZZZZZZZZZ સુધી લઈ જવા માગો છો?'

'ચોક્કસ; જોકે અમે અમારી ખાસ લિપિ ઉપયોગમાં લઇએ છીએ. ઇલેક્ટ્રિક ટાઈપરાઈટર ઉપર તો આ રમત વાત છે. પરંતુ એક નોંધનીય બાબત એવી છે કે અક્ષરોનાં વિચિત્ર જોડાણો ન થઈ બેસે તે અટકાવવા ખાસ 'સરકીટ' વ્યવસ્થા જરૂરી છે. જેમકે એક અક્ષર ઉપરાઉપરી ત્રણ વારથી વધુ વખત ન આવવો જોઇએ.' 'ત્રણ કે બે?'

'ત્રણ વાર. મારી ભાષા તમે સમજી શકતા હો તો પણ તે સમજાવતાં ખાસ્સો સમય નીકળી જાય.'

'મને સમજવામાં મુશ્કેલી નહિ પડે—સમજાવો.'

'આ કામ માટે તમારું ઑટોમૅટિક સિકવન્સ કૉમ્પ્યુટર પસંદ કરવાની પાછળ કારણ રહેલું છે. યોજનાબદ્ધ રીતે દરેક શબ્દને ગોઠવવામાં આવે તો તમારું મશીન બધાં જ નામો છાપી આપશે. જે કામ માટે પંદર હજાર વર્ષો લાગે તે સો દિવસમાં જ પૂરું થઈ શકશે.'

ડૉ. વેગ્નરને મૅનહટ્ટન સ્ટ્રીટમાંથી આવતા આછા અવાજો જાણે સંભળાયા જ નહિ. જાણે કોઈ બીજી જ દુનિયામાં—હિમાલયની ગિરિમાળામાં હોય એમ તેમને લાગ્યું. પેઢી દર પેઢી તિબેટી સાધુઓ ત્યાં અખૂટ ધીરજથી અર્થહીન લાગતું અક્ષરો ઉકેલવાનું આ કામ કરી રહ્યા હતા. માણસજાતની મૂર્ખાઇને હદ હશે ને?... પણ આવા વિચારોને વ્યક્ત કરી શકાય નહિ—ઘરાક કહે તે હમેશાં સાચું માનવું જોઇએ.

ડૉક્ટરે જવાબમાં કહ્યું: 'માર્ક-૫ મશીનને આ જાતની યાદી બનાવવા અમે ગોઠવી આપીશું. મને મૂંઝવતા પ્રશ્નો તો આ છે: મશીનને તમારા દેશમાં ગોઠવી આપવું; તેની યોગ્ય જાળવણી રાખવી ઇત્યાદિ. વળી અત્યારે તિબેટમાં કેમ પહોંચતું તે પણ જટિલ પ્રશ્ન છે.'

'એ ગોઠવણ તો અમે કરી લઈશું. કૉમ્પ્યુટરના ભાગો હવાઈ રસ્તે આવી શકે તેમ છે તેથીસ્તો અમે તમારા મશીનની વરધી આપી છે. તમે ભારત સુધી એ મોકલી આપો, આગળનો બંદોબસ્ત અમે કરીશું.'

'અને તમારે બે એન્જિનીઅરો પણ લઈ જવા છે, ખરું?'

'યોજના ચાલે ત્યાં સુધી—ત્રણ માસ માટે.'

'એ પણ થઈ રહેશે. હવે એકબે વાત છે...' પણ ડૉ. વૅગ્નર વાક્ય પૂરું કરે તે પહેલાં લામાએ ખિસ્સામાંથી કાગળની ચબરખી કાઢી.

'ઍશિયાટિક બૅન્કમાં મારે ખાતે આટલી સિલિક છે.'

'આપનો ઘણો જ આભાર. એટલી રકમ પૂરતી છે. હવે બીજી એક નાનકડી વાત છે—ઘણી વાર નાની વાતો પણ ભુલાઈ જાય છે. આપને ત્યાં વીજળીનો પુરવઠો તો છે ને?'

'પચાસ કિલોવૅાટનું ડીઝલ જેનરેટર આજથી પાંચ વર્ષ પહેલાં નાખેલું તે સારું કામ આપે છે. તેનાથી મઠમાં સુવિધાઓ વધી છે,-જોકે તે નાખેલું તો પ્રાર્થના-ચક્ર ચલાવવા માટે.'

'ઘણું જ સરસ. મારે આ સમજવું જોઇતું હતું.' ડૉ. વૅગ્નરે કહ્યું.

દુનિયાની છાજલી ઉપરથી દેખાતાં સુંદર વિહંગમ દશ્યોની નવીનતા જ્યૉર્જ હેન્લી માટે હવે રહી ન હતી. ત્રણ માસના વસવાટ પછી, બે હજાર ફૂટ નીચે ખીણમાં દેખાતી ખેતરાઉ સપાટીમાં પણ તેને હવે સૌન્દર્ય દેખાતું ન હતું. ચોતરફ છવાએલાં પર્વતોનાં શિખરો ભણી તે તાકી રહ્યો હતો, જેનાં નામ જાણવાની તકલીફ તેણે લીધી ન હતી. અહીં જે કામગીરી હાથ ઉપર લીધી હતી તેને બધાએ મળીને નામ આપ્યું હતું. 'પ્રોજેક્ટ શાંગ્રીલા'. અઠવાડિયાંઓથી 'માર્ક-૫' કામે લાગી ગયું હતું અને કાગળોના થોકડા બહાર કાઢતું હતું. મશીનમાંથી તરેહતરેહના વિધવિધ પ્રકારના અક્ષરોનાં જોડાણો બહાર પડતાં હતાં. ઇલેક્ટ્રૉનિક ટાઈપરાઈટરમાંથી નીકળતા કાગળનાં ટીપણાંઓને મઠના સાધુઓ કાપીને વિશાળ ગ્રંથના રૂપમાં યોગ્ય ઠેકાણે ગોઠવી રહ્યા હતા. કઈ ગણતરીથી સાધુઓ દસ, વીસ કે તેથી વધુ અક્ષરોને વર્જ્ય ગણતા હતા તે જ્યૉર્જને સમજાતું ન હતું. એવું પણ બને કે યોજનામાં ફેરફાર કરવો પડે અને વડા લામા બીજાં સો વર્ષ સુધી તેને લંબાવે!

દ્વાર ઉઘાડીને સાથીદાર ચક જ્યૉર્જની બાજુમાં આવી ઊભો રહ્યો. તેના મોંમાં સિગારેટ હતી. અહીં સાધુઓમાં હવે તેનો છોછ રહ્યો ન હતો. તિબેટી સાધુઓ હવે જડ રહ્યા ન હતા. ચકે આવી ગંભીરતાથી કહ્યું:

'મેં એક નવું વૃત સાંભળ્યું છે; જરા તકલીફ જેવું ખરું.'

'શી વાત છે? મશીન તો બરોબર કામ આપે છે ને?' જ્યૉર્જને મોટો ભય એક જ વાતનો હતો. અહીંથી પાછા ફરવામાં ઢીલ ન થવી જોઈએ. દુનિયા સાથે સંપર્ક સાધવા ક્યાંય ટેલિવિઝન મળે!

ચક તેની બાજુમાં બેસી ગયો અને કહ્યું: 'એવી કોઈ બાબત નથી. પણ આ બધું શું ચાલી રહ્યું છે તેની ખબર હમણાં જ પડી.'

'કેમ, શી બાબત છે? અત્યાર સુધી આપણે અજાણ હતા?'

'સાધુઓ શું કરી રહ્યા છે તેની જ આપણને જાણ છે. પણ શા માટે આ બધું કરી રહ્યા છે તેની ખબર ન હતી. ખરેખર બહુ વિચિત્ર વાત છે.'

'કાંઈ નવીન છે?'

'વડા લામા પાસેથી જ સાંભળી છે. તે દરરોજ બપોરે આવીને ગણક-યંત્રની કામગીરી તપાસે છે. મેં એને આજે વાત કરી કે હવે છેલ્લે ચક્રાવે પહોંચ્યા છીએ; ત્યારે મને સામેથી પૂછ્યું કે આ બધું જાણવાની જિજ્ઞાસા મને થાય છે કે નહિ? મેં હા પાડી એટલે તેમણે કહ્યું:

'ઈશ્વરનાં બધાં જ નામોની યાદી પૂર્ણ થઈ રહેશે—ત્યારે ઈશ્વરની આ સૃષ્ટિનું કર્તવ્ય પૂરું થશે. માનવજાતનું સર્જન જે હેતુ માટે છે તે પરિપૂર્ણ થશે ને પછી આવશે દુનિયાનો અંત!'

'પછી આપણે શું કરવાનું? આપઘાત?'

'તેની જરૂર પછી ક્યાં રહી? ઇશ્વર બધું સંભાળી લેશે.'

જ્યૉર્જે કહ્યું: 'અહીંની આપણી કામગીરીની સાથે જ દુનિયાનો પણ અંત આવવાનો એમ જ ને?'

સાશંક હસતાં ચકે કહ્યું: 'લામાને મેં એ જ વાત કરી.'

એક ક્ષણ વિચાર કરીને જ્યૉર્જે કહ્યું: 'જીવન વિષેની વિશાળ દૃષ્ટિ! પણ આપણે આ પળોજણમાં ઊંડા શા માટે ઊતરવું? આ લોકો વિચિત્ર છે તે તો જાણીએ જ છીએ!'

'પણ આગળનો વિચાર કર્યો? યાદી સંપૂર્ણ બની જાય અને પરિ-ણામ શૂન્ય આવે તો વાંક આપણા મશીનનો નીકળે. ત્રણ માસના પરિશ્રમ પછી આવી કફોડી સ્થિતિમાં મુકાવું ઠીક નહિ!'

જ્યૉર્જે ધીમેથી કહ્યું: 'તમારો મુદ્દો હું સમજું છું. પણ આવું તો બચપણમાં મેં અનુભવેલું. લુઈસીઆનામાં એક પાદરી આમ જ કહેતા કે આવતા રવિવારે દુનિયાનો અંત આવવાનો છે. કઈક લોકો તેને સાચું માનતા. છેવટે કાંઈ થયું નહિ. શ્રદ્ધાળુ લોકોએ માન્યું કે પાદરીસાહેબની ગણતરીમાં ભૂલ થઈ છે!'

'આ લુઈસીઆના નથી. અહીં આપણે બે જ સંકડો પરદેશી સાધુ-ઓ વચ્ચે છીએ. વડા લામાને આ સાહસ નિષ્ફળ જાય તો અવશ્ય દુઃખ થાય. એ ક્ષણે અહીં આપણી હાજરી ન હોય તો સારુ!'

'પરંતુ આપણો કૉન્ટ્રૅક્ટ પૂરો થાય અને ટ્રાન્સપોર્ટ વિમાન આપણને લેવા આવે ત્યાં સુધી કંઈ થઈ શકે નહિ.'

કંઈક વિચાર કરીને ચકે સૂચવ્યું: 'મશીન સાથે ચેડાં કરીને કામ ઢીલમાં નાખીએ તો...'

'એ તો બહુ ખરાબ.'

'મારુ કહેવું તમે સમજ્યા નહિ. મશીન હજી ચાર દિવસ સુધી ચોવીસે કલાક ચાલશે. ટ્રાન્સપૉર્ટને આવતાં અઠવાડિયું થશે. એટલે આ-પણે મશીનને મરામતમાં એવી રીતે ગોઠવવું કે કામ હજી આઠ દિવસ ચાલે. આ બાજુ જે દિવસે રવાના થઈએ તે જ દિવસે મશીનમાંથી છેલ્લી યાદી બહાર પડે એમ ગોઠવવાનું.'

'મને આવું ન ગમે,' જ્યૉર્જે કહ્યું; 'કામ છોડીને ચાલ્યા જવું ઠીક નહિ. વળી, એ લોકો તર્કવિતર્ક કરે. જે થાય તે; હું તો અહીં જ રહીશ.'

અને જ્યારે પર્વતની પગદંડી ઉપર ખચ્ચરની પીઠ પર તેઓ નીચે ઊતરતા હતા ત્યારે પણ જ્યૉર્જ હજી યે એ જ વાત કરી રહ્યો હતો: 'મને

લ ઘુ ક થા

પત્ર

રાજેન્દ્રસિંહ રાયજાદા

'ટપાલી!'

બંને સોફા પર બેઠાં હતાં ત્યાંથી રેણુ પત્ર લેવા ઊઠી. પતિએ સહજ પૂછ્યું: 'કોનો પત્ર છે?'

'મોટા ભાઈનો લાગે છે.' અક્ષરો પારખતાં રેણુ બોલી. તેણે પતિને પત્ર આપ્યો.

'પણ તેં તારા મોટા ભાઈની વાત તો ક્યારે ય નથી કરી?' પતિના ચહેરા પર ઉત્સુકતા ઊપસી આવી.

'એ અમારા શિક્ષક હતા. અમે એમને મોટા ભાઈ કહેતા. બધી જ છોકરીઓને બહેન માનતા. તે ક્યારેક એવી લાગણીથી કહેતા કે રેણુ! મારે કોઈ સગી બહેન નથી એની ભૂખ જીવનમાં રહી ગઈ છે. પણ હવે તો તું છે ને!—સાંભળીને આપણને આંસુ આવી જાય.' રેણુના અવાજ-માં લાગણીનો ભાર હતો.

'કોણ જાણે કેમ તેમના અમારા પ્રત્યેના પ્રેમથી ગામમાં ખોટી—હલકી વાતો થવા માંડી. હું તેમની લાડકી બહેન હતી. એક દિવસ રોષભર્યા અવાજે મને કહી દીધું: બહેન! તું મને આજથી ન બોલા-વતી; તારે ને મારે કાંઈ સંબંધ નથી. તે દી હું તો ડઘાઈ જ ગઈ. મોટા ભાઈ મને આવું કહી શકે જ નહિ. મારી એવી કાંઈ ભૂલ પણ ન હતી કે જેથી ભાઈને માઠું લાગે. છતાં...' રેણુના અંતસ્તલમાં ભાઈનો સ્નેહ હજી યે દબાઈ રહ્યો હતો. 'તમે પત્ર વાંચો ને, શું લખે છે?' તે સ્વસ્થ થતાં બોલી. પતિએ કવર ફોડી પત્ર વાંચવો શરૂ કર્યો.

'વહાલી બહેન!

તે દિવસે મને ભૂલી જવાનું કહીને મેં તને આઘાત પહોંચાડ્યો છે તે હું જાણું છું.—પણ ભાઈબહેનના શુદ્ધ પ્રેમની ખોટી વાતો તારા જીવનમાં કાંટા ન બને તેથી જ મેં એવું કહેલું. તને આજે સુખી જોઈને મારું અંતઃકરણ ઠર્યું છે. તું મારી બહેન જ છો. બે વર્ષથી ટી.બી.માં પીડાઉં છું. મને લાગ્યું કે હવે ઝાઝા દિવસ નહિ કાઢું, તેથી આ પત્ર લખી રહ્યો છું. મૃત્યુ પછી રવાના કરવા મારા મિત્રને આપી જાઉં છું.

—લિ. તારો જ ભાઈ, શૈલેશ'

ને રેણુની આંખમાં આંસુ ઉભરાઈ રહ્યાં.

આ પસંદ નથી. બીક લાગે છે માટે ભાગી જવું! એ લોકોને કેવું લાગશે? આ સાહસનું કોઈ પરિણામ નહિ આવે ત્યારે લામા પણ નિરાશ થશે.'

જ્યૉર્જે ખચ્ચરની પીઠ પરથી પાછળ જોયું. મઠ નજરમાં જોઈ શકવાનો આ છેલ્લો વળાંક હતો. સૂર્યાસ્ત પછીના પ્રકાશમાં મઠ અને આજુબાજુના આવાસો સુંદર છાયાચિત્ર બનીને દૂર દેખાતા હતા. સ્ટી-મરના પૉર્ટહૉલમાંથી દેખાતા પ્રકાશની જેમ ક્યાંક વીજળીનો પ્રકાશ દેખાતો હતો. માર્ક-૫ કૉમ્પ્યુટર હજી પણ ઝડપભેર અક્ષરોની યાદી બહાર કાઢતું હશે—અને થોડીવારમાં તેનો અંત આવવાનો હતો. એવું તો ન બને કે ગુસ્સાના આવેશમાં સાધુઓ મશીનને જ તોડી નાખે? કે પછી એકડે એકથી પુનશ્ચ હરિઃ ૐ કરશે?

વડા લામા અને સાધુઓ ત્યાં ટાળે વળીને બેઠા હશે. મશીનમાંથી બહાર નીકળતી કાગળની લાંબી પટ્ટીઓને સાધુઓ મોટા મોટા ગ્રંથો ઉપર ચોડી રહ્યા હશે. બધા જ ચૂપચાપ નિરીક્ષણ કરતા હશે—માત્ર ટાઈપ થતા અક્ષરોનો મશીન ઉપરનો ધીમો અવાજ—મહિનાઓની જહેમત

(અનુસંધાન પૃ. ૩૫૦)

संगीतसमज-१९

રાગની રચના

સાહુરામ ન્યામતરાય ચોધ

જૂન અંકમાં થાટ અને રાગની રચનાને અંતે જે શ્લોક ટાંક્યો છે તે મુજબ "સ્વર અને વર્ણથી વિભૂષિત એક વિશિષ્ટ સ્વર-સમુદાય, જે માનવ મનનું રંજન કરે, તેને પંડિતો 'રાગ' કહે છે."

સ્વરની કેવળ ગણિતપૂર્વકની રચના કે આરોહાવરોહની યોજનાથી રાગ ઉત્પન્ન થતો નથી. તેમાં આટલું જોઈએ : ૧) સ્વર ૨) વર્ણ ૩) રંજ-કતા. સ્વરના ત્રણ પ્રકાર છે : ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત. એ જ રીતે વર્ણના પણ ત્રણ પ્રકાર છે : સ્થાયી, આરોહીઅવરોહી અને સંચારી.

સા, રે, ગ, મ એવી રીતે અટકી અટકીને એક પછી એક સ્વરો ઉચ્ચા-રવા તે સ્વરોનો 'સ્થાયી' વર્ણ છે. 'સા' થી 'નિ' સુધી ક્રમવાર ચઢતા જવું તેને 'આરોહી' વર્ણ, તેમજ 'નિ' થી 'સા' સુધી ઊતરતા ક્રમે લેવાતા સ્વરોને 'અવરોહી' વર્ણ કહે છે. જ્યારે વચમાં વચમાં આરોહ કે અવ-રોહ કરવો, જેમકે 'ગ મ પ ધ, પ મ ગ રે', તેને 'સંચારી' વર્ણ કહે છે.

પણ સૌથી વધુ અગત્યની બાબત રાગનું 'રંજકત્વ' છે. બીજી બધી રીતે યોગ્ય હોવા છતાં કોઈ સ્વરસમુદાય રંજક ન બની શકે તો તેને રાગ કહી શકાય નહિ. તેથી ઊલટું, પ્રાચીન કાળમાં શાસ્ત્રના સિદ્ધાંતોનું પાલન કર્યા વિના પણ કેટલાક રાગો કેવળ જનસમુદાયની પ્રીતિને કારણે વધુ ને વધુ પ્રચલિત બનતા રહેલા. પણ તેની ચર્ચા અલગઅલગ રાગની વિચારણા વખતે કરીશું. અહીં તે જનસમુદાયને શું પ્રિય થઈ પડશે તેનો વિચાર કરી જે કેટલાક સર્વમાન્ય નિયમો ઘડાયા છે તે જોઈએ.

(૧) પ્રથમ તો 'થાટ' અને 'રાગ'નો એક મુખ્ય ભેદ જોઈએ. થાટ એ કેવળ એક વિશિષ્ટ સ્વરસમુદાય છે—જેમ કે સા રે ગ મ પ ધ નિ. પરંતુ આ જ સ્વરોને 'સા રે ગ મ પ ધ નિ સા', 'સા નિ ધ પ મ ગ રે સા' એ પ્રમાણે આરોહ તથા અવરોહમાં લેવાથી યમન રાગ ઉત્પન્ન થાય છે. આમ થાટને આરોહ કે અવરોહ નથી. જ્યારે રાગમાં આરોહ તથા અવરોહ હોવા જરૂરી છે.

(૨) નિયત કરેલા થાટના સ્વરસમુદાયમાંથી 'સંપૂર્ણ' (સાતે સ્વરો-વાળી) 'ષાડવ' (છ સ્વરોવાળી) તથા 'ઔડુવ' (પાંચ સ્વરોવાળી) જાતિની રાગરચના કરી શકાય. પાંચથી ઓછા સ્વરોમાં કોઈ પણ રાગ ન રચાય.

(૩) રાગરચનામાં 'મધ્યમ' તથા 'પંચમ' સ્વર એકસાથે વર્જ્ય થઈ શકે નહિ. જેમ કે 'સા રે ગ ધ નિ સા' સ્વરોવાળો કોઈ રાગ નથી. અહીં એક સ્પષ્ટતા જરૂરી છે કે 'મધ્યમ'ના (શુદ્ધ તથા તીવ્ર એવાં) બે રૂપો હોઈ 'મારવા' કે 'પુરિયા' જેવા રાગોમાં શુદ્ધ મધ્યમ તથા પંચમ બન્ને સ્વરો વર્જ્ય હોવા છતાં આ બન્ને રાગોમાં તીવ્ર માધ્યમ એક પ્રમુખ સ્વર તરીકે વપરાતો હોવાથી તેને આ નિયમનો બાધ નડતો નથી.

(૪) જનપ્રિયતા સાધવા સ્વરોના પણ ચાર વિશિષ્ટ વિભાગ પાડ-વામાં આવ્યા છે. શુદ્ધ કે કોમળ સ્વરોની તો આપણને ખબર છે. એ ઉપરાંત સ્વરોના 'વાદી', 'સંવાદી', 'અનુવાદી' તથા 'વિવાદી' એવા ચાર પ્રકાર છે. અહીં એક બાબત લક્ષમાં લેવી જોઈએ કે થાટરચના, રાગ-રચના વગેરેનું નિરૂપણ કરવામાં આવ્યું તે પહેલાં યે ગાન તો થતું જ હતું. પંડિતોએ તેનું નિરીક્ષણ-પરીક્ષણ કરીને પછી જ તેના નિયમો ઘડ્યા છે. વાદી, સંવાદી વગેરે સ્વરપ્રકાર પણ આ નિયમો ઘડાયા પછી નક્કી થયા હોય તેમ લાગે છે. રાગમાં જે સ્વરનો વારંવાર પ્રયોગ થતો હોય અથવા જે સ્વરને આધારે જ તે રાગ ઓળખાઈ આવે તે સ્વરને 'વાદી' સ્વર કહે છે. આ વાદી સ્વર સાથે સુમેળ સાધે તે રીતે બીજો એકાદ સ્વર પણ વારંવાર દેખા દે તેને તે રાગનો 'સંવાદી' સ્વર કહે છે. સામાન્ય રીતે સંવાદી સ્વર વાદીથી પાંચમો આવે તે સ્વર હોવો જોઈએ એવો નિયમ છે. જેમ કે કોઈ રાગમાં વાદી સ્વર 'સા' હોય તો તે રાગમાં સંવાદી સ્વર 'પ', વાદી 'રે' હોય તો સંવાદી 'ધ' એ પ્રમાણે ગણાય. આ એક સા-ધારણ નિયમ છે. તેમાં અપવાદ પણ હોઈ શકે. જેમ કે 'સા રે ગ પ ધ' સ્વરોવાળા કોઈ ઔડુવ રાગમાં 'રે' વાદી સ્વર હોય તો પછી પાંચમો સ્વર કયો લેવો? આ સ્થળે ચોથો કે છઠ્ઠો—એટલે કે 'પ' અથાવ 'સા' (તારષડજ) સંવાદી સ્વર તરીકે લઈ શકાય.

વાદી તથા સંવાદી સ્વરો સિવાય જે જે સ્વરો ગવાતા રાગની રંજ-કતામાં વૃદ્ધિ કરતા હોય તેને 'અનુવાદી' સ્વરો કહે છે. પરંતુ 'વિવાદી' સ્વર તો એ રાગમાં લેવાતો નથી. પણ ક્વચિત્ વિવાદી સ્વરનો ઉપયોગ કરીને રાગમાં કાંઈક ચમત્કારિક અસર લાવી શકાય છે.

આવા પ્રયોગમાં વિવાદી સ્વર મુખ્યત્વે તો વાદી કે સંવાદી સ્વરની નજીકનો જ સ્વર હોય છે, અને સામાન્ય રીતે એ રાગમાં તે લેવાતો નથી, છતાં કુશળ ગાયક ક્યારેક તેને સ્પર્શીને રાગમાં અદ્દભુત અસર પેદા કરે છે. અથવા કોઈ ગાયક એવા વિવાદી સ્વરનો પ્રયોગ કરીને એકાદ નવો જ રાગ પણ પ્રચારમાં આણે છે. જૂના પ્રચલિત રાગરૂપમાં એનું આગવું ઉમેરણ કરીને એ નવા સ્વરૂપને પ્રચારમાં મૂકે છે. કાળાનુક્રમે એ નવું રૂપ લોકપ્રિય પણ બની જાય છે. અગાઉ બિહાગ રાગમાં તીવ્ર મધ્ય-મનો પ્રયોગ ક્વચિત્ જ કરવામાં આવતો. બસો-ત્રણસો વર્ષ પહેલાંની બિહાગની ધ્રુપદ ધમારની ચીજોમાં તીવ્ર મધ્યમ બિલકુલ જોવા મળતો નથી. પરંતુ આ રાગમાં તીવ્ર મધ્યમ વર્જ્ય સ્વર પણ નથી. વળી, બિ-હાગ એક રાત્રિગેય રાગ છે. રાત્રિગેય રાગોમાં તીવ્ર મધ્યમ હમેશાં લેવા-તો દેખાય છે. આને લીધે હમણાં હમણાં બિહાગ રાગમાં કાયમ બે મધ્યમનો પ્રયોગ થતો જોવા મળે છે. આથી હવે બિહાગનું સ્વરૂપ વર્ણ-વવામાં આવે ત્યારે તેમાં તીવ્ર મધ્યમની ગણના પણ કરવી પડે છે. વિવાદી સ્વરના પ્રયોગ દ્વારા પ્રચલિત રાગ રૂપ બદલવાનું આ એક ઉદાહરણ છે. તેવી જ રીતે 'શુદ્ધ કેદાર'માં તીવ્ર મધ્યમ તથા શુદ્ધ માધ્યમ એક સાથે લઈ તેને 'ચાંદની કેદાર' નામના રાગથી ઓળખવામાં આવે છે. આ પણ વિવાદી સ્વરના પ્રયોગનો જ પ્રભાવ કહી શકાય.

માલકૌંસમાં 'પંચમ્' સ્વર કેવળ વર્જ્ય છે. છતાં એમ કહેવાતું હતું કે સ્વ. ઉસ્તાદ રહિમતખાં અવારનવાર માલકૌંસમાં 'પંચમ' લઈ અદ્દ-ભુત અસર ઉપજાવતા. પણ કોઈ સામાન્ય ગાયક આનું અનુકરણ કરી શકે નહિ. વિવાદી સ્વર તરીકે પણ આવો પ્રયોગ નિષિદ્ધ મનાય છે. એટલું કહી શકાય કે વિવાદી સ્વરના પ્રયોગો વડે ઘણા નવા રાગો પ્રચારમાં આવ્યા છે. દા. ત. 'માલકૌંસ'માં 'કોમલ'ને સ્થાને 'શુદ્ધ નિષાદ' લઈ 'ચંદ્રકૌંસ' રાગ ગવાય છે. આગ્રા ઘરાણાના ગાયકો તો વળી, માલકૌંસમાં અવરોહમાં 'પંચમ' તેમજ કોમલ 'ઋષભ' સ્વરો લઈ 'ચંદ્રકૌંસ' ગાય છે. સૂર્યકૌંસ, જોગકૌંસ જેવા રાગો પણ આવી રીતે પ્રચારમાં આવ્યા છે.

આ વાદી, સંવાદી, અનુવાદી તથા વિવાદી સ્વરોને 'રાજા', 'પ્રધાન', 'અનુચરો' તથા 'ચોર'ની સંજ્ઞાઓ પણ આપવામાં આવે છે. રાગમાં તેમના પ્રાબલ્ય અને પ્રાધાન્ય ઉપરથી આ સંજ્ઞાઓ અપાઈ હશે તેમ માની શકાય.

(ચાલુ)

જીવનપટનાં સ્મૃતિચિત્રો

રવિશંકર રાવળનું
આત્મકથાનક ૧૦૧

આ વખતે પણ મુંબાઈમાં મારો મુકામ ભાઈ પરમાનંદને ત્યાં રાખ્યો. ભાટિયા શેઠ સાથે અરબ ગૃહસ્થને ત્યાં જઈ ચિત્ર બતાવ્યું. તેમને ચહેરામાં જરા ફેર લાગવાથી મેં તેઓ એક કલાક સુધી સામે બેસે તો બરાબર કરી આપવાનું કહી સમય માગ્યો.

૫૦૫ મારી નિષ્ફળતા અને ખિન્નતા

બીજે દિવસે મકાનના અંદરના ભાગમાં નાના ચોકમાં તેમની બેઠક ગોઠવી મેં કલાક સુધી મારી શક્તિ પ્રમાણે જીવંત છાયા-પ્રકાશ ચહેરા પર ઉતાર્યાં. તેમને કલાક બહુ ભારે પડ્યો હશે. ઊંચાનીચા થતાં વખત પૂરો કર્યો. તેમનાં પત્ની અને નોકરને જોવા બોલાવ્યાં. બાનુએ મારી તરફ મોં છુપાવ્યું હોઈ તેના ભાવ હું જોઈ શક્યો નહિ, પણ તેમની ભાષામાં તેમણે કંઈ કહ્યું તે પરથી અરબ ગૃહસ્થે મારી સામે જોઈ કહ્યું: 'બરાબર નથી.' મેં ભૂલ જાણવા પ્રશ્ન કર્યો, પણ કહે કે 'કાલે પ્રયત્ન કરજો.'

બીજે દિવસે એ જ સમયે ગયો અને તેમણે એક કલાક બેઠક આપી. ફરી એનું એ જ નાટક. હું કાયર થઈ ગયો. મારું પાણી ઊતરી ગયું. વધુ બોલ્યા વિના રંગપેટી લઈ બહાર નીકળી આવ્યો: આજની ઘડી ને કાલનો દી. ફરી મેં બાકીનાં નાણાં માગવાની પણ હિંમત કરી નહિ. ભાટિયા શેઠે વાત જાણી ત્યારે કહ્યું: 'એ લોકો ચિત્રોમાં કશું સમજે નહિ.'

૫૦૬ હાજીના હાલ

આ દરમિયાન હું રોજ હાજીમહમ્મદ પાસે હાજરી આપ્યા વિના રહેતો નહિ. તેમનું શરીર ઊતરી ગયું હતું. તાવ પછીની અશક્તિ જણાતી હતી. તે બહાર જઈ શકતા નહોતા. નેત્રમણિ બહારનું કામકાજ સંભાળતા. એક વાર દાદરો ઊતરતાં અમે સાથે થઈ ગયા ત્યારે શેઠની નાણાંતંગીની વાત એમણે કરી: 'શેઠનાં નવાં પત્ની ગુજરાતી મુદ્દલ જાણતાં નથી. શેઠને ફાવેતેમ ભાંડે છે. ગમેતેમ કરી તેમને હાથખર્ચીના રૂ. ૫૦ આપે ત્યારે જ શાંત થાય. એક વાર તો કાનોકાન સાંભળ્યું: યે તુમ્હારે સબ કાગઝોંમેં આગ લગા દૂંગી. શેઠના દિલમાં શી લ્હાય ચાલતી હશે તે પરમાત્મા જાણે. લવાજમોની આવક-ઉઘરાણી મોટા પુત્ર ગુલામહુસેન હસ્તક છે. શેઠને કંઈ રકમ જોઇએ તો તેની પાસે માગવી પડે. ગુલામહુસેન બહેરા એટલે સાંભળ્યું ન સાંભળ્યું કરે, યા પૈસા આવ્યા નથી કહી આનાકાનીએ એકાદ નાની નોટ આપે. વળી હમણાં તેની મદદમાં પ્રાણજીવન કરી એક ઉસ્તાદ હિસાબી કારકુન છે, તેથી ગુલામહુસેન નવી મા ઉપર દાઝ કાઢે છે. કંઈક ખાનગી મૂડી પણ ગાંઠે કરે છે...' વગેરે.

આ બધું જાણી મેં ઊંડો નિસાસો મૂક્યો. હાથી ખાડામાં પડ્યો હોય તેને કોણ કાઢી શકે? મારું ગજું શું? તો પણ મેં હાજી સાથે વાત કરવા હિંમત કરી ત્યારે તેમણે કહ્યું: 'હવે પ્રયત્નો નકામા છે. કિસ્મત ફરી બેઠું લાગે છે. જુઓને, અત્યાર સુધી તો મિત્રોની મદદથી ગમેતેમ ગ્રાહકો કરી ચલાવ્યું, પણ હવે તે માર્ગ પણ બંધ થયો છે. એક ગૃહસ્થે 'વીસમી સદી' લિમિટેડ કરવા એક લાખની યોજના આપી. તેમાં તંત્રી તરીકે મને રૂ. ૩૦૦ ને ચાલુ આર્ટિસ્ટ તરીકે તમારા રૂ. ૧૦૦ મેં મુકાવ્યા તે તો મંજૂર કર્યા, પણ મારા પર ચડેલું રૂ. ૧૦,૦૦૦નું દેવું વહોરી લેવા ઇન્કાર કર્યો. હવે તો નભે એટલું ખરું. નેત્રમણિને પણ મારે છૂટા કરવા પડશે કારણ કે તેને તો દર માસે નિભાવ પૂરતો પગાર જોઇએ જ. માણસ ખૂબ પ્રામાણિક અને નિષ્ઠાવાન છે, પણ હું હવે નિરુપાય થયો છું.'

આ સાંભળી હું મનમાં ને મનમાં સિવાઈ ગયો. આખરે હિંમત કરી પૂછ્યું: 'તમને મેં બચુભાઈનું 'જ્ઞાનાંજલિ' બતાવ્યું છે. તેમનામાં પત્ર-સંપાદનની ઉત્કટ અભિલાષા છે. એ તમારી પાસેથી અનુભવ અને તાલીમની ઇચ્છા રાખે છે. તમારી પાસે એ આવે તો કેમ?'

'હું કશું કહી શકતો નથી. અહીં આવી મારી હાલત જુએ અને તેને ઠીક લાગે તો મારી સાથે કામ કરી જુએ, પણ હું કશા બદલાની આશા આપતો નથી.'

'હું મારી રીતે પ્રયત્ન કરી જોઇશ' કહી મેં વિદાય લીધી. તેમણે મુનશીએ શરૂ કરેલી નવી વાર્તા 'કોનો વાંક'નાં ચિત્રો કરવાની નોંધ આપી. તે લઈ હું વિદાય થયો.

પાછા આવ્યા પછી અમદાવાદમાં મારે શું કરવું તેની ચિંતા કરતો હતો એવામાં મને મારા મિત્ર હીરાલાલ પારેખે ગુજરાત વર્નાક્યુલર સોસાએટી માટે દી. બ. અંબાલાલ સાકરલાલનું મોટું તૈલચિત્ર વૈકુંઠરાય શ્રીપતરાય ઠાકોર તરફથી કરવાનું કામ સોંપ્યું એથી મારામાં હોંશ આવી. હું બહુ સાદાઈથી રહેતો એટલે મારો ઘરખર્ચ નીકળે એટલા કામ પછી હું કોઈ પણ સમાજસેવાના કામમાં જોડાઈ જતો.

૫૦૭ હાજીનો સાદ

હાજીમહમ્મદના હૃદયદ્રાવક પત્રો આવ્યે જતા. બચુભાઈ રાવત રોજ સાંજે 'સસ્તું સાહિત્ય'માંથી છૂટી મને આવી મળતા અને મારો સર્વ પત્રવ્યવહાર વાંચી મારા વિચારોમાં જોડાતા. તેમને હાજી પાસે જઈ ખભો મિલાવી સેવા આપવાનાં સ્વપ્ન આવતાં. એક વાર તેમને તેમનાં રૂબરૂ દર્શન કરી મનની અભિલાષા પૂર્ણ કરવાની ઇચ્છા હતી એટલે મેં તેમને હવે પછીના મારા મુંબાઈના પ્રવાસમાં સાથે લઈ જવા ઠરાવ્યું અને હાજીને તેમની ક્રિયા-કુશળતા તેમજ સંસ્કાર-વિધાયકતાની પ્રતીતિ કરાવે તે માટે સર્વ હસ્તલિખિત અંકો સાથે તૈયાર રહેવા કહ્યું.



ા. સ્લેટરંગી કાગળ ઉપર માત્ર સફેદ રંગથી સીધો પીંછી વડે બચુભાઈ રાવતનો—૧૯૨૦માં બંને મુંબાઈ હાજીમહમ્મદ પાસે ગયા તે ગાળામાં—કરેલો સ્કેચ (ર. મ. રા.) તસ્વીર-આલેખનની હથોટી પરિપક્વ કરવા ત્યારે જે અવનવા પ્રયોગો થતા હતા તેનો નમૂનો.

હાજીમહમ્મદ હવે દિવસો ખેંચ્યે જતા હતા. કામ અને જવાબદારીઓના ભારે ઘસારા નીચે તેમનું મનોબળ ડગી જતું હોય એમ તેમના પત્રોથી મને લાગ્યું. હું વધુ ધીરજ ધરી ન શક્યો. બચુભાઇને નોકરી પરથી તરત રજા લેવડાવી હું મારી સાથે મુંબાઈ લઈ ગયો. આ વખતે મારા મિત્ર હીરાલાલ શાહે તેમના પિતા વખતનું છીપી ચાલનું મકાન છોડી પ્રિન્સેસ સ્ટ્રીટ પર એક હવા-ઉજાસવાળા વિશાળ ફ્લૅટમાં નિવાસ કર્યો હતો. તેમના પિતાના એકાએક ગુજરી જવા પછી બે (મંગળદાસ અને મૂળજી જેઠા) મારકીટની કાપડની દુકાનોની જવાબદારી તેમના પર આવી પડી હતી, પણ ધીર ને ઉદાત્ત ગુણવાળા હીરાભાઇએ ઉદારતાથી ભાગીદારી છૂટી કરીને ધંધાનો દોર હાથ કરી લીધો હતો. તે સાથે ગાંધીજીના વિચારોના સૂક્ષ્મ નિરીક્ષક અને પ્રશંસક બન્યા હતા. સ્વામી આનંદ અને કાકાસાહેબના પણ નિકટ સ્નેહી થયા હતા અને તેમનો મુકામ પણ વારંવાર હીરાભાઇને ત્યાં જ રહેતો. જોકે આ વખતે અમારો મુકામ તો અમે સૅન્ડહર્સ્ટ રોડ ઉપર કેશવબાગમાં મારા મિત્ર પરમાનંદને ત્યાં જ રાખ્યો હતો, પણ હીરાભાઇને મેં હાજીની પરિસ્થિતિ જણાવી અને તેમના કરુણાળુ હૃદયમાં કંઈક સહાય કરવા પ્રેરણા થઈ. મેં તેમને બચુભાઈ રાવતના ગુણો સમજાવી હાજી પાસે રહી શકે એવી યોજનામાં સહાય થવા કહ્યું. તેમણે હાજી આપી શકે તે ઉપરાંત જો કંઈ ખોટ રહે તો તે પૂરી આપવા કબૂલાત આપી.

એમ બધો ઘાટ ઘડીને હું બચુભાઈને હાજીના નિવાસ પર લઈ ગયો. હાજી ખૂબ ઢીલા થઈ ગયા હતા. પણ મારી વાત તે ઉડાવી શક્યા નહિ. આમે ય તેઓ શ્રી બચુભાઈના સાહિત્ય-કળાના પ્રેમ અને સક્રિય સંપાદનકાર્યથી પ્રભાવિત થયા હતા, અને મેં તેમના પુરસ્કાર સંબંધી નિશ્ચિત કર્યા એટલે બચુભાઈ વહેલી તકે હાલની નોકરીથી છૂટા થઈ મુંબાઈ આવી જાય તે વાત હાજીએ સ્વીકારી. હીરાભાઈએ છ માસ સુધી બચુભાઈ માટે પોતાને ત્યાં વાસો આપવા સ્વીકાર્યું. આ સિવાય હાજીની બીજી સહાય તો હું શું કરી શકું? હું જ સંસારસાગરમાં ઘબી રહ્યો હતો, છતાં બચુભાઈ જેવા ઉત્સાહી કાર્યકરને તેમના સાથમાં જોડી દેવાનો યોગ મળ્યો તેથી સંતોષ લેતો હતો.

૫૦૮ સંજોગો

થયું. હું ને બચુભાઈ અમદાવાદ પાછા આવી ગયા પછી બચુભાઈએ તો સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયમાંથી છૂટા થવાની નોટીસ આપી દીધી અને જાન્યુઆરી પૂરો કરી મુંબાઈ જવાનું નક્કી કરી નાખ્યું.

બીજી તરફ અમદાવાદમાં ગાંધીજીના અસહકારના આંદોલને અનેક પ્રકારની જાગૃતિ અને પ્રવૃત્તિઓને વેગ આપ્યો હતો. સ્વામી આનંદને લીધે આશ્રમ અને રાષ્ટ્રીય શિક્ષણની પ્રવૃત્તિઓમાં મને ઊંડો રસ પડતો હતો. કોઈ એવો દિવસ ન જતો કે અમને ભારતભરમાં ઠામોઠામ થતા અસહકારના પ્રયોગના સમાચાર મળતા ન હોય.

સ્વામી આનંદે ગાંધીજીની સૂક્ષ્મતા અને ચીવટ પ્રમાણે 'નવજીવન' અને 'યંગ ઈંડિયા'નું મુદ્રણ કરતાં મશીનો પાસે પોતાની પથારી નાખીને સંભાળી લીધું હતું અને તે માટે ગાંધીજીએ તેમને સંપૂર્ણ નિશ્ચિંત કરી દેવા માટે મુક્ત કંઠે ધન્યવાદ આપતો પત્ર પણ લખ્યો હતો.

અમદાવાદમાં ભારતનું ભાવિ ઘડાઈ રહ્યું હતું. રાષ્ટ્રીય શિક્ષણમાં ગાંધીજીએ ત્યાગવૃત્તિ કેળવવા ઉપર પ્રધાન ભાર મૂક્યો હતો. અમારા મિત્રમંડળમાં પણ તેનો જબ્બર જુવાળ આવ્યો હતો. કોઈ પણ પળે અમે આ પ્રવાહમાં ખેંચાઈ જઈશું એમ થતું હતું, પણ ડૉ. હરિપ્રસાદ જેવા સન્મિત્રનો બોધ હતો કે આપણો બોજો રાષ્ટ્રીય ફાળા ઉપર પડવો ન જોઇએ. આપણે સ્વકર્મ કરતાં કરતાં રાષ્ટ્રીયતાનું પાલન કરીશું.

ગાંધીજીના શબ્દો ગાજતા હતા: 'તમારાં છોકરાંને સરકારી નિશાળોમાંથી ઉઠાડી લો. સરકારી નોકરીઓ અને વકીલાત છોડો. ધારાસભામાં તમારા પ્રતિનિધિઓને ન મોકલો. રેંટિયા પર સૂતર કાંતો અને ખાદીનાં કપડાં વણાવી પહેરો.' પછી કેળવણીમાં સૂત્ર આપ્યું: 'सा विद्या या विमुक्तये'.

૧૯૨૧ની ૧૩મી જાન્યુઆરીએ તેમણે શિક્ષણમાં કાંતવાનો અભ્યાસક્રમ દાખલ કરવાનો આદેશ આપી દેશમાં મોટો ધડાકો કર્યો. અસહકારને ખરો કરવા રોજ એક એક કલાક સૂતર કાંતવું અને કાપડની તંગી નિવારવી. નવ મહિનામાં સ્વરાજ લેવું હોય તો દરેક શિક્ષણસંસ્થામાં રેંટિયા ને શિક્ષણનો યોગ કરવા ફરમાવ્યું. એ દિવસે ઘણાને આ વાત વાહિયાત લાગી પણ તેમાંથી ભવ્ય ઇતિહાસ સર્જાયો.

૫૦૯ વિધિ-નિર્માણ

બચુભાઈ મુંબાઈ જવાની તૈયારી કરી રહ્યા હતા. અમારા પરિચયમાં આવેલા થોડા મિત્રોને તેથી આનંદ થયો. સૌને દેશમાં નવું વાતાવરણ સરજવાની લગની હતી, પણ વિશાળ દષ્ટિવાળું માર્ગસૂચન કરનારાનો દેશમાં અભાવ જણાતો. તો પણ રાષ્ટ્રીય વિદ્યાપીઠની સ્થાપના થતાં અમદાવાદમાં ઘણા વિદ્વાનો અને નેતાઓ આવતા. તેમનાં વ્યાખ્યાનોના ખબર બચુભાઈ અચૂકપણે લાવતા અને તેમાંથી અમારા વિચારો અને કાર્યોની દિશા અમને યથાયોગ્ય મળતી રહેતી.

આમ રાષ્ટ્રીયતાની હવામાં અમે ફૂલતા ફાલતા વધતા હતા. હું હાજીના 'વીસમી સદી' દ્વારા ગુજરાતમાં નવી સ્ફુરણાઓ પ્રકટાવવાની હામ રાખી રહ્યો હતો અને તે દૃષ્ટિએ મિત્રો, પિછાનો, લાગવગ વગેરેના તાર ગોઠવતો હતો. એવામાં દિશાઓ અંધારી કરી નાખે એવો આઘાત અનુભવ્યો. તા. ૨૧ જાન્યુઆરી ૧૯૨૧ના રોજ મુંબાઇથી હાજીના મોટા પુત્ર ગુલામહુસેનનો તાર મળ્યો કે હાજી બેહસ્ત સિધાવી ગયા!

તાર મેં બચુભાઈને બતાવ્યો. મુંબાઈ જઈ હાજીના આશરે જે ભાવિ આદર્શોનાં સ્વપ્નાં ઘડી રહ્યા હતા તેના મનની હતાશા અને મૂંઝવણ હું તરત સમજી શક્યો. મુંબાઈ જવાને એમણે નોકરીનું રાજીનામું આપી દીધું હતું. હવે આવતા મહિને શું કરવું તેનો પ્રશ્ન ઊભો થયો.

મારા અંતરમાં પણ કંઈક મથામણો થવા લાગી. મેં તરત ખેદ દર્શાવતો આશ્વાસનનો તાર કરીને પછી લાંબો પત્ર હાજીના પુત્રો પર લખી નાખ્યો અને થોડા વખતમાં મુંબાઈ રૂબરૂ આવી જઈશ એમ પણ લખ્યું. હાજીની સાથે 'વીસમી સદી' પણ હમેશ માટે સૂતું. વિદ્વાનોએ, લેખકોએ, કવિઓએ અને તંત્રીઓએ અથાગ લાગણીથી તેમના અવસાનની નોંધ લીધી. ન પુરાય એવી ખોટ ગુજરાતને પડી. પણ પછી શું? આ કલાભક્તની શહીદીનું કાયમનું સ્મારક કરવા કલ્પના કોઇને પણ ન સૂઝી. હું માનતો હતો કે મુંબાઈમાં કંઈક એવા ભડ મનુષ્યો છે જેના શબ્દથી સૃષ્ટિ બની શકે, એવા કોઈ તેમની યોગ્ય સ્મૃતિ માટે હિલચાલ શરૂ કરી દેશે.

૫૧૦ મારો વિક્ષોભ

પરંતુ ત્યાં કોઈ સળવળતું લાગ્યું નહિ એટલે મારા અંતરમાં વિક્ષોભ ઊપજ્યો. માણસ જાહોજલાલ હોય ત્યારે તો સૌ તેને પ્રશંસે, પણ કબરમાં ચિરનિદ્રા કરે ત્યારે તેને હૃદયમાં સંઘરનારા કેટલા? મારું મન મને પૂછવા લાગ્યું: 'તું પોતે શું કરી શકે તેનો જ ખયાલ કરી લે. કોઈની રાહ જોતો ન બેસ.' તરત મેં બચુભાઈને એક સ્મારક ગ્રંથ કાઢવાનો મારો વિચાર જણાવ્યો. પોતાનું યોગક્ષેમ મારી જવાબદારી પર છોડી તે સાથ આપવા તૈયાર થયા. પણ અમારું ગજું કેટલું તેનો વિચાર કંપાવતો હતો. છતાં ભીરુતા છોડી અમે ઘાટ કર્યો કે કૃતિ સુયોગ્ય થશે તો જરૂર તેનો ખર્ચ ઊપડી જશે. પુસ્તક પાર પડે ત્યાં સુધી પ્રારંભિક ખર્ચનું શું? હું જીવનલાલ અમરશી મહેતા પાસે ગયો. તેણે કહ્યું તમે ગ્રંથની સામગ્રી એકઠી કરો; ખર્ચનું થઈ રહેશે, ચિંતા કરશો નહિ. તેમના આટલા શબ્દો પર મેં હાજી સ્મારક ગ્રંથ કરવાની અપીલ ઘડી કાઢી અને જીવનલાલભાઇએ તે છપાવી આપી. (ચાલુ)

શાહુકારી ચોરી

લેખક
ચન્દ્રવદન
મહેતા

કૅનેડાથી નીચે સ્ટેટ્સમાં ઊતર્યો. સાઠેક વર્ષો પહેલાં વડોદરામાં ભણતા ડૉ. ભાસ્કર ઘોષને શરૂઆતમાં મળેલા, તે અહીં યાદ કરી લઇએ. સાઠ સાઠ વર્ષની મૈત્રીની પ્રીતને સુવર્ણ કે હીરક મહોત્સવ ગણી કોઈ ઊજવતું હોય એવું સાંભળ્યું નથી, પણ અમે એ ઊજવી શકીએ. બહુ મીઠો એકધારો સંબંધ. ચર્ચામાં યે વાદ-વિવાદે કે ચડભડાટે ચડયા હોય એવું યાદ નથી. આ સ્થળે એમને યાદ કરવાનું કારણ એટલું જ કે એક મશહૂર શાહુકારી ચોરી—એટલે કે સુસંસ્કૃત ગણાતી વ્યક્તિએ ખૂબીથી કરેલી ચોરીના કિસ્સામાં ડૉ. ભાસ્કર ઘોષ, મારા બીજા મિત્ર વિલોચન ધ્રુવ, ને થોડેઘણે અંશે હું સંડોવાએલા.

આપણે ગઠરિયાંમાં ઘણી વાર સ્વ. કેશવ હર્ષદ ધ્રુવસાહેબ સાથેના સંબંધનો પણ ઈશારો કરી ગયા છીએ. એમને ઘેર અમદાવાદમાં ઊતરવું; ગુજરાત કૉલેજમાં ક્દીક એમના વર્ગોમાં જવું; એમની સાથે થોડો પ્રવાસ પણ ખેડવો; એ બી.એ.ની મૌખિક પરીક્ષામાં મારા પરીક્ષક; એમને અવારનવાર મળવાનું થવાના કારણે મારા 'યમલ' કાવ્યગુચ્છ માટે પૃથ્વી છંદ ઉપર આમુખ લખી આપવાની ભાવભરી કૃપા કરવી;—આમ એમણે મારા ઉપર વડીલની કૃપા વરસાવેલી. ડૉ. ઘોષનાં સંતાનોના એ દાદાજી—માતામહ, એટલે કૅનેડાની સરહદ છોડી તરત બૉસ્ટન, ન્યૂ હેવન, અને ન્યૂ યૉર્ક એ નિકટનિકટનાં શહેરોમાં ડૉ. ઘોષનાં સંતાનોના માળા-માં રહી થોડી રજા વહેંચી નાખી. બૉસ્ટનમાં ડૉ. શ્યામ ઘોષ, ન્યૂ હેવન-માં સૌ. મેધા ઘોષ, એસન અને ન્યૂ યૉર્કમાં ચિ. નિયતિ ઘોષ—ત્રણેને મળ્યો, પણ ડૉ. ગૌરાંગ ઘોષને ન મળાયું. ૧૯૩૦–'૩૨માં મુંબાઈ ઑપેરા હાઉસમાં ન્યૂ ઇરા નિશાળમાં નાનકડી મેધા ઘોષે મારાં 'રમકડાંની દુકાન' નાટકમાં જાદુઇ ઢીંગલીનો પાઠ અને નૃત્ય કરેલાં એ જોનારાઓને તો યાદ હશે જ. આ લેખક ત્યારે (બુઢ્ઢો નહિ પણ) નાટકમાં સફેદ દાઢીવાળા હુસેનચાચા બન્યો હતો! બસો-અઢીસો બાળકો સાથે ભજ-વાએલું એ નાટક. ત્યારે ત્યાં ઑપેરા હાઉસમાં માઇક્રોફોન નહિ. અને આજે એ ઑપેરા હાઉસમાં રોજ સિનેમા થાય છે એવો દાખલો તો ફક્ત હિંદુસ્તાનમાં જ જોવા મળે! એ આપણો સાંસ્કૃતિક વિકાસ! ૧૯૧૧માં બિચારાઓએ અંગ્રેજી રાજ્યમાં જરા નાનું પણ સુંદર ઑપેરા હાઉસ બાંધ્યું, એની હવે કેવી વિકૃત દશા! જીવનમાં—સંસારમાં એવું પણ બને!

ધ્રુવસાહેબ જોડેના સંબંધની એક વણ-નોંધાએલી વાત કહું. ૧૯૩૮ ની સાલમાં એમનું અવસાન થયું. ત્યારે અમે ભમતારામ; મુંબાઇના 'કોંગ્રેસ બુલેટિન' ચલાવવાના કામમાંથી, એ કામ બંધ થવાના કારણે છૂટા હરતાફરતા; અને કશો નોકરીધંધો હાથમાંથે નહિ. ઑલ ઇન્ડિયા રેડિયો સરકાર હસ્તક ચાલતો એટલું જાણતા. ત્યાં અમારા એક મિત્ર આનંદરાવ ઘોલેકર લગભગ બધા જ પ્રોગ્રામ ચલાવે : ગુજરાતી, મરાઠી, હિન્દી, અંગ્રેજી અને નવા હાકેમ ઝુલ્ફિકાર બુખારીની નિમણૂક થએલી. ત્યારે એ ઘોલેકર મને શોધતા આવેલા ને એકાદ નાટકની માગણી કરેલી. અમે 'પ્રેમનું મોતી' ભજવવાનું નક્કી કરેલું. એ શ્રી ઘોલેકરનું હમણાં ૧૯૬૯માં અવસાન થયું. બહુ ખાનદાન માણસ એ. લાગણીથી ભરપૂર. એનો જુવાનજોધ દીકરો કોઇને બચાવવા વજ્રેશ્વરીમાં તરવા પડયો ત્યાં ડૂબી ગયો, એ કારી ઘા હંમેશાં હૈયે ઢાંકેલો રાખીને એ કામ કર્યા કરે.

અમારા નાટકની તારીખને દિવસે સવારે જ કેશવ હર્ષદ ધ્રુવ ગુજર્યા. સાંજના પણ અમે થાકેલા, વ્યગ્ર; રેડિયો પર જવું કે ન જવું એવી હૅમ-લેટિયા મનોવૃત્તિ; રાતે સાડા નવે પ્રોગ્રામ; ત્યારે કોઈ ટાઇમિંગ લેવાનાં કે સ્ટૂડિયોમાં જઈ રિહર્સલો કરવાનાં નહિ જ. માઇક્રોફોન આગળ ઊભા



'વસંતવિલાસ'
કાવ્યના ઉદ્ધારક
પ્રો. નૉર્મન બ્રાઉન

રહી પાઠ વાંચી જવાના. અમે ઘર ઉપર બે-ત્રણ વાર રિહર્સલ કરેલું. અમે એટલે અમારી મિત્રોની ટોળી : ભાનુશંકર વ્યાસ, જ્યોતીન્દ્ર દવે, યજ્ઞેશ શુક્લ, પરમસુખ પંડયા, જમુભાઈ દાણી, વિલોચન ધ્રુવ અને અમે પોતે. ભાઈ ઘોલેકર સાંજે મળ્યા. એમને પણ આ દુઃખદ સમાચાર-ની ખબર પડી હતી. અમે એને ના જ કહેવાના હતા, અને એ પણ પ્રોગ્રામ રદ કરવા કબૂલ હતા. પણ મને એક તુક્કો સૂઝ્યો. અમે કહ્યું કે તમારા હાકેમને કહો કે નાટક અમે થોડું કાપી નાખીશું, પણ શરૂઆત-માં મને પાંચ દસ મિનિટ સદ્‌ગત કેશવ હર્ષદ ધ્રુવને અંજલિ આપવા દે. વચ્ચે બે-અઢી કલાકનો જ ગાળો હતો, એટલે એમણે સૂચવ્યું કે તમે આવો તો ખરા; ત્યાં જોઈશું.

અમે પહોંચ્યા. અલબત્ત વિલોચન ધ્રુવ તો અમારી સાથે ન જ આવી શકયા. પણ અમે જેવા ત્યાં પહોંચ્યા એવા જ મિ. બુખારી મને પૂછવા લાગ્યા કે આ ધ્રુવસાહેબ કોણ? મારી એમની સાથેની એ પહેલી મુલાકાત. મેં એમને વિગતો આપી. બે મિનિટ વિચાર કરી કહે કે ભલે, કંઈ લખી શકો તો સારું. મેં ના કહી. હવે વળી લખવા કયાં બેસીએ? અમારા મનમાં એટલો બધો ભાર છે કે કશું અબઘડીએ લખાયબખાય નહિ. એ તો ત્યારે જે બોલાય તે ખરું. અને એમણે રજા આપી. પોતે હાજર પણ રહ્યા. મેં દસેક મિનિટ ગળગળા કંઠે ધ્રુવસાહેબને અંતિમ અંજલિ આપી. પછી વચ્ચે કોઈ રેકોર્ડ નહિ ને તરત નાટક શરૂ કર્યું. જુઓ, એ જમાનો કેવો, કે પૂરા બારચૌદ કલાક થઈ ગયા છતાં અમદાવાદ-માં આ ઘટનાની કોઇને ખબર ન હતી. શ્રી હીરાલાલ ત્રિભોવનદાસ પારેખ, ત્યારે ગુજરાત વર્નાક્યુલર સોસાઍટી (હવે ગુજરાત વિદ્યાસભા) ના મંત્રી. એ નાટક સાંભળવા તલપીને બેઠા હતા. એમણે શરૂઆતમાં અમારી અંજલિ સાંભળી, ને ડઘાઈ ગયા! એમણે તરત જ શ્રી ડાહ્યાભાઈ દેરાસરીને ચિઠ્ઠી લખી ખબર આપ્યા. ડાહ્યાભાઈ તો ધ્રુવસાહેબના નિ-કટના મિત્ર. એમને પણ આઘાત લાગ્યો, અને ટૂંક સમયમાં એ પણ ગુજરી ગયા. પરંતુ મૂળ વાત એ કે ધ્રુવસાહેબ સાથેનો મારો સંબંધ આ પ્રકારનો, એટલે એમને ત્યાંથી થએલી ચોરીના કિસ્સામાં મને રસ.

બૉસ્ટન જોયું, ફર્યો, પ્રખ્યાત એમ. આઈ. ટી.ની સંસ્થા જોઈ. યુનિવર્સિટી હોસ્ટેલમાં, પૂરું પાધરું મારી પાસે સરનામું નહિ એટલે, ઉમાશંકર જોશીની દીકરી નંદિનીને આ બિલ્ડિંગથી બીજા બિલ્ડિંગમાં શોધી, પણ તે દિવસે તો ભાળ ન જ મળી. પછી સહેજે પત્તો લાગ્યો. એને ત્યાં જમ્યા. ન્યૂ હેવન ઊપડયા. સૌ મેધાના પરિવારને મળ્યા, ત્યાં રહી ન્યૂ યૉર્કમાં ચિ. નિયતિને મળી, ફિલાડેલ્ફિયા પહોંચી સૌ. પન્ના

(અસલમાં મોદી હવે નાયક)ને ત્યાં જઈ બે દી ગાળ્યા. ત્યાંથી વૉશિંગ્ટન તરફ ઊપડવાનો મનસૂબો. બરફ તો અહીં પણ ક્યાં નહોતો ? ઈ. ૧૯૬૬-'૬૭માં હિમવર્ષાને પણ વિક્રમ સરજવાના કોડ થયા હતા. પન્ના નાયકના પતિ શ્રી નિકુલને અહીં પહેલી વાર મળ્યો. અમારી વડોદરા યુનિવર્સિટીના એક અધ્યાપક મિ. રૉડ્રિક્સને અહીં ફરી મળ્યો, અને પન્ના મારફત પ્રો. નૉર્મન બ્રાઉનને મળવાનો લાભ પણ અહીં મળ્યો.

નિકુલ ફિલાડેલ્ફિયામાં શું કરે છે એ જાણવાની સ્વાભાવિક જિજ્ઞાસા તો થાય જ. ઈજનેરી, આર્કિટેક્ટ, ધંધો, શિક્ષણ એમાંનું કશું નહિ. ત્યારે ? નોકરી—યુનાઇટેડ સ્ટેટ્સના પોલીસ ખાતામાં ! હેં ? હા. શું કામ બજાવવાનું ? તો કહે 'પેરી મૅસનની વાર્તાઓ વાંચો છો ?' મેં હા કહી. તો કહે કે 'એમાં છેવટે કોર્ટમાં પેરી મૅસન ઊલટ તપાસ કરે ત્યારે ઘણી વાર હૅન્ડરાઇટિંગ એક્સપર્ટને જુબાની આપવા બોલાવે છે એ જાણો છો?' 'હા'. 'હું એવો અહીંની સરકારનો હસ્તાક્ષર તપાસવાની કળામાં જાણકાર ગણાઉં છું. ચોરી, બનાવટી દસ્તાવેજ, પ્રેમપત્રો, નોંધો વગેરેના ગુનાઓમાં મારે સરકાર તરફથી જુબાની આપવા જવું પડે–અને મારા દફતરમાં પણ પોલીસ, કંઈ કામ હોય તો પૂછવા આવી ચડે.' 'વાહ ભાઈ વાહ ! હસ્તાક્ષરની બાબતમાં કેવળ અંગ્રેજી જ, કે કોઈ પણ ભાષામાં લખાણ હોય તોપણ તમે એ ઉકેલવામાં અને નક્કી કરવામાં નિષ્ણાત ?' 'કોઈ પણ ભાષામાં; અમારે મરોડ સાથે, લખાવટ સાથે, લઢણ સાથે કામ.' 'તો પછી' મેં પૂછ્યું 'હિન્દુસ્તાનમાં આપના જેવા નિષ્ણાતોની જરૂર ન પડે ?' 'પડે; પણ એ પ્રકરણ ન ખોલીએ તો સારું.'

પ્રામાણિક માણસ, તે એણે ચર્ચા કરવાની ના પાડી. બેત્રણ વખત અહીંના મોવડીઓએ મળવા બોલાવી એને ઠપકો પણ આપ્યો હતો કે તમે આવા નિષ્ણાત હોઈ આપણા દેશમાં તમારી સેવા કેમ નથી આપતા ? પણ સેવા આપવા તૈયાર થઈ એમને બારણે જાય ત્યારે એ જ યૂઝુઅલ આંટાફેરા : હમણાં જગ્યા નથી, મહિના પછી આવજો, એવા જે સરકારી દફતરોમાં ઘણાને અનુભવ થાય છે એવા એમને પણ થયા. એટલે વ્યવહારુ બુદ્ધિને અનુસરી પોતે અહીં જ પાછા આવીને રહ્યા. ફિલાડેલ્ફિયામાં એમને ત્યાં ઘણી વ્યક્તિઓને મળ્યો. પન્નાદેવી તો વળી લાયબ્રેરિયન એટલે પુસ્તકો જોવા મેળવવાં તો સહેલું. અને એક બપોરે એણે પ્રો. નૉર્મન બ્રાઉન સાથે લંચનું નક્કી કરી દીધેલું. ત્યાં સંસ્કૃત પુસ્તકો વિષે વેદના અભ્યાસી નેધરલૅન્ડના પ્રખ્યાત વિદ્વાન પ્રો. સ્ટાઆલ વિષે વાતો કરવામાં, ઘણું નવું જાણવામાં મજા આવી.

પ્રો. નૉર્મન બ્રાઉન દર સાલ પૂના, વડોદરા, બનારસ, (જેને હવે વારાણસી કહે છે, પણ બંગાળીઓ તો બેનારસ જ કહે છે) તેનાં પુસ્તકાલયોમાં ફરે, વાંચે, સંશોધન કરે. એમનું 'મહિમ્ન સ્તોત્ર' સંસ્કૃત-અંગ્રેજીમાં સુંદર છપાઈમાં, એથી ય સુંદર ચિત્રોવાળું, ને એથી પણ સુંદર બાંધણીવાળું પુસ્તક તો એમણે ન્યૂ હેવનમાં ડૉ. ચોધની પુત્રી સૌ. મેધાને ભેટ આપેલું તે જોયું હતું, એ થકી અને એવા જ બીજા એક પુસ્તક સંબંધી વાતો કરવાની મજા આવી. થોડું મનદુ:ખ પણ થયું.

એ પુસ્તક તે 'વસંત વિલાસ'. કાપડ ઉપર ટીપણા માફક આખું ચીતરેલું. અનેકરીતે બેનમૂન; લખાવટ, ચિત્રો, વસ્તુ અને આયોજન. એનું પુસ્તકાકારે પ્રકાશન પણ પ્રો. નૉર્મન બ્રાઉને કર્યું છે. સ્વ. કે. હ. ધ્રુવને એ બરાબર ઓળખે. પુસ્તકની પ્રસ્તાવનામાં એણે સ્વર્ગસ્થને અંજલિ પણ આપી છે. એ ગ્રંથ ગુજરાતનું અમોલું રત્ન. એના શોધક-સંશોધક શ્રી કે. હ. ધ્રુવ. એમની પાસેથી બ્રિટિશ સરકારના સમયના એક આઈ. સી. એસ. અમલદારસાહેબ ખાસ એમને ઘેર આવીને તે જોવા લઈ ગયા,—તે લઈ જ ગયા ! એ લઈ ગયા ત્યારે શ્રી વિલોચન ધ્રુવ અને હું હાજર, સાક્ષી. બેત્રણ વર્ષ બાદ એ ઓળિયું યુનાઇટેડ સ્ટેટ્સના એક સંગ્રહાલયમાં વેચાયાની વાત બહાર આવી, ત્યારે ધ્રુવસાહેબને પારાવાર દુ:ખ થયું. ઘડપણમાં એ આઘાત એમને અસહ્ય હતો, ને ટૂંક સમયમાં જ એમનું અવસાન થયું. આ બધી ગુજરાતી છાપાંઓમાં જાહેર થએલી વાત છે. અમે દાવો પણ માંડ્યો, પણ અસલ વસ્તુ દેશમાંથી જે ગઈ તે વળી (અને આવી અમૂલ્ય વસ્તુ) કોઈ પાછી આપે ખરું ? વેચનાર મહાશયે તો એટલે સુધી કહેલું કે એના બદલામાં આપણને ડૉલર અને થોડીક બીજી વસ્તુઓ મળી છે. આની લવાદી સર ચીમનલાલ સેતલવડ અને શ્રી મંગળદાસ પકવાસા જેવાએ માથે લીધી હતી...પણ ટૂંકી વાત એ કે આપણા ગુજરાતી સાહિત્યનું આ અમૂલ્ય રત્ન દેશ બહાર વેચાયું તે ગયું જ ! વૉશિંગ્ટનના ફ્રીઅર મ્યૂઝિયમમાં એ અકબંધ, તાળાકૂંચીમાં સુરક્ષિત, ભોંયરામાં, આગની આંચ ન લાગે, ઊધઈ ભક્ષણ ન કરે, ચોર હાથ સરખો ન લગાડી શકે એ રીતે ગોઠવાયું છે.

એ કાળમાં અમે જુવાન હતા. મગજમાં તોરદોર ભારે હતો. એને પરિણામે અમને ભારે રોષ અને રંજ થયાં હતાં. ત્યારે પરદેશી રાજ્યની ધૂંસરી અને પરદેશી રાજ્યના હાથારૂપ અમલદારો સામે નફરત હતી. કોઈ આવું કરે તો આભપાતાળ એક કરી નાખીએ એવું થતું. વાઇસરૉયથી માંડી કંઇક લાટસાહેબો, ગવર્નરો અને કલેક્ટરસાહેબોએ, ઇંગ્લંડમાં કાં તો પોતાનાં ઘર યા ત્યાંના રાષ્ટ્રીય સંગ્રહસ્થાનો હિન્દની બેનમૂન વસ્તુઓથી શણગારી દીધાં હતાં. ઘણાં સંસ્કૃત પુસ્તકો, પોથીઓ, કારીગરીના નમૂનાઓ, કલાત્મક કોતરણીની ચીજો કાં તો ઉપડાવી ગયા, ચોરી ગયા, યા વેચાતી પણ લઈ ગયા. પરંતુ આજે ૧૯૪૭ બાદ શું થઈ રહ્યું છે, એનો તાગ કાઢવા જેવો છે. તાજેતરના જ દાખલા લઇએ, તો ઇ. ૧૯૬૮માં ૨૫મી ઑગસ્ટે જૂના ૩૨ સિક્કાઓ અને ૧૨૫ અપ્રાપ્ય એવી જવાહિરની અમૂલ્ય વસ્તુઓ ન્યૂ દિલ્હીના આપણા સંગ્રહસ્થાનમાંથી ચોરાઇ ! એ જ નૅશનલ મ્યૂઝિયમમાંથી એક-દોઢ વર્ષ પહેલાં ઈ. ૧૯૬૭માં એવા જ નમૂના ચોરાયા હતા. પહેલી ચોરી બાદ આપણી તકેદારી, જવાબદારી, નિગાહદારી, વધી જ નહિ ? એ જ ચોર ફરી આવ્યો હશે ? વળી આ ચોરો ખાસ કિંમતીમાં કિંમતી વસ્તુઓ જ ઉઠાવે છે, એવા એ અભ્યાસી ને જાણકાર હશે ? ઈ. ૧૯૬૬માં પતિયાળા મ્યૂઝિયમમાંથી એમ જ કેટલીક અતિ પ્રાચીન વસ્તુઓ ચોરાઇ. ઈ. ૧૯૬૫માં કાશી અને મિરઝાપુરનાં મંદિરોમાંથી ૬૫ મૂર્તિઓ ચોરાઈ તે પવિત્ર વારાણસીના ગંગાઘાટ પરના એક ઝવેરી દુકાનદારને ત્યાંથી હાથ લાગી. ઈ. ૧૯૬૬માં તાંજોરના બૃહદેશ્વરના મંદિરમાંથી, ૧૯૬૭માં કાશ્મીરમાંના ઉત્તરખંડ મંદિરમાંથી, તેમજ નાગેશ્વર, કમલેશ્વર, રાણીઘાટનાં મંદિરોમાંથી કઈક મૂર્તિઓ ચોરાઇને વેચાઈ ગઈ. ઈ. ૧૯૬૭ના જૂનમાં હૈદરાબાદના સાલારજંગ મ્યૂઝિયમમાંથી ૪૯ જૂનાં અદ્વિતીય ચિત્રો ચોરાયાં. આ ચિત્રો ચારથી પાંચ માણસો વિના ઊંચકી બહાર ન લઈ જઇ શકાય એવડાં મોટાં, પૂરા આદમ કદનાં—અને એ ગયાં તે ગયાં, જેનો હજી સુધી પત્તો નથી લાગ્યો. ઈ. ૧૯૬૭ના ડિસેમ્બરમાં બસરૂરના મહાલિંગેશ્વર મંદિરમાંથી સોને મઢી મૂર્તિઓ ગાયબ થઈ ગઈ, જે ચારસો વર્ષ પહેલાંના વિજયનગર સામ્રાજ્યમાં પ્રતિષ્ઠાને પામેલી મૂર્તિઓ હતી.

આ તો આપણે ત્યાં છેલ્લાં બેત્રણ વર્ષમાં બહાર આવેલી વિગતો; તો ૧૯૬૭થી પાછળ જતાં '૪૭ના વીસ વર્ષના ગાળામાં શું શું નહિ ચોરાયું હોય ? દુનિયાનાં મોટાંમોટાં અને ઘણાં જાણીતાં—લેનિનગ્રાડમાંના 'હર્મિટાજ', પારી(સ)ના લુવ્ર, લંડનના વિક્ટોરિયા-આલ્બર્ટ, બર્લિનના ડહાલેમ, અને રોમ, ઝુરિખ, આમ્સ્ટરડામ, ન્યૂ યૉર્ક, ફિલાડેલ્ફિયા, વૉશિંગ્ટન, શિકાગો જેવાં શહેરોમાંનાં નાનાંમોટાં મ્યૂઝિયમોમાં હું ઠીક ઠીક વાર ફર્યો છું. ઓછે અડસટ્ટે ગણતાં પણ નહિ નહિ તો એકલા નટરાજોની હજારેકની સંખ્યા પરદેશમાં ગોઠવાએલી જોવા મળશે ! નાનીમોટી પથ્થરની, અકીકની, આરસની, ધાતુની મૂર્તિઓ ને વસ્તુઓ

તે તો જુદી. ફિલાડેલ્ફિયાના એક સંગ્રહસ્થાનમાંના વિશાળ ખંડમાં દક્ષિણ હિંદનું એક મોટું, આખું, સ્તંભો દ્વારપાળ તથા મૂર્તિ સાથેનું મંદિર જ જોવા મળ્યું હતું. શા માટે પરદેશીઓ હિન્દનો કલાભંડાર જોવા અહીં આવતા હશે, એવો સહેજે મનમાં પ્રશ્ન ઊભો થાય. પરદેશનાં સંગ્રહસ્થાનોમાંથી ચોરી નથી થતી એમ પણ નથી. પરંતુ લુવ્ર કે બ્રિટિશ મ્યૂઝિયમમાંથી કંઈક ચોરાતાં તે પાછી મેળવવા જે ધગશ, ધન અને શક્તિનો ખર્ચ અને ઊહાપોહ ત્યાં થાય છે, તેમાંના એક ટકા જેટલું પણ આપણે ત્યાં જોવા-જાણવામાં નથી આવતું.

કુદરતી રીતે જ પ્રો. નૉર્મન બ્રાઉનસાહેબ સાથે જમતાં 'વસંત વિલાસ'ની વાત નીકળી. એને આખા કિસ્સાની પૂરી ખબર. હું ચન્દ્રવદન મહેતા તે વિલોચન બ્રવનો મિત્ર તેની એને ખબર નહિ. ફિલાડેલ્ફિયાથી વૉશિંગ્ટન ગયો. ટ્રેઇનમાં, બરફના ઢગલામાંથી જાણે જતી ગાડી. વૉશિંગ્ટનમાં વ્હાઈટ હાઉસ વગેરે જોઈ ફ્રીઅર મ્યૂઝિયમ જોવા ગયો. આવકાર, સાથે પોલીસનું રક્ષણ—ખાસ અમલદાર; દાદર ઊતરી નીચે ભોંયરામાં લઈ ગયા; પેટી ખોલી 'વસંત વિલાસ'ની પોથી કાઢી બતાવી. વાંચવી હોય, જોવી હોય એટલો વખત અહીં આ ટેબલ-ખુરશી પર બેસી વાંચો, તમને બધી સગવડ મળશે. એ જોઈ અને પછી ત્યાંથી બધાનો આભાર માની નીકળ્યો. પ્રો. નૉર્મન બ્રાઉને એમને મારા આવવા વિષે જાણ કરેલી જ, અને થોડોક ઇતિહાસ પણ આપ્યો જ હશે.

આવો આપણો અઢળક ખજાનો પરદેશમાં પડયો છે. આપણું પ્રાપ્ત થએલું પહેલું સંસ્કૃત નાટક 'સારિપુત્ર પ્રકરણ' બર્લિનના ડહાલેમ મ્યૂઝિયમમાં છે. પણ આપણે એ માટે બળાપો ન કરી શકીએ, કારણ કે એ જડયું જ મધ્ય એશિયામાંથી, પ્રો. લ્યુડર્સને ત્યાં ખોદકામ કરતાં. પણ એ ત્યાં દટાયું હશે શી રીતે, એનો કાંઈ ઇતિહાસ! 'આર્ટ ઑવ ઇન્ડિયા ઍન્ડ નેપાલ' નામનું એક સુંદર પુસ્તક મળે તો જોજો. એમાં અસંખ્ય કિંમતી વસ્તુઓનાં ચિત્રો છે. એ બધો એક જ વ્યક્તિએ એકઠો કરેલો સંગ્રહ—શ્રી નસલી હીરામાણેકનો સંગ્રહ. એ બધો જ એમણે ફાઈન આર્ટસ મ્યૂઝિયમ-બૉસ્ટનને ભેટ ધરી દીધો. બીજી એક ચોપડી મળે તો વાંચજો: 'મિનિયેચર્સ ફ્રૉમ ધી ઈસ્ટ' બાઈ હાજેક. પ્રકાશક: સ્પ્રિંગ બુક્સ, સ્પ્રિંગ હાઉસ, સ્પ્રિંગ પ્લેસ, લંડન એન. ડબલ્યુ. ૫., ઈ. ૧૯૬૦ માં પ્રકાશિત. એકલા ફિલાડેલ્ફિયામાં જ હિન્દની ૨૨૦૦ હસ્તપ્રતો સંઘરાએલી પડી છે.—પ્રો. નૉર્મન બ્રાઉને જ મને કહ્યું હતું. આપણે અંગ્રેજી ભૂલી જવાના, એટલે સો-બસો વર્ષ બાદ ત્યાં જોવા જોઇએ ત્યારે પણ એ કેવાં પુસ્તકો છે, કે કઈ વસ્તુઓ છે, એની અંગ્રેજીમાં છાપેલી નોંધ પણ આપણે વાંચી શકવાના નહિ, એટલે કશુંક જાણી પણ શકવાના નહિ! લુવ્ર કે હર્મિટાજ કે વિક્ટોરિયા આલ્બર્ટ જેવાં ગંજાવર મ્યૂઝિયમો બરાબર જોવા ફરીએ તો પણ મહિનોમાસ થાય; પરદેશમાં જે હિંદનો કલાભંડાર ખડકાયો છે, એ એકઠો કરી, ક્યાંક મ્યૂઝિયમ બાંધી ગોઠવીએ તો લુવ્ર કે હર્મિટાજના મકાન કરતાં પણ મોટું મકાન બાંધવું પડે!

બહાર નીકળી અઢી વાગ્યે એરપોર્ટ પર પહોંચવાનું; ને મ્યૂઝિયમના રખેવાળોનો આભાર માનું છું, ત્યાં તો એ સાહેબોએ મને એક પૅકેજ ભેટ કર્યું. કહે કે ઘેર પહોંચી જોજો. મારા મનમાં તો ભારે કુતૂહલ. કોઇને પણ થાય. એટલે એરપોર્ટ પર પહોંચી હજી પ્લેનને વાર હતી, એટલા સમયમાં પ્લેનમાં દાખલ થવાના મજલામાં જ બેસી મેં એ બંડલ ખોલ્યું. શું હશે? ધારો! 'વસંત વિલાસ.' મૂળ તો મારા હાથમાં ન આવી, પણ એને અદ્દભુત રીતે ઊંચા આર્ટ પેપર ઉપર પૂર્ણરંગી આબેહુબ છાપેલી પ્રો. નૉર્મન બ્રાઉને સંસ્કારેલી, પ્રસ્તાવનામાં સ્વ. કે. હ. ધ્રુવના ફ્લ્લેખ-વાળી, અતિ સુંદર છપાઈ અને બાંધણીની પ્રત જોઈ હું તો એવો દંગ થઈ ગયો કે પાનાં ઉથલાવવામાં અને વાંચવાના આનંદમાં મારું પ્લેન ઊપડવાની જાહેરાત પણ ન સાંભળી, અને આખું ટોળું અંદર ચાલ્યું ગયું તોપણ મને ખબર સરખી ન પડી. એ તો પેલો ભલો અફસર ભાઈ મને એકલો મશગુલ બેઠેલો જુએ છે, જગાડે છે ત્યારે છેલ્લો હું દાદરો ચડયો. ભલી હોસ્ટેસે મને ખાલી ખુરશી તરફ દોરવ્યો.

ઘણી વખત આપણે આપણા સ્વજનને ગુમાવતાં, કંઈક આપણું પોતીકું ખોવાઇ જતાં, ગાઢ મિત્ર તરફથી પણ દગોફટકો રમાતાં, આપણે ક્યાંક મનનું સમાધાન કરવા મથીએ છીએ: 'ઈશ્વરની મરજી.' એ આખરનું સમાધાન છે. પણ અહીં હું બીજી રીતે સંતોષ માનું છું. ઈશ્વરની મરજી તો બધે જ, બધાંમાં; એ તો બરાબર; પણ 'વસંત વિલાસ' જેવાં કઈક રત્નો આપણે ત્યાં રફેદફે થઈ ગયાં છે. અહીં કદાચ આપણે તે સાચવી શકત; પણ જે રીતે વૉશિંગ્ટનમાં સચવાયું છે, દેખભાળ રાખવામાં આવે છે એમ અહીં સચવાત? કડવા અનુભવોને લઈ સંશય પેદા થાય છે. અને સચવાત તો પણ જે રીતે ત્યાં એ છપાયું છે એટલી સફાઈથી, શુદ્ધિથી, ચીવટથી, મમત્વથી આપણે અહીં છાપી શકત? સંશય ઊભો થાય છે. ગુજરાતનું એ ધન, હજી પણ સરકાર કે કોઈ ખાનગી સંસ્થા, જે રીતે એ છપાયું છે તે રીતે ફરી છાપવા પ્રબંધ કરે તો વૉશિંગ્ટન કે પ્રો. નૉર્મન બ્રાઉન વચ્ચે નહિ આવે એની મને પૂરી ખાતરી છે. કેમ છપાતું નથી? એટલી કિંમતી પ્રત છાપવા આપણી પાસે પૈસા ન હોય તો યે એની સસ્તી આવૃત્તિ છાપવાનું તો આપણે જરૂર નક્કી કરી શકીએ. કેમ થતું નથી? મને મળેલી નકલ મેં શ્રી વિલોચન બ્રવને આપી—ઉમળકાભેર; એના પિતાશ્રી પાસેથી ઊપડી ગએલી મૂળ તો નહિ જ, તો પણ હીરો ઘોઘે જઇને આટલું લઈ આવ્યો એ સંતોષ સાથે. શ્રી વિલોચને એ નકલ અમારી મુંબાઈની ફાર્બસ સભાની લાયબ્રેરીમાં આપી. પહેલાંના જમાનામાં તો આ ફાર્બસ લાયબ્રેરીમાં, ત્યાંની બુદ્ધિવર્ધક સભામાં રાજામહારાજાઓની યા ખાનગી સખાવતો આવતી, હવે તો રાજ્યની મળવાની પણ મુશ્કેલી! ઈશ્વર કરે અને કોઇકની મોટી સખાવત ફાર્બસ લાયબ્રેરીને ચોપડે જમા થાય, અને અમે આ પુસ્તકની નવી આવૃત્તિ પ્રગટ કરી શકીએ.

(ચાલુ)

અનુસંધાન] 'હરિ તારાં નામ છે હજાર' [પૃષ્ઠ ૩૪૪થી

પછી આજે કોઈ નિરાકરણ...... ત્યાં તો ચક ખીણ તરફ જોઈને હર્ષમાં બોલી ઊઠયો: 'એ રહ્યું આપણું Dc-3! કેટલું સુંદર લાગે છે!'

એમને લઈ જવા આવેલું પ્લેઇન નીચે તળેટીમાં રનવે પર ઊભું હતું અને રૂપેરી રેખા જેવું લાગતું હતું. બે કલાક પછી તેઓ બંને તેમાં બેસીને બુદ્ધિગમ્ય સ્વતંત્રતાના સામ્રાજ્યમાં ઊડવાના હતા.

હિમાલય પ્રદેશની ઉતાવળી રાત્રિએ પૃથ્વીને વીંટી લીધી હતી. રસ્તો સારો હતો. બંને જણ પાસે ટૉર્ચ પણ હતી. ખચ્ચરો ધીમી ગતિએ વાટ કાપતા હતા. ઠંડી સિવાય કોઈ ફરિયાદ ન હતી. આકાશ સ્વચ્છ હતું અને તારલાઓ ચમકી રહ્યા હતા. હવામાન જોતાં લાગતું હતું કે પ્લેઇન નિયત સમયે ઊપડી શકશે. જ્યૉર્જે ગાવાનો પ્રયત્ન કર્યો પણ ચોતરફ સર્પની ફેણની પેઠે ઝળુંબી રહેલાં ગિરિશિખરોની ભવ્યતામાં તેનો ગણગણાટ શમી ગયો.

પાછળ આવી રહેલા સાથીદાર તરફ ફરી તેણે કહ્યું: 'લાગે છે કે એકાદ કલાકમાં તો ત્યાં પહોંચી જશું' અને થોડીવાર રહીને ઉમેર્યું: 'કૉમ્પ્યુટરે તેની કામગીરી પૂર્ણ કરી લીધી હશે. આ જ સમયે તે પૂર્ણ થવાનું હતું.'

ચક નિરુત્તર રહ્યો. ખચ્ચરની પીઠ ઉપર બેઠેલા જ્યૉર્જે મોં પાછળ ફેરવ્યું. ચકનો ધોળો ચહેરો આકાશ તરફ મીટ માંડી રહ્યો.

'જુઓ!' ધીમા સ્વરે ચક બોલ્યો જ્યૉર્જે તેણે કહ્યું ત્યાં દૃષ્ટિ માંડી.

ઉપર આકાશમાં, સાહજિક રીતે, તારાઓ જાણે અલોપ થઈ રહ્યા હતા. છેવટે, દરેક વસ્તુનો અંત હોય છે એમ કહેતા ન હોય! □

ચિત્રકાર એ. પી. ગજ્જર

(પરિચય : વાસુદેવ સ્માર્ત)

એક દિવસ બપોરે મારાં બારણાં ખટખટયાં અને આવનાર મહેમાને વડોદરાના શિલ્પી કલાકાર શ્રી કાંતિલાલ કાપડિયાની ચિઠ્ઠી મારા હાથમાં મૂકી. બનારસમાં શ્રી અર્જુનભાઈ ગજ્જરની એ મારી પહેલી મુલાકાત. તેઓ બનારસ વિશ્વવિદ્યાલયમાં લલિત કલા મહાવિદ્યાલયના ઍપ્લાઈડ આર્ટ્સ વિભાગમાં નિમણૂક પામીને આવ્યા હતા. ત્યારથી પરિશ્રમપૂર્વક કામ સાથે કારુકલાના ક્ષેત્રમાં સતત નવાનવા પ્રયોગો કરતા રહી આજ એમણે પોતાની પ્રતિભાનાં દર્શન કરાવ્યાં છે.



ઓલપાડ પાસે સરસ ગામના એ મૂળ રહેવાસી. ૧૯૪૦ની ૧૭ નવેમ્બરે એમનો જન્મ. પિતા વ્યવસાયે કૉન્ટ્રૅક્ટર. ૧૯૬૦માં કઠોદમાં મામાને ત્યાં રહી એસ.એસ.સી. પાસ કરી. દરમિયાન ચિત્રશિક્ષક કનૈયાલાલ સોનીના પ્રોત્સાહનથી ચિત્રકળામાં સારી પ્રગતિ દાખવી.



એમના ફોઈના પુત્ર અને વડોદરાના કલાવિદ્યાલયના શિલ્પકળાના વિદ્યાર્થી સ્વ. ઈશ્વરલાલના કામથી વિશેષ પ્રેરણા પામી તે એ જ કલાશાળામાં દાખલ થયા. ત્યાં શ્રી કાંતિલાલ કાપડિયાએ એમના કામમાં સારો રસ લીધો.

અભ્યાસના બીજા વર્ષે આર્થિક સ્થિતિને ખયાલમાં લઈ એમણે ઍપ્લાઈડ આર્ટમાં જવાનું નક્કી કર્યું, જ્યાં શ્રી પંચોલી જેવા એ વિભાગના જાણીતા અધ્યક્ષ નીચે અંતિમ પરીક્ષામાં પ્રથમ આવીને એ સંસ્થાનો પહેલો જ 'હંસા મહેતા સુવર્ણચંદ્રક' મેળવ્યો.


કલાવિદ્યાલયના સ્નાતક થઈને અમદાવાદમાં નૅશનલ ડિઝાઈન ઇન્સ્ટિટયૂટમાં બે વર્ષ રહી એમણે ઍપ્લાઈડ આર્ટનો વધુ અભ્યાસ કર્યો. અહીં એમને અમેરિકન સ્થપતિ ચાર્લ્સ ઈમ્સ અને બા'લ સ્કૂલ ઑાવ આર્ટ ઍન્ડ ક્રાફ્ટના પ્રો. હૉપમૅન જેવા નિષ્ણાતો પાસેથી તાલીમ મળી. અંતે ૧૯૬૫માં બનારસ યુનિવર્સિટીમાં ઍપ્લાઈડ આર્ટના લેક્ચરર તરીકે નિમણૂક પામ્યા.



શિવશક્તિ (ડાબી બાજુ) અને (ઉપર) શીતળાદેવી. શ્રી ગજ્જરનાં બે ચિત્રો. બંનેની રજૂઆત આધુનિક છતાં વિષયને બરાબર સ્ફુટ કરે છે.

ફોટોગ્રાફી અને વિવિધ પોત (ટેક્સ્ચર) તથા પ્રાકૃતિક આકારના વિશ્લેષણમાં એમને સવિશેષ રસ છે ને એના દ્વારા તેઓ નવાં જ સંયોજનો, ભાતને, ડિઝાઈન ઉપજાવે છે. સાધારણ દૃષ્ટિએ અસ્પષ્ટ એવા આકારવૈવિધ્યને નવતર રીતે પ્રકટ કરવામાં એમને વિશેષ રસ પડે છે.

ગુજરાત રાજ્ય કલાપ્રદર્શનોમાં એમને કાર્વિંગ અને પોસ્ટર ડિઝાઈન માટે ઈનામો મળ્યાં છે. કુટુંબનિયોજન અંગેનાં પોસ્ટરોની એક હરીફાઈમાં તથા ઉજ્જૈનના કાલિદાસ સમારોહમાં પણ પારિતોષિકો પ્રાપ્ત કર્યા છે. હમણાં જ એમને 'એશિયન પ્રોડક્ટિવિટી ઑર્ગેનિઝે-







શ્રી ગજ્જરનાં ત્રણ પોસ્ટર. : તોકિયોમાં જેને ઈનામ મળ્યું તે 'એશિયન પ્રોડક્ટિવિટી ઑર્ગેનિઝેશન'નું પોસ્ટર. સંસ્થાના પ્રથમાક્ષરોને સાંકળીને કરેલું સુંદર સંયોજન. વચ્ચેના પોસ્ટરમાં વધુ ઉત્પાદન અને બચતનું તથા ત્રીજામાં અંધારપટનું પણ સુંદર ને સચોટ આલેખન છે.



શ્રી ગજ્જરે કરેલાં કેટલાંક સંજ્ઞાલેખનો. 'લલિતકલા મહાવિદ્યાલય'ના પ્રથમાક્ષરો એલ. કે. એમ. (મથાળે જમણે છેડે) તથા (બીજી હારમાં ડાબે-જમણે છેડે) 'નાગ ઇન્સ્ટિટ્યૂટ ઑવ કલ્ચર'ના એન. આઈ. સી. અક્ષરોની રચના. મથાળે ડાબી બાજુ એ જ સંસ્થાના નામ સાથે નાગ પ્રજાના સૂચક શણગારનું તથા વચ્ચે ઉપરનીચેની બે ગોળાકૃતિમાં અધિક અનાજ વાવવાનાં સૂચક આલેખનો સાથેની રચના.

શાન' દ્વારા તોકિયોમાં યોજાએલી એક પોસ્ટર હરીફાઈમાં પણ ૩૦૦ ડૉલરનું બીજું ઈનામ મળ્યું છે. લાઈફ ઈન્શ્યોરન્સ કૉર્પોરેશને પણ એમનાં ઘણાં પોસ્ટરો ખરીદ્યાં છે. આમ, દેશ-પરદેશનાં કલા-પ્રદર્શનોમાં ભાગ લેતા રહીને તેઓ પોતાની સર્જનાત્મક કલ્પનાશક્તિને સતત ઓપ આપતા રહ્યા છે; અને એથી જ ભવિષ્યમાં યે આ દિશામાં એમની ગતિ વિકાસશીલ રહેશે એવી આશા પડે છે. આ સાથે રજૂ કરેલા એમના કામના નમૂનાઓમાં પ્રકટ થતી એમની સબળ કલ્પનાશક્તિ અને સુઘડ આલેખન-સફાઈ એની પ્રતીતિ આપી રહે છે.

ભારતીય 'ટી બોર્ડ' માટે કરેલી ત્રણ સંજ્ઞા. સંસ્થાના નામના પ્રથમાક્ષરો (ટી. બી.) તથા ચાનાં સૂચક કપરકાબી, ચાનું પાંદડું તથા ગરમાગરમ ચાની વરાળ સાથે ભારતીયતા સૂચવવા માટે મોરની આકૃતિનો કરેલો ચાતુરીભર્યો પ્રયોગ.



મુકુંદ મહેતા

અભ્યાસ કેમ કરવો?

વિદ્યાર્થી તેજસ્વી હોય, મહેનતુ હોય ને ઘરમાં સંજોગો સારા હોય તો યે કેટલીક વાર તેને પરીક્ષામાં સહન કરવું પડે છે, ને પાસ થાય છે તો પણ એના માર્ક બહુ સારા નથી હોતા. આના કારણમાં પદ્ધતિસરનો અભ્યાસ કરવાના યોગ્ય માર્ગદર્શનના અભાવ સિવાય બીજું કંઈ જ નથી. ગમે તેમ કરેલો અભ્યાસ અને પદ્ધતિસર કરેલો અભ્યાસ એ બેની વચ્ચે મહત્ત્વનો ફેર છે. પદ્ધતિસર અભ્યાસ કરીને સારા માર્કે કેમ પાસ થવું તેની ચર્ચા અહીં ક્રમવાર રજૂ થતાં છ પ્રકરણોમાં કરી છે, જે આવતી પરીક્ષાઓ પહેલાં પૂરી થતી હોઈ પરીક્ષાર્થીઓને માર્ગદર્શક બની રહેશે.

આ લેખમાળા મૂળ અંગ્રેજીમાં 'ટાઇમ્સ ઑવ ઇન્ડિયા'ની રવિવારની પૂર્તિમાં ટુકડે ટુકડે પ્રસિદ્ધ થઈ હતી. તે પછી ઘણા વિદ્યાર્થીઓ ને વાલીઓની માગણીથી એ પુસ્તક સ્વરૂપે 'Success in Examination'ના નામે બહાર પડી, તેને મળેલા આવકારથી પ્રેરાઈને એનું ગુજરાતી રૂપાંતર મારી દેખરેખ નીચે જ આ વિષયના અનુભવી એવા મારા એક મિત્ર પાસે કરાવ્યું છે. અલબત્ત, મૂળ અંગ્રેજી પુસ્તકનું આ અક્ષરશઃ ભાષાંતર નથી, પણ ગુજરાતી વિદ્યાર્થીઓની જરૂરિયાતોને લક્ષમાં રાખીને તેમને અનુકૂળ સુધારાવધારા સાથે એ લગભગ ફરીથી જ લખ્યું છે એમ કહી શકાય.

અહીં કોઈ પણ વિષયમાં 'શૉર્ટકટ' લેવાની રીત બતાવી નથી, ને એવી રીતમાં મને શ્રદ્ધા પણ નથી; કારણ કે છેવટે તો અધ્યયન એ પણ એક શાસ્ત્ર છે ને પરીક્ષાની તૈયારી એ પણ એક કલા છે. પદ્ધતિસરનો વ્યવસ્થિત અભ્યાસ અને 'શૉર્ટકટ' જેવી યુક્તિપ્રયુક્તિ એ બે વચ્ચેનો ભેદ આ લેખોના વાચનથી સ્પષ્ટ થશે. પરીક્ષાની તૈયારી એ યાતના નથી પણ આનંદ છે. જરૂર છે માત્ર નિયમિતતા ને વ્યવસ્થાની. —આર્ટી પરેરા

તમે આ લેખ વાંચવા માંડ્યો છે એટલે હું માની લઉં છું કે તમે પરીક્ષામાં સફળતા ઇચ્છો છો. એટલું જ નહિ; પણ ધારેલા ધ્યેયને સિદ્ધ કરવા સારુ સખત પરિશ્રમ કરવાની પણ તમારી તૈયારી છે. પણ તે પહેલાં પરીક્ષામાં સફળતા એટલે શું એ બરાબર સમજજો અને પછી આમાંની સૂચનાઓને ધ્યાનમાં રાખીને ચાલજો. સફળતા જરૂર મળશે. જે કંઈ લાભ થશે તે તમારો જ છે.

શાળા-કૉલેજના વિદ્યાર્થીઓને હું ઘણી વાર પૂછું છું કે 'તમારામાંથી સારા નંબરે પાસ થવાની ઇચ્છા કોની છે?' કહેવાની જરૂર નથી કે વર્ગમાં બેઠેલા લગભગ બધા જ વિદ્યાર્થીઓ હાથ ઊંચા કરે છે. પણ હાથ ઊંચો કરવાથી નંબર કંઈ ઓછો આવી જાય છે? સૌથી પહેલી જરૂર તો ઊંચો નંબર એટલે શું તે સમજી લેવાની છે. ધારો કે એસ.એસ.સી.માં તમે સાત વિષય રાખ્યા છે. સાતે પેપર લખીને તમે ઘેર આવો છો ને પછી પરિણામ આવે છે ત્યારે જુઓ છો કે આ બધા વિષયોમાં મેળવેલા માર્ક ભેગા ગણીએ તો તમારું પરિણામ ૭૦ ટકા છે ને એ રીતે તમે ફર્સ્ટ કલાસ કરતાં ય વધારે આગળ નીકળી ગયા ગણાઓ.

પણ સંભવ છે કે આટલો સારો કુલ સરવાળો હોવા છતાં તમે એક વિષયમાં નાપાસ થયા હો ને બીજા બે વિષયોમાં પણ તમારા માર્ક બહુ સારા ન હોય. બાકીના ચાર વિષયો તમને ખૂબ ગમતા હતા, અને તમે એના તરફ ખૂબ ધ્યાન આપીને અભ્યાસ કર્યો ને એમાં સારા માર્ક આવ્યા એટલે તમારો કુલ સરવાળો વધ્યો. પણ એક વિષયમાં નાપાસ થયા પછી કુલ સરવાળો ગમે તેટલો હોય એનો અર્થ શો? કુલ સરવાળા પ્રમાણે વિદ્યાર્થીઓમાં તમારો નંબર પાંચમો હોય પણ એક વિષયમાં નાપાસ થયા પછી વીસમો કે બાવીસમો છે ને વરસ બગડ્યું એ હકીકત છે. જે વિદ્યાર્થીઓ બુદ્ધિમાન ને સારા મહેનતુ હોય છે એમની બાબતમાં પણ કેટલીક વાર આવું બને છે, કારણ કે એમને યોગ્ય માર્ગદર્શન મળતું નથી. એટલે પરીક્ષાની તૈયારી કરનારે પહેલું ધ્યાન એ રાખવાનું છે કે એણે 'બધા' વિષયોમાં પાસ થવું જ જોઇએ. જે બે વિષયો કાચા હતા તેના તરફ વધારે ધ્યાન આપવું જોઈતું હતું. જે એક વિષય બિલકુલ નહોતો ફાવતો એના તરફ એથી પણ વધુ ધ્યાન રાખવાની જરૂર હતી. જે ચાર વિષયો ઉપર ખૂબ સારો કાબૂ હતો તેના તરફ જરૂર પૂરતું ધ્યાન આપ્યું હોત તો ચાલત. જે વિદ્યાર્થીઓ આ પદ્ધતિએ કામ કરે છે તેમને નિરાશ થવાનો વખત નથી આવતો. એમનો કુલ સરવાળો ભલે ઓછો આવે પણ એ બધા વિષયોમાં પાસ થાય. એ આગળના ધોરણમાં જઈને જીવનમાં એક ડગલું આગળ વધ્યાનો સંતોષ લઈ શકે છે. બધા વિષયોમાં પાસ થયા પછી કુલ સરવાળો જે થાય તે જ ખરો, ને એ રીતે વર્ગમાં જે નંબર આવે તે જ તમારો ખરો નંબર છે.

માનો કે ગયે વર્ષે તમે વર્ગમાં દસમા નંબરે પાસ થયા હતા ને આ વખતે નવમો નંબર આવે છે, તો એટલાથી સંતોષ પામો ને આવતે વખતે છઠ્ઠો કે સાતમો નંબર આવે એ રીતે તૈયારી કરો. બહુ ઊંચો કૂદકો લેવામાં જોખમ છે. જેમ તમે બુદ્ધિમાન છો તેમ તમારી આગળના વિદ્યાર્થીઓ પણ બુદ્ધિમાન છે. તમે સખત મહેનત કરો છો તેમ પોતાનો નંબર ટકાવવા તેઓ યે સખત મહેનત કરે છે; એટલે સંભવ છે કે તમારો નંબર હતો તે ને તે જ રહે, કારણ કે આગળના વિદ્યાર્થીઓ પણ સાવધ હતા. આમ છતાં, તમે બધા જ વિષયોમાં પાસ થયા છો ને દરેક વિષયમાં અથવા દરેક ગ્રુપમાં તમારા માર્કની ટકાવારી વધી છે. વ્યક્તિગત રીતે તમે જે પ્રગતિની આશા રાખતા હતા એ તો થઈ છે જ અને બીજા વિદ્યાર્થીઓએ પણ એવી જ પ્રગતિ કરી છે. કોઈ પણ વ્યક્તિની કે સંસ્થાની ખરેખરી પ્રગતિનું મૂલ્ય આ કસોટીએ જ આંકી શકાય. રૅન્ક ન મળી તો કંઈ નહિ. રૅન્કનો મોહ નકામો છે. બધાની બુદ્ધિ સરખી નથી હોતી. બધાના સંજોગો પણ સરખા નથી હોતા. એટલે રૅન્કમાં અકસ્માતનું અથવા ચાન્સનું તત્ત્વ ઘણું છે.

મને ખબર છે કે તમને સ્પર્ધા ગમે છે. સ્પર્ધા એ કાંઈ તિરસ્કારવા જેવી ચીજ નથી; પણ એ સાવધાની રાખવા જેવી વસ્તુ જરૂર છે. તમે જેટલા વિષયો રાખ્યા હોય તે બધામાં પાસ થવાની શ્રદ્ધા હોય તો જ સ્પર્ધામાં ઊતરજો. તમને એક વિષય સારો આવડે છે, અને એમાં જો તમે તલ્લીન રહો ને ઘણું સારું પરિણામ લાવી શકો તો એ વિષયમાં તમારી શાળા અથવા કૉલેજમાં પહેલા પણ આવો. કદાચ આખા કેન્દ્રમાં એ વિષયમાં તમારા માર્ક સૌથી વધારે હોય. તમને થોડી કીર્તિ યે મળે અને ઈનામો પણ મળે. આવું થાય તો એ રૂડી વાત છે. પણ એક વિષયમાં આમ તલ્લીન થવા જતાં બીજા એક બે વિષયોમાં માર્ક ખૂટ્યા અને નાપાસ થવું પડ્યું એનું શું?

એટલે જ ફરીથી કહું છું કે તમારી તૈયારી એકાંગી નહિ, પણ સર્વાંગી હોવી જોઈએ. તમારું ધ્યાન એક વિષય તરફ નહિ, પણ બધા જ વિષયો તરફ રહેવું જોઈએ. આજની પરીક્ષાઓ એવી છે કે એમાં કોઈ પણ એક બે વિષયોમાં તલ્લીન થઈ જવું પાલવે તેમ નથી. એક વિષયમાં ઊંડા ઊતરવાનું કામ તો ભણતર પૂરું થયા પછી અથવા અનુસ્નાતક કક્ષાએ થઈ શકે. દરેક વિષયને અત્યારે તો તમારી શક્તિ અને સમયનો સરખો ભાગ મળવો જોઈએ. એ રીતે જે પરિણામ આવે તે જ તમારું ખરેખરું પરિણામ છે. એ ભલે ઓછું હોય, પણ એ નિરાશાજનક કદાપિ નહિ હોય. દરેક પરીક્ષામાં વિષયવાર માર્ક થોડાથોડા વધતા જાય એ પ્રકારની તૈયારી કરવાનો નિશ્ચય કરીને આપણે આગળ ચાલીશું. (ચાલુ)

સાહિત્યસંપર્ક

'ફિરાક' ગોરખપુરી

ધીરુભાઈ પરીખ

ઈ. ૧૯૬૯નું ભારતીય જ્ઞાનપીઠનું પારિતોષિક 'ફિરાક' ગોરખપુરીને નામે લખતા શ્રી રઘુવીર સહાયને આપવાનું જાહેર થયું કે તરત જ એમનું નામ જાણે આખા રાષ્ટ્રમાં રાતોરાત પ્રસિદ્ધ થઈ ગયું. પણ છેલ્લાં પચાસેક વર્ષથી તો ઉર્દૂ ગઝલસાહિત્યના ગગનમાં એમનું નામ એક તેજસ્વી સિતારાની જેમ ઝગમગી જ રહ્યું છે.

૭૫ની પાકટ વયે પહોંચેલા રઘુપતિ સહાયનો જન્મ ઉત્તર પ્રદેશના ગોરખપુરમાં શ્રીવાસ્તવ કાયસ્થ કુટુંબમાં ઈ. ૧૮૯૬ની ૨૮મી ઑગસ્ટે થયો હતો. એમના જન્મની સાથે જ માતાનું મૃત્યુ થયું જે એમને સદાય સાલ્યા કર્યું છે.

આમ માતાની છાયા ગુમાવી બેઠેલા બાળક રઘુપતિનો ઉછેર મુખ્યત્વે દાઈઓને હાથે થયો. પિતા ગોરખપ્રસાદ મુનશી જાણીતા ધારાશાસ્ત્રી હતા. એઓ 'ઈબરત'ના તખલ્લુસથી કાવ્યરચનાઓ કરતા અને અરબી-ફારસી-ઉર્દૂના સારા જ્ઞાતા પણ હતા, એટલે કવિતાના સંસ્કારો એમના લોહીમાં હતા એમ માનવાનું મન થાય; પરંતુ 'રૂહે કાયનાત' નામક પોતાના ગ્રંથમાં એમણે જણાવ્યું છે કે ગઝલનો વારસો પોતાને ગળથૂથીમાંથી નહિ પણ એમના ફોઈના પુત્ર બાબુ રાજકિશોરલાલ 'ગુલઝારે નસીમ'માંથી કાવ્યપંક્તિઓ સંભળાવતા ત્યારથી ગઝલનો ખરો રંગ લાગેલો. એ વખતે એમનું વય ૧૨-૧૩નું. એ જ અરસામાં કવિ 'દાગ' અને 'મીર'-



રઘુપતિસહાય: 'ફિરાક' ગોરખપુરી

ની પણ ઘણી રચનાઓ એમણે વાંચી નાખી. ત્યાર બાદ 'હાફિઝ', 'ગાલિબ', 'ઇકબાલ' વગેરે કવિઓનું વાચન મનન કર્યું. આમ રઘુપતિમાં જન્મી ચૂકેલો કવિ પાંગરવા અને પોષાવા લાગ્યો, અને વીસ વર્ષની વયે પહેલી ગઝલ રચી ત્યારે પ્રચ્છન્ન કવિ 'ફિરાક' પ્રકટ થયા.

એમની પ્રારંભિક કેળવણી પિતા પાસે ઉર્દૂના અભ્યાસથી આરંભાઈ અને સાત વર્ષની વયે તે અંગ્રેજી કેળવણી લઈ શકે એ રીતે પિતાએ એમને શાળાએ મૂક્યા. ત્યાંથી તેજસ્વી વિદ્યાર્થી તરીકે એન્ટ્રન્સ (મૅટ્રિક) પરીક્ષા પસાર કર્યા બાદ અલ્લાહાબાદની મ્યૂર આણે કૉલેજમાંથી ૧૯૧૬માં સારા ગુણ સાથે બી.એ.ની પરીક્ષા પસાર કરી કે તરત જ એ કાનપુરની કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે લેવાયા ને ૧૯૨૦ના અરસામાં ઉત્તરપ્રદેશમાં ડેપ્યુટી કલેટકર તરીકે એમની પસંદગી થઈ, પરંતુ ત્યારે તો મહાત્મા ગાંધીની અસહકારની ચળવળે અનેક ઊર્મિશીલ યુવાનોને એ તરફ આકર્ષી લીધા હતા. 'ફિરાક' પણ માતૃભૂમિના આ એલાનને અવગણી શક્યા નહિ. સરકારી સનદી નોકરીનો અસ્વીકાર કરી એમણે અસહકારની લડતમાં ઝંપલાવ્યું અને ૧૯૨૧માં રાજદ્વારી કેદી બની ૧૯૨૭ સુધી કારાવાસ ભોગવ્યો. પણ રઘુપતિ સહાયનું આ જેલજીવન 'ફિરાક' ગોરખપુરીને માટે આશીર્વાદ રૂપ નીવડ્યું. અહીં મૌલાના મહમદઅલી, મૌ૦ હઝરત મોહાની, મૌ૦ અબુલ કલામ આઝાદ આદિ વિદ્વાનોનો પરિચય એમને ખૂબ પ્રેરણાદાયી નીવડ્યો. અહીં જેલમાં જ એમના શાયરી-સંસ્કારો વધુ દૃઢ થયા.

ઇ. ૧૯૨૭માં જેલમુક્તિ બાદ તે લખનઉની ક્રિશ્ચિયન કૉલેજમાં અને ત્યાર પછી કાનપુરની સનાતન ધર્મ કૉલેજમાં ઉર્દૂના વ્યાખ્યાતા બન્યા. દરમિયાનમાં અંગ્રેજી સાહિત્યના આકર્ષણથી પ્રેરાઈને એમણે એ વિષયમાં અનુસ્નાતકની ઉપાધિ મેળવી લીધી. એટલે તરત અલ્લાહાબાદ કૉલેજમાં અંગ્રેજી ભાષા-સાહિત્યના વ્યાખ્યાતા નિમાયા. આ ઉપરાંત એમણે સંસ્કૃત અને ફારસી સાહિત્યનો પણ સારો અભ્યાસ કરી લીધો હતો.

શબ્દકથા: 'મારી મિત્ર' જેવા પ્રયોગો

ભાષા સામાજિક વ્યવહારનું પ્રમુખ સાધન છે, અને પલટાતી સામાજિક પરિસ્થિતિ અનુસાર ભાષામાં પણ નવાનવા વળાંક પ્રગટે છે. પ્રવર્તમાન પરિસ્થિતિમાંથી તેનું એક ઉદાહરણ જોઈએ.

નીચેના જેવા પ્રયોગો અવારનવાર આપણે સાંભળીએ છીએ : 'તે મારી ફ્રેન્ડ છે', 'તે મારી દોસ્ત છે', 'તે મારી મિત્ર છે' ('પાર્ટનર છે'), 'મારી ફ્રેન્ડ બોલી ઊઠી.'

'રમા તો મોટી નૃત્યકાર થવાની છે.' 'તેની બહેન પહેલાં કારકુન હતી, પછી શિક્ષિકા બની.'

'હું રહી મહિલાસભ્ય, મારું શું ઊપજે ?' 'મારી મકાનમાલિક ઘણી સારી છે.'

'હું સભાપતિ બની.' 'તું પ્રમુખ હતી ત્યાં સુધી તો બધું બરાબર ચાલતું.'

'બેસ, બેસ, મોટી કવિ બની ગઈ છે તે.'

સામાન્ય રીતે પુંલ્લિંગમાં વપરાતા 'મિત્ર', 'દોસ્ત', 'ફ્રેન્ડ', 'પાર્ટનર', 'પ્રતિનિધિ', 'સભાપતિ', 'પ્રમુખ', 'નૃત્યકાર', 'કવિ', 'કારકુન', 'કામગાર', 'કારીગર', 'ડૉક્ટર', 'વકીલ' વગેરે જેવા સંબંધ, વ્યવસાય, મોભા કે પદવીને લગતા શબ્દો ઉપરના જેવા પ્રયોગોમાં આપણે સ્ત્રીલિંગમાં વાપરીએ છીએ. આ આધુનિક પરિસ્થિતિનું પરિણામ છે.

કેટલાકને (અને કેટલીક વાર તો ઘણાને) આમાંના કોઈ કોઈ પ્રયોગ વિચિત્ર, અરુચિકર કે શૈલીની દૃષ્ટિએ અસુભગ લાગતા હોય છે. તેવું લાગે ત્યારે 'સ્ત્રીમિત્ર', 'સ્ત્રીકવિ', 'મહિલા સભ્ય' વગેરે જેવા સમાસો યોજીને, અથવા તો 'નર્તિકા', 'ચિત્રલેખા', 'લેખિકા', 'કવયિત્રી' જેવા ખાસ સ્ત્રીલિંગ રૂપો યોજીને કામ ચલાવાય છે; અથવા તો આદરવાચક બહુવચન વાપરીને રસ્તો કઢાય છે: 'પ્રમુખ (સ્ત્રી) બોલ્યાં.' છતાં ઉપર નોંધ્યા છે તેવા પ્રયોગો વાતચીતમાં તો સર્વસામાન્ય છે. આમાં 'સ્ત્રીકવિ', 'મહિલાસભ્ય' જેવા સમાસો વાક્યરચનાની દૃષ્ટિએ એક સમસ્યા ખડી કરે છે. નીચેનાં બે વાક્યોમાંથી કયું વાક્ય વધુ સ્વીકાર્ય લાગે છે?

'મીરાંબાઈની પછી બીજી કોઈ મોટી સ્ત્રીકવિ થઈ નથી.'

'મીરાંબાઈની પછી બીજો કોઈ મોટો સ્ત્રીકવિ થયો નથી.'

કેટલાકના પ્રયોગોમાં 'સ્ત્રીકવિ', 'મહિલાસભ્ય' જેવા સમાસો સ્ત્રીલિંગ છે. પણ આ પ્રયોગ જુઓ : 'તેણે મોઘું સ્ત્રીરત્ન ગુમાવ્યું.' 'કાલિદાસ જેવું કવિરત્ન વિક્રમાદિત્યની સભામાં હતું.'

આવા પ્રયોગોમાં જેમ 'રત્ન'ની પ્રધાનતાને કારણે તેનું લિંગ એ આખા સમાસનું લિંગ હોય છે, તે જ પ્રમાણે 'સ્ત્રીકવિ' જેવામાં 'કવિ'ની પ્રધાનતા હોઈને, અને કવિ સામાન્યતઃ પુંલ્લિંગમાં વપરાતો હોઈને, સ્ત્રીકવિને પુંલ્લિંગ ગણવાનું પણ વલણ છે. તે જ પ્રમાણે—'તેણે રમાને રત્ન ગણી.' 'તેણે રમાને રત્ન ગણ્યું.'—જેવામાં પહેલા પ્રયોગની, બીજાની કે વિકલ્પે બંનેની સ્વીકાર્યતા વિચારણીય છે.

હરિવલ્લભ ભાયાણી

અંગ્રેજીના અભ્યાસથી એઓ વિશ્વ-સાહિત્યના ગાઢ પરિચયમાં આવ્યા. એમની દૃષ્ટિ વિશાળ બની, નિસર્ગપ્રીતિ અને ચિંતનપ્રીતિ પાંગરવા લાગી અને પરંપરામાં ઘસડાતી ઉર્દૂ ગઝલને નવીન મોડ આપવાની તમન્ના જાગી. જો કે એમની આરંભની ગઝલો તો એ પરંપરાની જ પેદાશ હતી. મુશાયરાની મહેફિલો માણતાં માણતાં એમણે ગઝલો રચવા માંડેલી. ગઝલો રચાતી જાય તેમ પોતાના પ્રાધ્યાપક નાસરીને બતાવતા જાય. એ પ્રાધ્યાપકે એમના ગઝલગુરુ બની ગઝલનું શાસ્ત્ર શીખવ્યું. પાછળથી પ્રાધ્યાપક નાસરીનો સંસર્ગ ઓછો થતાં એમણે 'વસીમ' ખયરાબાદી પાસેથી એ માર્ગદર્શન મેળવવાનું ચાલુ રાખ્યું.

એમની પ્રારંભિક ગઝલો પર અમીર મિનાઈની, ને ત્યાર બાદ કવિ 'અઝીઝ' તેમજ 'સફીઅ'-ની અસર જણાય છે. પણ ધીમેધીમે આ અસરોમાંથી મુક્તિ મેળવી છેવટે 'ફિરાક' ગઝલોમાં પોતાનું આગવું વ્યક્તિત્વ પ્રગટ કરવા માંડ્યું. ફારસી-ઉર્દૂના અઘરા શબ્દોને સ્થાને એમણે સરળ શબ્દોનો ઉપયોગ શરૂ કરી ખડી બોલીનો ગઝલમાં મહિમા કર્યો. સરળ શબ્દોની સૌંદર્યભરી જમાવટ અને વિચાર તેમજ વિષયની સુશ્લિષ્ટ અભિવ્યક્તિ એમની ગઝલને ચોટદાર બનાવે છે. માતાના પ્રેમથી વંચિત રહેલા 'ફિરાક' સાહેબનું દાંપત્યજીવન પણ સુખદ નથી વહ્યું એમ કહેવાય છે. આથી એમની ગઝલોમાં નૈસર્ગિક તડપન જોવા મળે છે. એમાં ઘેરી વેદના ઘુંટાએલી છે. આથી જ એમની કવિતા મર્મસ્પર્શી બની શકી છે. એમની શાયરી નિત્યનૂતન અને સદાબહાર લાગે છે. એમાં માતૃભૂમિનો પ્રેમ અને માનવપ્રેમ પણ સૂક્ષ્મતાથી પ્રકટ થયો છે.

એમની આવી પ્રતિભાની લાક્ષણિકતાઓને પ્રદર્શિત કરતા એમના કાવ્યસંગ્રહ 'ગુલ-ઈ-નગ્મા'ને લક્ષમાં રાખીને આ પારિતોષિક એમને અર્પણ કરવામાં આવ્યું છે. એમના આ સંગ્રહમાં ૭૦ ગઝલો, ૨૦ નઝમો ઉપરાંત કેટલાક નમૂનેદાર શેઅર પણ છે. ઇ. ૧૯૫૯માં પ્રકટ થએલા આ સંગ્રહને ઉત્તરપ્રદેશ સરકાર તેમજ કેન્દ્રીય સાહિત્ય અકાદમીનાં ઇનામ પણ મળેલાં. એમની અન્ય કૃતિઓમાં 'શોલા-ઈ-સાજ', 'રૂપ', 'ધરતીકી કરવટ', 'બહારિસ્તાન' 'ચરાગાં', 'શાહનામિસ્તાન,' 'રૂહે કાયનાત', 'ગઝલિસ્તાન' આદિ મુખ્ય છે. ગાંધીયુગીન સામાજિક-રાજકીય સભાનતા પ્રેરિત પ્રચાર કવિતાને બાદ કરીએ તો પણ 'ફિરાક' સાહેબની કવિતા ઘણા ઉત્તમ અંશોને આગળ ધરી રહે છે.

કવિતા વિષેનો એમનો આદર્શ ઘણો ઊંચો છે. એઓ માને છે કે કવિ ઈશ્કી ગાયક નહિ

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**

મણિપુરી નર્તક ઝવેરી બહેનો

શ્રીમતી નયના : જન્મ : ૧૨-૫-૧૯૨૭, પ્રતાપગઢ (રાજસ્થાન)માં. **શ્રી રંજના :** જન્મ : ૭-૮-'૩૦, મુંબાઈમાં. બંને ગુજરાતી સાહિત્ય સાથે બી. એ.; બંનેએ ૧૯૪૩થી રંગમંચ પર નૃત્ય-નાટિકાઓમાં ઊતરવાનો આરંભ કર્યો. ગુરુ બિપિન સિંહા પાસે મણિપુરી નર્તનનું શિક્ષણ લીધું. **શ્રી સુવર્ણા :** જન્મ : ૧૪-૪-'૩૫, મુંબાઈમાં. ૧૯૪૫થી રંગમંચ પર. સમાજશાસ્ત્ર સાથે એમ. એ. **શ્રી દર્શના :** જન્મ : ૯-૧-'૩૯, મુંબાઈમાં. પ્રાચીન ભારતીય સંસ્કૃતિ સાથે બી. એ.; સાત વર્ષની વયથી રંગમંચપર. બંનેએ ૧૯૫૧થી નૃત્યશિક્ષણ આરંભ્યું. આજે ચારેય મળી વર્ષે લગભગ ૪૦-૫૦ કાર્યક્રમો આપે છે. સીલોન, દૂર પૂર્વના દેશો, જાપાન, પશ્ચિમ યુરોપ, લંડન, રશિયા અને આફ્રિકામાં કેનિયા, યુગાન્ડા, ઝામ્બિયા ને સોમાલિયામાં પણ નૃત્યો રજૂ કરી પ્રતિષ્ઠા મેળવી છે.

૧ તમે મણિપુરી નૃત્ય તરફ કેમ આકર્ષાયાં?

ન.: એ નર્તનકળાની ઋજુતા, લાવણ્ય, ભક્તિ તથા ભાવ-પ્રધાન તત્ત્વથી એ શૈલીનાં સુંદર અંગચલન. તાલ છંદરચના ને ભાવ-રસના વિકસિત સ્વરૂપથી એમાં વધુ રસ કેળવી શક્યાં.

૨ નર્તન-પ્રવૃત્તિમાં ગુરુની પ્રેરણા કેટલી?

રં.: અમારા ગુરુ બિપિન સિંહાની નર્તનવિદ્યા, સાક્ષરતા, સંગીતજ્ઞતા, સર્જનશક્તિ અને રંગભૂમિની આવશ્યકતાની ઊંડી સમજ વર્ષોથી અમને માર્ગદર્શક ને સહાયરૂપ રહી છે.

૩ નૃત્ય અને સંગીતનો સંબંધ કેટલો?

સુ.: સંગીત તો એમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ગીતના અર્થ અને ભાવને અભિનય દ્વારા વ્યક્ત કરવા સાથે મૃદંગના બોલને સુસંગત નૃત્યરચના એક અનેરી અભિવ્યક્તિ બની રહે છે.

૪ મણિપુરી જેવી પરંપરાગત નર્તનકલાની આધુનિક યુગમાં સુસંગતતા ખરી?

દ.: તેમાં રહેલાં શાશ્વત તત્ત્વો અને સૌંદર્ય-સ્વરૂપ વડે તે આધુનિક કાળમાં પણ રસનિષ્પત્તિ કરાવી શકે છે. એની શૈલીનું રૂપ સાચવીને નિત્યનવીન રજૂઆત સરળતાથી થઈ શકે.

૫ પૂર્વરચિત નૃત્યસંયોજન અને તાત્કાલિક નિરૂપણમાં તફાવત પડે ખરો?


રં.: જ્યાં વ્યવસ્થા, શિસ્ત, પદ્ધતિ વગેરે પર ભાર રહે ત્યાં પૂર્વરચિત નૃત્ય સંતોષ આપી શકે, પણ અભિવ્યક્તિમાં મુક્તિ તથા વ્યક્તિગતતાનું મહત્ત્વ હોય ત્યાં તાત્કાલિક સ્ફુરણાથી રજૂ થતી કલા રસમય બની રહે. પહેલાનું નિરૂપણ યંત્રવત્ લાગે જ્યારે બીજું વધુ સ્પંદનશીલ.

૬ નર્તનકાર માટે શાસ્ત્રીય જ્ઞાન ઉપરાંત અન્ય આવશ્યકતા શાની?

દ.: નર્તકનું અંગચલન સ્વાભાવિક અને સુંદર હોવું જોઇએ. આ માટે સતત પરિશીલન અને રિયાઝ અત્યંત જરૂરી છે.

૭ ગુજરાતની યુવતીઓ નૃત્યકલામાં કઈ રીતે આગળ વધી શકે?

ન.: નારીમાત્ર ઊર્મિપ્રધાન તથા સૌંદર્યપ્રેમી છે. નૃત્ય પ્રતિ એને સ્વાભાવિક આકર્ષણ રહે છે. એ જો નૃત્ય શીખે તો એથી શરીરસૌષ્ઠવ, સંવેદનશક્તિ અને રસવૃત્તિ ઘડાય છે. એ માટે ઉત્સાહ અને પરિશ્રમ સાથે પ્રલોભનોથી પર એવી ઉચ્ચ ભાવના જોઇએ. કૌટુંબિક સાથ અને પ્રોત્સાહન પણ જરૂરી છે: નાનપણમાં માતાપિતા તરફથી ને પછી પતિ તરફથી.



ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન અને કવનનો પરિચય

[૧૨] — કરાવનાર · જલન માતરી



પીઢ ગઝલકાર 'સગીર'

ગઝલની ઇમારતનો પાયો તો નાખ્યો સ્વ. કવિ બાલાશંકર અને સ્વ. 'કલાપી'એ; પણ માત્ર પાયો નાખવાથી ઇમારત બનતી નથી. એટલે જરૂરી સાધનસામગ્રી સાથે દોડી આવ્યા ગઝલ-સમ્રાટ સ્વ. શયદા, સ્વ. 'નસીમ', 'સગીર' વગેરે. અને ઇમારત ચણાઈને તૈયાર થતાં રંગવાની જરૂરત ઊભી થતાં આવ્યા 'આસિમ' રાંદેરી, ઝરૂખાઓ શણગારવા આવ્યા 'સૈફ' પાલનપુરી, અને ઇમારતના ચોગાનમાં ઉદ્યાન સજાયું મઘમઘતા ગુલાબ જેવા 'મરીઝ', 'બેફામ', 'શૂન્ય' વગેરેથી. ઉદ્યાનમાં ફૂલો ખીલ્યાં કે ગઝલ-બુલબુલ તરીકે પ્રગટયા 'ગની' દહીંવાલા અને ચમનની આમ્ર-કુંજોમાંથી કોકિલ ટહુકાર થયો શેખાદમ આબુવાલાનો. ગઝલ-મર્યાદા ઓળંગીને કોઈ બહાર ન જાય એ માટે ચોકી કરવા લાગ્યા 'મસ્તહબીબ' સારોદી ને રતિલાલ 'અનિલ.'

ગઝલ સમ્રાટનો દરબાર ભરાયો અને રત્નોથી ઝળકવા લાગ્યો. એમાં ગઝલ-રત્ન અમૃત 'ઘાયલે' દરબારને ઓર શાન અર્પી. પછી તો દીવાને ખાસમાંથી દીવાને આમનું સર્જન થયું. મેહફિલો જામવા લાગી. એ મહેમાનોનો આદર સચવાય અને મેહફિલની શાનને આંચ ન આવે એ માટે દંડક તરીકે પ્રગટયા 'અમીન' આઝાદ.

ગઝલ-મેહફિલ જામી. ડોલવા લાગ્યા સ્વ. મેઘાણી, સ્વ. દી. બ. કૃષ્ણલાલ ઝવેરી, સ્વ. બાદરાયણ, જ્યોતીન્દ્ર દવે. ગંભીર દરબારમાં કટાક્ષ-મજાકની છોળો ઉડાડવા પધાર્યા 'બેકાર', 'શેખચલ્લી', 'મુલ્લાં રમૂજી' અને સ્વ. 'આસી' સૂરતી.

સમ્રાટે વિદાય લીધી પણ દરબાર વિખરાયો નહિ, બલ્કે વધુ સમૃદ્ધ થયો. ઘણા જૂના દરબારીઓ પણ વિદાય લઈ ગયા. પણ આપણા ખુશનસીબે હજી વિદ્યમાન છે જનાબ ગુલામહુસેન મોહંમદ કાસિમ 'સગીર.' આજે પણ મુશાયરામાં મંચ ઉપર પોતે સદા બિરાજમાન હોય છે.

ઈસ્ના અશરી ખોજા જ્ઞાતિમાં મુંબાઈમાં તા. ૨૫-૬-૧૯૦૧ના રોજ જન્મેલા આ શાયર ૬૯ની ઉંમરે પણ એટલી જ તાઝગી ધરાવે છે. એમનો સંગ્રહ 'સગીરની ગઝલો' પ્રકટ થયો છે.

કોઈના પ્રેમમાં વ્યાકુળ થઈને જે દીપક રાગનો જ્ઞાતા હોય પણ પછી જેની જાણમાં મલ્હાર નં હોય એવો ગાયક શોધી રહેલા, જ્યાં માત્ર ઉન્માદ જ હોય અને વ્યવહાર ન હોય એવી દુનિયામાં જીવન ગુજારવા માગતા, જ્યાં બે પગનો પણ ઉપકાર ન હોય એવી રાહો ઉપર ચાલવા માગતા, આ પીઢ ગઝલકારના પથ્થર ઉપર સુનેરી લકીર સમા શે'રો માણીએ :

ઊડે ન ગગનમાં તું, ગગન તુજ મહીં ઊડે,
ઓ રજ! હું દઉં એટલો વિસ્તાર અહીં આવ.

ઓઝલની પ્રતિજ્ઞા છે તો ઓઝલમાં રહીને
બંધ આંખે કરું તારા હું દિદાર અહીં આવ.

ન રોકાઈ કદી ચર્ચાઓ, ચર્ચા રોકનારાથી
હવે એની જ ચર્ચા છે કે ચર્ચા થઈ નથી શકતી.

વલણ દિલનું બદલવું જોઈએ, તોબાઓ કરનારા,
તમાચા ગાલ પર મારેથી તોબા થઈ નથી શકતી.

એ શું છે તમન્ના જો હો મળવાની તમન્ના?
મુજને તો રહી તુજ મહીં ભળવાની તમન્ના.

જીવન પુણ્યથી મારા બ્હેકી ગયું,
પડી ગૈ છે થોડા ગુનાની જરૂર!

તું જમાનાના ઇશારાથી જો દોરાય તો શું?
સ્વયં દોરાય જમાનો એ ઇશારો થઈ જા!

ડૂબકી લગાવનારને મોતીઓ આપશે,
દરિયો રહેશે દરિયો, એ મૃગજળ થશે નહિ.

હું બેસી ગયો તો બેસવા દે
ઉઠાડ નહિ સહચર મારા,
હું ઊઠીશ સ્વયં તે વખતે જ્યારે
કોઈ રહ્યો આધાર ન હો.

હું કોઈના પ્રેમમાં વ્યાકુળ થઈ
ગાનાર કો' એવો શોધું છું,
જે દીપક રાગનો જ્ઞાતા હો ને
જાણ મહીં મલ્હાર ન હો.

સ્વમાન મહીં મસ્તાન રહી
આઝાદ કરી દે યુવાને
એ માર્ગે ચાલ્યો જા કે જ્યાં
બે પગના પણ ઉપકાર ન હો!

છે આને પાપની ઇચ્છા, છે એને બાધની આદત,
બને છે એજ કારણ દિલતણું અંત:કરણ દુશ્મન.

રહીને સાથે સાથે, ધીરે ધીરે નિત્ય કાપે છે,
બને છે મિત્ર રૂપે ખૂબ! પર્વતનું ઝરણ દુશ્મન.

પૃથ્વી પર કાં સદાય ફેંકે છે?
ચંદ્રને કેમ ચાંદની ન ગમી?
ફૂલ થાવા વિના ખરી શાને?
ઉન્નતિ કેમ ઓ કળી! ન ગમી?

મજા તૌબાની લેવા પાપ કીધું,
પડી ગઈ કેમ આદત, કોણ જાણે.
હું લલચાયો હૃદયથી કે નયનથી
હતી કોની શરારત, કોણ જાણે.
નથી હાલત કોઈની એકસરખી,
ઘડે છે કોણ કિસ્મત, કોણ જાણે.

લાશ શું દાટી રહ્યા છો આપ મારી? સાથ સાથ,
દાટનારાઓ! દટાયે છે ઘણાં અરમાન પણ.

વિશ્વમાં ક્રાંતિ તો થતી જ રહી
કોઈ સિક્કો ન કાયમી ચાલ્યો,
એટલો એ થયો બુલંદ 'સગીર',
જેટલો જે અહીં નમી ચાલ્યો.

જોઈએ. સંવેદનાનુભૂતિ સાથે સાથે એનામાં તત્ત્વદર્શન પણ હોવું જોઈએ. આથી એમણે ઉર્દૂ કવિતાની આકૃતિ અને આત્મામાં આમૂલ પરિવર્તન આણ્યું અને કૃત્રિમ નિસાસા-નિરાશાવાળી પરંપરાની હવાઇ ગઝલોને નક્કર વાસ્તવિક્તાની ભૂમિ પર ઉતારી શુદ્ધ ગઝલની પ્રતિષ્ઠા કરી. એમના આ ઉચ્ચાદર્શોને પરિણામે એમની ગઝલોમાં ભાવની શિષ્ટતા, આકૃતિનું સૌષ્ઠવ અને વિચારની ઊર્જિતતા જોવા મળે છે. લાગણીની વેધકતાપૂર્વક એ લખે છે :

જબ જબ ઇસે સોચા હૈ, દિલ થામ લિયા મૈંને;
ઈન્સાન કે હાથોં સે ઈન્સાન પૈ ક્યા ગુજરી!

જીવનની વેદનાને આમ વ્યક્ત કરી છે.

હર લિયા હૈ કિસી ને સીતા કો,
જિન્દગી હૈ કિ રામ કા વનવાસ.

તો જીવનમાં એમનો આશાવાદ પણ કંઈ ઓછો નથી :

દિખા તો દેતી હૈ બેહતર હયાત કે સપને,
ખરાબ હો કે ભી યે જિન્દગી ખરાબ નહીં!

અને મનુષ્યમાં એમને અટલ શ્રદ્ધા છે :

જિન્હેં શક હો વો કરે ઔર ખુદાઓં કી તાલાશ,
હમ તો ઈન્સાન કો દુનિયા કા ખુદા કહેતે હૈં!

ઉર્દૂ સાહિત્યના આવા પ્રતિભાવંત પાકટ કવિ 'ફિરાક' ગોરખપુરી અલ્લાહાબાદ યુનિવર્સિટીમાંથી અંગ્રેજીના પ્રાધ્યાપકપદેથી નિવૃત્ત થઈ હાલ એકાકી જીવન ગાળે છે. ભારતીય જ્ઞાનપીઠે એમને પુરસ્કાર્યા છે એ પ્રસંગે અભિનંદન અને ચિરાયુ માટે અભ્યર્થના! □



સ્વ. ડોલરરાય રંગીલદાસ માંકડ

વિદ્વાનભાષાશાસ્ત્રી, સંશોધક અને ચિંતનશીલવિવેચકશ્રી ડોલરરાય રંગીલદાસ માંકડનું તા. ૨૯મી ઑગસ્ટે હૃદય રોગથી એકાએક અવસાન થતાં એક સત્ત્વસંપન્ન અભ્યાસી અને શિક્ષણકાર તથા સૌમ્ય સજ્જનની ગુજરાતને ખોટ પડી છે.

કચ્છ વાગડમાં જંગી ગામે આવેલા મોસાળમાં ઈ. ૧૯૦૨માં મૂળ જોડિયા (સૌરાષ્ટ્ર)ના વડનગરા નાગર કુટુંબમાં જન્મ. રાજકોટ, જૂનાગઢ ને કરાચીની દયારામ જેઠમલ સિંધ કૉલેજમાં અભ્યાસ કરી ગુજરાતી અને સંસ્કૃત સાથે ૧૯૨૭માં એમ.એ. થયા અને એ જ કૉલેજમાં પ્રથમ લેક્ચરર ને પછી પ્રાધ્યાપક તરીકે નિમાઇને ૧૯૪૭ સુધી સંસ્કૃતનું પ્રશિક્ષણ આપવા સાથે સાથે પોતાની વિદ્વત્તા અને સૌજન્ય વડે ત્યાંના સમાજમાં સારી ચાહના મેળવી. એ બે દાયકા દરમિયાન કરાચીના સાહિત્યિક અને સાંસ્કૃતિક જીવનમાં એકધારી આગળપડતી સેવા આપવા ઉપરાંત, 'કરાચી સંસ્કૃત એસોસીએશન'ની સ્થાપના કરીને બે વર્ષ સુધી જાતે એનું સંચાલન પણ સંભાળેલું. પ્રેમાનંદનાં નાટકોના કર્તૃત્વ અંગે ઊંડી અભ્યાસપૂર્ણ ચર્ચા કરતાં 'એ ત્રણ નાટકો' નામના પહેલા જ લેખથી એમણે પોતાની અભ્યાસી સંશોધક તરીકેની પ્રતીતિ કરાવેલી. ભાષાશાસ્ત્ર અને ગવેષણા એમના પ્રિય વિષયો, અને એ માટે જરૂરી બધી યોગ્યતા પોતે કેળવી હોઈ એ પછી એમણે લખેલાં અનેક પુસ્તકો ને નિબંધ-લેખો હમેશાં અભ્યસનીય ને માહિતીપ્રદ બની રહેલાં. સાત વર્ષ સુધી 'નાગરિક' ત્રિમાસિકનું સંપાદન અને બે વર્ષ 'ઊર્મિ'નું સહસંપાદન પણ એમણે કરેલું. ગુજરાતની સંસ્કારિતા અને સાહિત્યમાં વિશિષ્ટ અર્પણ કરવા માટે ઇ. ૧૯૪૬માં અમદાવાદની ગુજરાત સાહિત્ય સભાનો રણજિતરામ સુવર્ણચંદ્રક એમને અર્પણ થએલો.

ઈ. ૧૯૪૭ થી '૫૩ તેઓ વલ્લભવિદ્યાનગરના વિઠ્ઠલભાઈ પટેલ મહાવિદ્યાલયમાં ગુજરાતીના પ્રાધ્યાપક રહેલા, જેમાં વચ્ચે બે વર્ષ ત્યાં આચાર્યપદ પણ સંભાળેલું. ૧૯૫૩માં જામનગર નજીક અલિયાબાડામાં દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલયની સ્થાપના કરી તેના આચાર્ય બન્યા. અહીં એમણે વિકસાવેલી ગંગાજળા વિદ્યાપીઠ એમની જીવનભાવનાનું પ્રતીક બની રહ્યું છે. એની ખાતર એમણે કરેલાં ત્યાગ અને તપશ્ચર્યા એમના જીવન પ્રત્યેના ઉચ્ચ ભાવનાપૂર્ણ અભિગમનું ઉદાત્ત દર્શન કરાવે છે. ૧૯૬૦માં તેમણે ત્યાંનું આચાર્યપદ છોડી માત્ર સંસ્કૃતનું પ્રાધ્યાપન જ સ્વીકારેલું. ૧૯૬૧માં શ્રીનગરમાં મળેલી અખિલ ભારત પ્રાચ્ય વિદ્યા પરિષદમાં ઇતિહાસ વિભાગનું પ્રમુખપદ પણ એમને અપાએલું. છેલ્લેછેલ્લે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિપદેથી સેવા આપી બીમારીને લીધે હમણાં જ નિવૃત્ત થએલા.

આમ, કરાચીની શારદા મંદિર જેવી વિદ્યાસંસ્થાઓ, સમાજસેવાની મંડળીઓ, સાહિત્ય સભાઓ, વિદ્યાપીઠો, કેન્દ્ર તથા રાજ્ય સરકારની અનેક સમિતિઓ વગેરે પ્રવૃત્તિઓ સાથે એમની વિદ્વત્તા, અધ્યયન અને અધ્યાપનનું વાઙ્મય-પ્રદાન વિશાળ અને વિવિધ છે. 'રુદ્રાધ્યાય', 'શક્રાદયઃ સ્તોત્ર' ને 'ધ્વન્યાલોક'નાં સુંદર ભાષાંતરો. 'લગ્નવિધિ', 'સંસ્કૃત નાટ્યશાસ્ત્રના વિકાસની રૂપરેખા', 'પિંગળ પ્રવેશિકા', 'અલંકાર પ્રવેશિકા', 'ઇ. ૧૯૩૬ના ગુજરાતી વાઙ્મયની સમીક્ષા' વગેરે સાથે અનેક ગુજરાતી નિબંધલેખો તથા અંગ્રેજીમાં 'ધ ટાઇમ ઑવ સંસ્કૃત ડ્રામા', 'યુગપુરાણ', 'સ્ટડીઝ ઇન ધનંજયઝ દશરૂપકમ', 'પુરાણિક ક્રૉનૉલૉજી' ઇત્યાદિ પુસ્તકો સાથે સંખ્યાબંધ નિબંધો વગેરે એમના અભ્યસનીય સર્જનો છે. એમના નિબંધરૂપ લેખોનો સંગ્રહ 'નૈવેદ્ય' તો ભારત સરકાર દ્વારા પુરસ્કૃત પણ થયો છે.

આ રીતે અધ્યાપન ઉપરાંત, આજીવન સાહિત્યોપાસના સાથે એમણે સ્વસ્થ શાંત સૌમ્ય ને સરલ આભિજાત્ય વડે જે સંસ્કારમંધુર જીવનનું દૃષ્ટાંત જીવી બતાવ્યું છે તે સદા પ્રેરક અને અનુકરણીય રહેશે. એમના આત્માને પરમ શાંતિ હો. □

સસ્તી પોષક વાનગીઓ

માત્ર ચાર જ વર્ષમાં કોઈ પુસ્તકની ત્રણ આવૃત્તિ થાય એવું તો ભારે લોકપ્રિય નવલકથાની બાબતમાં પણ ક્વચિત બને. એ જોતાં 'સસ્તી પોષક વાનગીઓ' જેવું પુસ્તક એવો યશ પામે એ કેવળ તેના ગુણને કારણે જ બન્યું હોય એ નિશ્ચિત ગણાય. આ પુસ્તક પાકકલાનો માત્ર પરિપાક નથી, પરંતુ આહારશાસ્ત્રની વૈજ્ઞાનિક સમજનો વ્યવહારુ અરીસો પણ છે. તેમાં બહેનો તરફથી વાનગીઓનું વૈવિધ્ય એટલા પ્રમાણમાં પીરસાયું છે કે ગુજરાત હવે રસોઈમાં રૂઢિચુસ્ત નથી, તેની પ્રતીતિ થાય છે.

પ્રથમ વિભાગ આહારશાસ્ત્રનો પરિચય આપે છે. તેમાં ખાદ્યોનાં પોષક તત્ત્વો, સમતોલ નિરામિષ આહાર, ભોજનનું આયોજન ઇત્યાદિ વિષયોની વ્યવહારુ એવી વૈજ્ઞાનિક છણાવટ કરેલી છે. આયુર્વેદ અને આહાર (પાન: ૩૪) તથા માંદગીમાં આહાર (પાન: ૬૦)નાં પ્રકરણો સવિશેષ સૂચક છે. આ વિભાગમાં પ્રોત (પ્રોટીન્સ)ની અગત્ય સંબંધી એક સ્વતંત્ર પ્રકરણ ઉમેરાય તો ઉપકારક થાય.

બીજો વિભાગ વાનગીઓ સંબંધી છે, જેમાં વાનગીવાંછુઓ માટે વિપુલ ભંડાર પડેલો છે. વળી દરેકવાનગીનું આહારમૂલ્ય આંક્યા,વિવિધ કોષ્ટકોસાથે ખાદ્ય પદાર્થોનાં માપ-વજન આપી, નારીજગત ને આહારનાં મૂલ્યો સમજવા માટેનો માર્ગ મોકળો કરી આપ્યો છે. એ વિભાગમાં, આથાવાળી વાનગીઓ (પાન: ૨૦૫) કચરામાંથી કંચન (પાન: ૨૮૬), ગરમ-ઠંડાં પીણાં (પાન: ૩૨૯), ખાદ્ય પદાર્થોનું આયુર્વેદીય મૂલ્યાંકન (પાન: ૩૬૫) ખાસ નોંધપાત્ર છે.

પુસ્તકની વાનગીઓ માફક, પુસ્તકનું મૂલ્ય (ત્રણ રૂપિયા) પણ સસ્તું છે અને લખાણ પણ પ્રેરક અને સુવાચ્ય છે. આમ છતાં જ્યોતિસંઘે પુસ્તકને સચિત્ર બનાવ્યું હોત તો તે વધુ માર્ગદર્શક થાત. તે માટે એકાદ બે રૂપિયા જેટલી કિંમત વધે તો તે ક્ષમ્ય ગણાય.

એંશી વર્ષની જૈફ વયે શ્રી ચંદુભાઈ દવે જાતે અખતરાઓ કરીને તથા તે માટે ડેરડેર ફરવાનો પરિશ્રમ વેઠીને અત્યંત ખંત અને વૈજ્ઞાનિકની ચીવટથી, આવું આહાર પરત્વે નવી દૃષ્ટિ આપતું, શાસ્ત્રીય છતાં લોકભોગ્ય પુસ્તક લખે ને જ્યોતિસંઘ રૂ. ત્રણની સસ્તી (તિલક માર્ગ અમદાવાદ-૧) કિંમતે સામાન્ય જનતાને સુલભ કરે તે ખરેખર પ્રશંસાપાત્ર છે. ગુજરાતનું નારીવૃંદ આ પુસ્તકને ઘરઘર અપનાવી, ગુજરાતના કથળતા શરીર-સ્વાસ્થ્યને સમારી લેશે, તેવી મને મનીષા છે. (ડૉ. હરિત ર. દેરાસરી)

ઇંગ્લૅન્ડ અને આયર્લૅન્ડ



લેખક
ડૉ. પ્રહ્લાદભાઇ ચુ. વૈદ્ય

ચારેક વર્ષ ઉપર જેમણે 'અમેરિકા અને આપણે' એ નામથી, પોતાનાં બાળકો પર લખેલા પત્રોની માળા દ્વારા એ દેશની ભૂમિ, સમાજ, શિક્ષણ ને વિચારધારાઓનો પરિચય કરાવેલો તેમના એવા જ રસમય બીજા પત્રોની માળા આ સાથે શરૂ થાય છે. ગુજરાત યુનિવર્સિટીમાંથી ગણિતના વિષયમાં સૌપ્રથમ પીએચ. ડી. થનાર શ્રી પ્રહ્લાદભાઈ ગુજરાતભરમાં 'ડૉ. વૈદ્ય' તરીકે જાણીતા છે. પ્રાધ્યાપક, ગણિતખાતાના વડા અને પ્રાચાર્ય તરીકે વિવિધ કૉલેજોમાં સેવા આપ્યા બાદ આજે ગુજરાત યુનિવર્સિટીના વિજ્ઞાનભવનમાં ગણિત વિભાગના અધ્યક્ષ તરીકે રહેલા ડૉ. વૈદ્ય પ્રખર ગણિતી હોવા ઉપરાંત ઉત્તમ શિક્ષક, વક્તા અને લેખક છે. અગાઉ જેમ 'મુલાકાતી અધ્યાપક' તરીકે અમેરિકા ગએલા એવા જ પ્રકારની કામગીરી પર આ વર્ષની શરૂઆતમાં ઇંગ્લંડ અને આયર્લૅંડ જઈ આવેલા ડૉ. વૈદ્યના પત્રોની આ માળા પણ એટલી જ રસમય અને પ્રબોધક થઈ પડશે.

૧

યૉર્ક તા. ૯-૩-૧૯૭૦

વહાલાં બાળકો,

ગઈ કાલે લંડન છોડી હું યૉર્ક ગયો. શિયાળામાં ટ્રેઇનની સફર અમેરિકામાં કરી હતી તે પછી અહીં કરી. પણ બે વચ્ચે ઘણો ફેર. એક તો ટૂંકી મુસાફરી હતી. આ દેશ જ નાનો. અમેરિકાના વૉશિંગ્ટન રાજ્યના પુલ્મન ગામથી ટેક્સાસ રાજ્યના બલક ગામ સુધીની મુસાફરી જેટલું અંતર કાપવું હોય તો આ આખા દેશની પ્રદક્ષિણા કરવી પડે! આમ વિચારીએ ત્યારે આશ્ચર્ય થાય કે આટલા નાના દેશના લોકો દુનિયાભરમાં ફેલાએલું વિશાળ સામ્રાજ્ય કેવી રીતે સ્થાપી શકયા હશે? આનાં બે ત્રણ કારણો લંડનના વસવાટ દરમિયાન જાણવા, અનુભવવા મળ્યાં.

એક તો આ લોકોની સંયોગોને અનુકૂળ થઈ જવાની માનસિક સરળતા. મુસલમાનોએ દિલ્હીની ગાદી ઉપર લગભગ ૨૦૦ વર્ષ સુધી એકચક્રી રાજ્ય કર્યું એ હકીકતને આજે પણ ભારતના કેટલાક મુસ્લિમો વીસરી શકતા નથી; અને પાકિસ્તાનની આપણા તરફની દુશ્મનાવટની ભાવના પાછળ કદાચ આ પણ એક ખયાલ કામ કરે છે કે ભારતમાં ફરીથી મુસ્લિમ રાજ્ય સ્થપાશે. પરંતુ આની વિરુદ્ધ અંગ્રેજો પણ ૨૦૦ વર્ષ સુધી ભારતમાં રાજ્ય કરી ગયા છે, હજુ રાજસત્તા છોડ્યે ૨૨-૨૩ વર્ષ જ થયાં છે, છતાં ફરી ભારતમાં રાજ્ય કરીશું, અથવા તો 'અમે રાજ્યકર્તા વર્ગના' એવો ઘમંડ અહીં કયાં ય દેખાયો નહિ. ઇતિહાસના આ કાળમાં જૂના શાહીવાદી પ્રકારનું રાજ્ય સંભવે જ નહિ એ સ્થિતિ અહીંનો સામાન્ય નાગરિક પણ સમજી ગયો છે. ઇતિહાસના પલટાએલા સંયોગોને આ લોકો સરળતાથી અનુકૂળ થઈ જાય છે.

બીજું, આ દેશના સમગ્ર ઇતિહાસમાં દેશનું રાજકારણ પ્રગતિશીલ રહ્યું છે. રાજાશાહી છતાં સર્વોત્તમ લોકશાહી—દુનિયામાં વ્યવસ્થિત લોકશાહી રાજ્યવ્યવસ્થા—ની પહેલ આ લોકોએ કરી અને તે પણ રાજાશાહીની છત્રછાયા નીચે! કેવી વિચિત્ર તથા અદ્ભુત હકીકત છે!

હું પ્રો. પિરાનીને ત્યાં જમવા ગયો હતો ત્યારે ગ્રીનિચની વેધશાળા તથા નૌ-સંગ્રહસ્થાન (**Naval Museum**) જોવાનો પ્રસંગ મળ્યો હતો. ઇંગ્લંડમાં નૌકાશાસ્ત્રની મદદ માટે ખગોળવિદ્યાનો વિકાસ થયો છે. વહાણવટીઓને ભર દરિયે પોતાનું સ્થાન નક્કી કરવા માટે બે માપ (co-ordinates)ની જરૂર પડે. તેમાંનું એક માપ તો ધ્રુવતારાની મદદથી મળી રહેતું. એ માપ તે અક્ષાંશ (latitude). આ માપથી ઉત્તર-દક્ષિણ દિશામાં કેટલું અંતર કપાયું તે ખબર પડી આવે. પણ પૂર્વ-પશ્ચિમ અંતર કેટલું કપાયું તે કેવી રીતે માલૂમ પડે? તેને માટે આકાશના તારા કામ આપે તેમ નહોતા. તે માટે તો, જેમ પૂર્વ-પશ્ચિમ અંતર વધતું જાય તેમ મધ્યાહ્નનો સમય મોડોવહેલો થતો જાય એ હકીકત વાપરવી પડે; અને તે માટે કોઈ નિશ્ચિત સ્થળના મધ્યાહ્નના સમય સાથે જહાજના મધ્યાહ્નના સમયને સરખાવવો પડે. આવી રીતે 'ગ્રીનિચ મિરીડિયન'-ની તથા બરાબર સમય આપે તેવા ઘડિયાળની શોધ થઈ. તે સમયે જે સ્થળે ખગોળશાસ્ત્રીઓએ મધ્યાહ્ન-સૂર્ય અવલોકવા માટે યામ્યોત્તર વેધ (transit instrument) ગોઠવ્યું હતું તે સ્થળના મધ્યાહ્ન-સમયને 'સ્ટાન્ડર્ડ' તરીકે ગણવાનું અંગ્રેજ વહાણવટીઓએ નક્કી કર્યું ને આમ 'ગ્રીનિચ યામ્યોત્તર વૃત્ત' નક્કી થયું. ત્યાર પછી ૨૫ વર્ષે ખગોળવેત્તાઓએ વધુ શક્તિશાળી યામ્યોત્તરવેધનું સાધન બનાવ્યું ને તેને પહેલા સાધનની જોડે ગોઠવ્યું. આ નવા સાધનમાંથી પસાર થતું યામ્યોત્તરવૃત્ત જ આજે સર્વત્ર રેખાંશ (longitude) માપવા માટે વપરાય છે.

હવે બીજી જરૂરત રહી ખરો સમય આપે તેવા ઘડિયાળની, અને તે પણ એ જમાનાનાં ડોલંડોલા થતા વહાણમાં પણ વહેલું મોડું ન થાય તેવું સૂક્ષ્મ સમય-માપક ઘડિયાળ બનાવવાની. આ માટે ઇંગ્લંડના રાજા જ્યૉર્જ બીજાએ ઈ. સ. ૧૭૮૧ના અરસામાં એક ૨૦૦૦ પાઉન્ડનું ઇનામ જાહેર કર્યું. લંડનથી વેસ્ટ ઇન્ડીઝના જમૈકા સુધીની વહાણની મુસાફરી દરમિયાન સ્પષ્ટ સમય આપતું રહે તેવું ઘડિયાળ જે કોઈ બનાવી આપે તેને ૨૦૦૦ પાઉન્ડનું ઇનામ! એ જમાના માટે તો આ ઘણું મોટું ઇનામ કહેવાય. હૅરિસન નામના અંગ્રેજે આ ચૅલેન્જ ઉપાડી લીધી. તેણે ૨૦ વરસ સુધી અખંડ પ્રયત્નો કરીને ઉત્તરોત્તર સૂક્ષ્મ થતાં જાય તેવાં ચાર ઘડિયાળ બનાવ્યાં: પહેલાં ત્રણ ઘડિયાળ મોટા કદનાં, અને ચોથું ઘડિયાળ ૪×૪ ઇંચની પેટીમાં રહી જાય તેવડું બનાવ્યું અને તે ઇનામ જીતી ગયો. હૅરિસનનાં આ ચારે ઘડિયાળ ગ્રીનિચ નૌ-સંગ્રહાલયમાં મૂકેલાં છે.

સ્પષ્ટ છે કે આ દેશની પ્રજા ને રાજ્યકર્તા પહેલેથી જ પ્રગતિશીલ રહ્યાં છે. દુનિયાભરમાં વિસ્તરેલા તેમના સામ્રાજ્યને પણ જરૂર પડ્યે તેઓ સરળતાથી સંકેલી પણ લઈ શકે છે. અને તેથી તો તેમનું સામ્રાજ્ય આજે ભલે ન રહ્યું, પણ તેમનું ગ્રીનિચ યામ્યોત્તરવૃત્ત તો આખી દુનિયા વાપરે છે.

લિ. કાકાના આશીષ

૨

યૉર્ક, તા. ૧૫-૩-'૭૦

વહાલાં બાળકો,

હવે અહીં દિવસે દિવસે ઠંડી ઘટતી થાય છે. ગયે રવિવારે હું ટ્રેઇનમાં લંડનથી યૉર્ક આવ્યો ત્યારે આખે રસ્તે ધરતી બરફથી ઢંકાએલી હતી. અહીં પણ બીજે દિવસે સવારે ધૂમસ હતી ને ધીમેધીમે સ્નો પડતો હતો. પણ મંગળવારથી ઉઘાડ થઈ ગયો છે. કાલે શનિવારે તો આખો દિવસ તડકો નીકળ્યો હતો એટલે હું પગે ચાલતો શહેરમાં ફરવા નીકળ્યો.

યૉર્કની વસતિ આમ તો નડિયાદ જેટલી, પણ શહેરનો વિસ્તાર નડિયાદ કરતાં મોટો. આ શહેરમાં કોઈ ખાસ ઉદ્યોગ નથી, પણ તેની ઐતિહાસિક અગત્ય ઘણી છે. ઇંગ્લંડની અત્યારની પ્રજા તે આ ટાપુ ઉપર વસનારી મૂળ પ્રજા નથી. ભારતમાં જેમ આપણે બધા આર્યો



↑ ઇંગ્લંડમાં હલ બંદરને માર્ગે યૉર્ક અને હૉલૅન્ડનો સંબંધ ગાઢ થએલો. યૉર્કમાં ડચ ભાષાની ઘણી અસર છે. આ યૉર્ક અને તેની આજુબાજુના પ્યુરિટનો ધર્મરક્ષાર્થે પ્રથમ હૉલૅન્ડ જ નાસી ગએલા, અને પછી આ બે વિસ્તારમાંથી ધર્મરક્ષાર્થે—'પિલ્ગ્રિમ ફાધર્સ' પ્લીમથને માર્ગે દેશવટે નીકળેલા.



↑ યૉર્કના ૧૪મી સદીના ત્રણ માઈલ લાંબા કિલ્લાનો મુખ્ય દરવાજો 'મિક્લગેટ બાર.' રાજા જ્યારે અહીં આવતો ત્યારે આ દરવાજેથી જ ગામમાં પ્રવેશતો.



સ્ટેઈન્ડ ગ્લાસ વિન્ડો (જમણી બાજુ) રંગીન કાચના ટુકડા જડીને બનાવેલું આ કાચચિત્ર યૉર્કના 'ઑલ સેઈન્ટ્સ ચર્ચ'ની એક બારીનું છે. સંત ઍન 'વર્જિન'ને ધર્મશિક્ષણ આપતી હોવાનું એમાં આલેખન છે. યૉર્કમાં 'મિન્સ્ટર' નામે ઓળખાતા એક પ્રાચીન કથેડ્રલમાં આવાં અનેક અતિસુંદર કાચચિત્રો છે, જે વર્ષોની મહેનતે બન્યાં છે. નૈઋત્ય યુરોપમાં 'મિન્સ્ટર'નું કથેડ્રલ મોટામાં મોટું છે. તેમાં આવું એક કાચચિત્ર તો ૭૬ × ૩૨ ફૂટ જેટલું વિશાળ છે. ઇંગ્લંડમાં અને કદાચ દુનિયાભરમાં આટલું મોટું કાચચિત્ર નથી. ત્રણ વર્ષે તે પૂરું થએલું.

બહારથી આવીને વસ્યા તેમ અહીં પણ બે હજાર વર્ષ પૂર્વે રોમન લોકોએ આવીને વસવાટ શરૂ કર્યો, ને તે સમયે તેમણે સ્થાપેલાં કેટલાંક શહેરોમાંનું આ યૉર્ક શહેર છે. જે યૉર્ક શહેર ઉપરથી અમેરિકાનું 'ન્યૂ યૉર્ક' (નવું યૉર્ક) વસ્યું તે શહેરની અગત્ય તો ખરી જ ને!

યૉર્ક બંદર નથી પણ તેની નજીક હલ નામનું બંદર આવેલું છે અને ત્યાંથી હૉલૅન્ડનો કિનારો સાવ નજીક છે. આને લીધે ડચ લોકોનું આ બાજુ આવવુંજવું બહુ થતું અને તેની અસર અહીંની ભાષા ઉપર પણ પડી છે. અંગ્રેજીમાં ગેઈટ (gate) એટલે દરવાજો થાય, પણ ડચ ભાષામાં ગેઈટ એટલે ગલી, રસ્તો, શેરી, એવો અર્થ થાય. યૉર્કના ઘણાખરા રસ્તાનાં નામ આવાં ગેઈટવાળાં છે. યુનિવર્સિટી જવાનો મારો રસ્તો મેલરોઝ ગેઈટ છે, ગુડરામ ગેઈટ ઉપર ઇન્ડિયન રેસ્ટોરાં આવેલું છે, સ્ટોન ગેઈટ અહીંની રોમન જમાનાની સાંકડી ગલી છે, વગેરે. દરેક ઐતિહાસિક શહેરની જેમ યૉર્ક શહેરની આસપાસ પણ પથ્થરનો મોટો કિલ્લો છે. તેમાં ઠેરઠેર દરવાજા છે. આ દરવાજાને તો હવે ગેઈટ ન કહેવાય. ડચ ભાષા પ્રમાણે તેને અહીં બાર (bar) કહે છે: મંક બાર, બોયુત્ર બાર વગેરે.

બપોરના ત્રણ વાગ્યે તડકામાં હું ફરવા નીકળ્યો ત્યારે પણ ગરમ શેરવાણી ઉપર ઓવરકોટ તો પહેરેલો જ હતો. ઠંડી અહીંના પ્રમાણમાં ઓછી હતી, છતાં ઓવરકોટ વગર નીકળાય એટલી ઓછી નહિ. ચાલતાં ચાલતાં શૅમ્બલ્સ (Shambles) પહોંચ્યો. કાશીની 'કચોડી ગલી' જેવી આ સાંકડી ગલી છે: પથ્થર જડેલી, વાહનો ન જઈ શકે તેટલી સાંકડી. ગલી ઉપર ઝરૂખાવાળાં મકાનો છે. અસલ આપણી પોળ જેવું લાગે. જૂના શહેરની આ એક ગલી સાચવી રાખી છે અને યૉર્ક જોવા આવનાર અચૂક આ ગલી જુએ જ છે. એ બધાંને ક્યાં ખબર છે કે અમારે ત્યાં તો શૅમ્બલ્સનાં આખાં ને આખાં શહેર ભરેલાં છે!

શૅમ્બલ્સ એટલે આમ તો કસાઇવાડો, પણ અત્યારે તો ત્યાં રીઝવે, ઘડિયાળી, ફોટોગ્રાફર વગેરેની દુકાનો આવેલી છે. શૅમ્બલ્સની બાજુમાં અમદાવાદની સિંધી માર્કેટની યાદ આપે તેવી બજાર છે. લાકડાની કૅબિનમાં માલ ગોઠવ્યો હોય; સ્કર્ટ-લેન્ગ્થના તાકા, ચાદર, પરદા, તો બીજી બાજુ તૈયાર કપડાં, ગરમ સ્વેટર વગેરે લારીમાં મૂક્યાં હોય. વળી શાક-ભાજી, ફળફળાદિ, કેક-બ્રેડ, ઈંડાં-મચ્છી, પેન્સિલ-કાગળ, ક્રોકરી વગેરે બધું જ આ ખુલ્લી માર્કિટમાં મળે, અને પ્રમાણમાં સસ્તું પણ ખરું. જોકે લંડનની પેટિકોટ લેઈનની જેમ ભાવતાલ કરવાના નહિ. ભાવ તો બીજી દુકાનોની જેમ નિશ્ચિત. મેં અહીંથી બૂટની વાધરી લીધી. ત્રણ જોડીના ૬ પેન્સ એટલે ૪૫ પૈસા થયા. આપણે ત્યાં વાધરી ૨૫ પૈસાની જોડી મળે છે તેના કરતાં પણ આ સસ્તી થઈ! ખૂબી તો એ છે કે શૅમ્બલ્સની આ (સિંધી) માર્કેટની બાજુમાં જ ત્રણ માળ સુધી વિસ્તરેલો અને ત્રણ રસ્તા ઉપર દ્વાર આવે એમ પથરાએલો વિખ્યાત 'માર્ક્સ ઍન્ડ સ્પેન્સર્સ'નો મોટો ડિપાર્ટમેન્ટ સ્ટોર આવેલો છે. અદ્યતન ને પુરાતન બંને બજારો નજીકનજીક! દરેક ઐતિહાસિક શહેરની આ વિશેષતા હોય છે.

અહીં મિન્સ્ટર નામનું એક પ્રસિદ્ધ દેવળ છે. તેને બાંધતાં લગભગ ૨૬૦ વર્ષ થયાં હતાં. ઈ. સ. ૧૨૨૦માં બાંધકામ શરૂ થયું તે ઈ. સ. ૧૪૮૦માં પૂરું થયું. ઊંચાઊંચા મિનારા અને અંદર લાંબી લાંબી બારીઓ. આ બારીઓમાં રંગીન કાચના ટુકડા જડીને સુંદર ચિત્રો ઉપસાવ્યાં છે. સમય જતાં આ કાચ ઊખડી જાય અને પછી ધ્યાન આપ્યા વગર ચોડાય એટલે કેટલાંક ચિત્રોને બદલે રંગબેરંગી કાચ અસ્તવ્યસ્ત જડેલા હોય તેવું જ થઈ ગયું હતું! પરંતુ ગયા મહાયુદ્ધ વખતે જ્યારે બ્રિટન પર ભયંકર બૉમ્બમારો થએલો ત્યારે બારીના બધા જ કાચ ઉતારી લઈ જમીનમાં દાટી દીધા હતા. તે લડાઈ પૂરી થયા પછી બારીમાં પાછા લગાડ્યા ત્યારે બાઇબલના એક નિષ્ણાતની દેખરેખ નીચે એ કામ થયું અને તેથી બધાં જ ચિત્રો હવે બરાબર ગોઠવાઇને ઊપસ્યાં છે.

આ વિશાળકાય દેવળની ૧૨૫ કાચની બારીઓમાંથી એક બારી નીચે આરસની તકતી વાંચી. તેમાં લખ્યું હતું કે 'માતૃભૂમિની સેવા માટે ખપી જનાર ૩૦ યૉર્કવાસી સૈનિકોની યાદમાં'. આ સૈનિકો ૧૮૫૭-'૫૮ના ભારતના બળવામાં ખપી ગએલા!

લિ. કાકાના આશિષ




કળાના એક રસમય અભ્યાસ વિષયની લેખમાળા પચ્ચીસ પહેલાં અમૃતલાલ પંડ્યાએ લખેલી. તેનો એક વધુ હપતો:

પીઠ એટલે પ્રતિમાની બેઠક. તેના નવ પ્રકાર છે, જે જુદાજુદા આકારોને લઈ પડ્યા છે: ૧) ભદ્રપીઠ, ૨) વજ્રપીઠ, ૩) પદ્મપીઠ, ૪) મહામ્બુજ, ૫) શ્રીકર, ૬) પીઠપદ્મ, ૭) મહાવજ્ર, ૮) સૌમ્યક ને ૯) કામ્ય. એમાં ભદ્રપીઠ, પદ્મપીઠ અને મહામ્બુજ એ ત્રણ મુખ્ય છે.

ભંગ (Bend of the body)

મૂર્તિ જમણી કે ડાબી બાજુ વળાંક લે છે તે ભંગ કહેવાય છે. એના ત્રણ પ્રકાર છે: ૧) 'આભંગ' એટલે સહેજ વળાંક ૨) 'સમભંગ' એટલે સાધારણ પ્રમાણનો વળાંક ને ૩) અતિભંગ એટલે વધુ વળાંક. આ ભંગો એક પ્રતિમામાં એક અથવા વધુ હોઈ શકે. નીચેના



ચિત્રમાંની પ્રતિમામાં ત્રણે ભંગો એકીસાથે આપેલા છે. માથું 'આભંગ'માં મૂર્તિની જમણી બાજુએ સહેજ નમે છે; શરીરનો વચલો એટલે ગળાથી કમર સુધીનો ભાગ ડાબી બાજુએ 'અતિભંગ'માં વધારે વળે છે; ને કમરની નીચેનો ભાગ 'સમભંગ'માં જમણી બાજુએ સાધારણ વળેલો છે તે તેમાં દર્શાવ્યું છે.

પરિકર (Parikara)


કેટલીક પ્રતિમાઓની આસપાસ અનેક જાતના આકારોનાં જે ચોકઠાં જેવાં રચેલાં હોય છે તે પરિકર કહેવાય છે. પરિકરો નિયમિત આકાર ધરાવતાં હોતાં નથી. જ્યાં જેવો આકાર—ગોળ, લંબગોળ, ચોરસ વગેરે હોય તેવો કહેવાય છે. તેનાં જુદાંજુદાં નામો હોતાં નથી.

પ્રભાવલિ (Aura or Halo)


કેટલીકવાર પ્રતિમાના માથાની પાછળ, તેની આભા દર્શાવવા સૂર્યના જેવી કિરણો ધરાવતી ગોળાકૃતિ હોય છે. તે પ્રભાવલિ કહેવાય છે.

વાહન (Vehicle)

પ્રત્યેક દેવને તેનું જુદું પ્રાણી-વાહન હોય છે. આપણો સામાન્ય વર્ગ દેવોના એ વાહનોથી તો પરિચિત હોય છે. દાખલા તરીકે બ્રહ્માનું વાહન હંસ, વિષ્ણુનું ગરુડ, શિવનું નંદી (પોઠિયો), ભૈરવનું કૂતરું વગેરે. દેવપ્રતિમાને ઓળખવામાં આ વાહન મુખ્ય ભાગ ભજવે છે. પ્રતિમા ગમે તેવી તૂટેલી હોય, પણ વાહન ઓળખી શકાય તેમ હોય તો તે કયા દેવની પ્રતિમા છે તે તરત કહી શકાય છે.


ભદ્રપીઠ


પદ્મપીઠ


મહામ્બુજપીઠ

અનુસંધાન] **સર ફિરોઝશાહ મહેતા** [પૃષ્ઠ ૩૪૦

વાતમાં ધવાઈ જાય'. ૧૯૩૨માં જેલમાં સુપરિન્ટેન્ડેન્ટના વર્તન સામે જ્યારે જુવાનિયા અપવાસ પર ઊતર્યા ત્યારે ગાંધીજીએ આ દૃષ્ટાંત ટાંકેલું.

દક્ષિણ આફ્રિકામાં હિંદીઓ તરફ થતા અન્યાય સામે અવાજ ઉઠાવવા ફિરોઝશાહે ઇ. ૧૮૯૬માં પોતાના પ્રમુખપણા નીચે કાવસજી જહાંગીર હૉલમાં એક સભા યોજી. મહાત્માજી પહેલી જ વાર બોલવા ઊભા થયા ત્યારે કલ્પના ઉપરાંતની હાજરી જોઈ તેઓ ગદ્ગદ થઈ ભાષણ વાંચી શક્યા નહિ. વાચ્છાએ તે વાંચ્યું હતું.

'ઇન્ડિયન ઓપિનીઅન'ના તા. ૬-૮-૧૯૦૪ના અંકમાં ગાંધીજીએ તેમના વિષે લખ્યું છે કે, 'તેઓ મુંબાઈ કૉર્પોરેશનના પિતા સમાન ગણાય છે અને મુંબાઈ ઇલાકામાં લોકો તેમને રાજા તુલ્ય માન આપે છે. તેમની શક્તિ અને અનુભવ અજબ છે. તેઓ એક અતિ છટાદાર ભાષણકર્તા છે. એમનામાં સામા માણસ પાસેથી કામ કઢાવવાની ગતિ હોવા સાથે તેઓ દુશ્મનની સાથે પણ સભ્યતાથી વર્તી શકે છે. આથી લોકોમાં તેમજ સરકારમાં સારી પ્રતિષ્ઠા ધરાવે છે.

'સર ફિરોઝશાહે મુંબાઈની જે સેવા કરી છે તેવી કોઈએ કરી નથી. પોતાના મોટા મોટા કેસો છોડીને પણ એમણે કૉર્પોરેશનનાં કામ કર્યાં છે. પ્રિન્સ ઑવ વેલ્સ અહીં આવવાના હોઈ આ વખતે એમને જ પ્રમુખપણું આપવાની વાત ચાલે છે. સરકાર પ્રમુખને લૉર્ડ મેયરનો ઇલકાબ આપે તો ખોટું નહિ. મેલબોર્ન તથા સિડનીના કૉર્પોરેશનના પ્રમુખ લૉર્ડ 'મેયર' કહેવાય છે તો મુંબાઈ-કલકત્તાના શા સારુ નહિ?'

કૉંગ્રેસમાં તડ પડ્યાં તે સમયમાં જ સરકારે દ૦ આફ્રિકામાં દમનનો કોરડો વીંઝ્યો. ગાંધીજી સાથે કસ્તૂરબા પણ તેની ઝપટમાં આવ્યાં. ગાંધીજીના શબ્દોમાં જ કહીએ તો ફિરોઝશાહ 'ધગી ઊઠ્યા'. તેમણે એ લડતને પોતાની બનાવી લઇ ખળભળાટ મચાવી દીધો. લંડનમાં આમની સભામાં યે તેનો બુલંદ પડઘો પડ્યો. દ૦ આફ્રિકાની નીતિરીતિઓ કંઈક નરમ પડી. એ લડત પછી ગાંધીજી સ્વદેશ આવ્યા ત્યારે સર ફિરોઝશાહના પ્રમુખપણા નીચે જહાંગીર પિટિટ હૉલમાં વિશાળ સભા ભરી. ત્યાં તેમણે ગાંધીજી અને કસ્તૂરબાને ભાવપૂર્વક આવકાર્યા અને ભારતને સ્ત્રીશક્તિનો પરિચય કરાવનાર કસ્તૂરબાની ભારોભાર પ્રશંસા કરી.

ઈ. ૧૯૧૫માં તેમણે કૉંગ્રેસને મુંબાઇને આંગણે ચોથી વાર બોલાવી. પોતે સ્વાગત-પ્રમુખ તરીકે કાર્યભાર ઉપાડ્યો, ને નાદુરસ્ત તબિયત છતાં તેમાં ઓતપ્રોત થઈ ગયા. પણ આ તૈયારીઓમાં એમનું શરીર લથડ્યું. જે મંડપમાં તેઓ એક વક્તા ને કાર્યવાહક તરીકે આગળપડતો ભાગ લેવાના હતા તે જ મંડપમાં 'તેમનું સ્મારક ઊભું કરવા'ના ને 'એમના જેવા દેશભક્તના અવસાનથી દેશને ગએલી ખોટ'ના ઠરાવો થયા. એ સભામાં મુંબાઈના ગવર્નર લૉર્ડ વિલિંગ્ડન પ્રમુખસ્થાને હતા અને હિંદના વાઈસરૉય લૉર્ડ હાર્ડિંજે તાર કરી તેમના સ્મારકમાં રૂ. ૧૦૦૦ આપેલા.

મુંબાઈ મ્યુનિસિપલ કૉર્પોરેશનનું તો દરેક કાર્ય તેમના વિના અધૂરું રહેતું. તેમની અંગત અગવડસગવડ ધ્યાનમાં લઈ કૉર્પોરેશનની બેઠકો યોજાતી. તેમના સફળ માર્ગદર્શન ભર્યા એ કાર્યો કૉર્પોરેશનના તેમજ રાષ્ટ્રીય કૉંગ્રેસના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાયાં છે.

એમના શોકજનક અવસાનની નોંધ લેતાં કૉર્પોરેશને ઠરાવ કરેલો કે 'એમના માનમાં એક વરસ સુધી પ્રમુખ તરીકેની એમની ખુરશી ખાલી જ રાખીને તેના પર કાળું કપડું ઢાંકી રાખવું!' નાગરિક સ્વાતંત્ર્યના પ્રણેતાને આ કેવી ભવ્ય ભાવભીની અંજલિ! □

શતરંજનો કોયડો-૯ . . . . સુરેશ મોદી

આ વખતની હરીફાઈમાં બે ચાલવાળો આ છેલ્લો કોયડો છે. આ પહેલાંના આવા બે ચાલવાળા બંને કોયડા કરતાં આ જરા મુશ્કેલ છે.

M. PARTHASARATHY



White to play and mate in two moves

સ્થિતિ : n1B1N3/7Q/2p1p3/p1P-k3P/Rb3r2/1P1N4/KBn5/2R5.

કોયડો : સફેદે રમવાનું અને બે ચાલમાં મહાત કરવાનું. ઉકેલમાં ચાવીની ચાલ, ધમકી છે કે નહિ અને હોય તો તે અને વિકલ્પોનો સમાવેશ થવો જોઇએ.

ઉકેલ મોકલવાનું સરનામું :

Suresh M. Mody, 6/9 Kandhari Colony, Chembur, Bombay-71AS.

ઉકેલ મોકલવાની છેલ્લી તા. : ૩૧-૧૦-૧૯૭૦.
પરદેશમાં વસતાવાચકો માટે : ૩૦-૧૧-૧૯૭૦.

કોયડા નં. ૬ (જૂન ૧૯૭૦)નો ઉકેલ

સ્થિતિ : 3kb2R/8/7N/4p3/3P3q/1K6/P4b2/8.

કોયડો : સફેદે રમવાનું અને ડ્રૉ મેળવવાનો.

ઉકેલ

1N–B7ch. K–K2; અહીં કાળો બીજી ચાલ ચાલી શકે, પણ આ ચાલ ઉત્તમ છે. દા. ત. 1..., K–Q2; 2P–K6ch, K×P; 3R×Q, B×R; 4N–K5. વગેરે અને સફેદને સહેલાઈથી ડ્રૉ મળે.

2R×Q, B×Nch.

હવે કાળાનો એક ઊંટ શેહ આપે છે અને બીજો હાથી ઉપર હુમલો કરે છે. આથી એમ લાગે છે કે સફેદને હાથી ગુમાવવો પડશે અને પરિણામે તે હારશે. પણ–

3P–K6, B×Pch; 4P–Q5, B×Pch.

સફેદની છેલ્લી બે ચાલ ફક્ત સમય બચાવવા નથી ચલાઈ. 5R–B4!, B–K8!

સફેદનો હાથી અણુઊઠ હતો. હવે કાળો સફેદ રાજાને B3 ને N4 ઉપર જતાં અટકાવે છે. આથી હવે રાજા ચાલે તો તેનો હાથી મરે ને તે હારે, છતાં સફેદ પાસે યુક્તિપૂર્ણ સુંદર ચાલ છે. 6 P–R3!!

અહીં 6P–R4? શા માટે ન રમાય તે આપણે આગળ જોઈશું.

6..., B–K3. કાળો અહીં બીજી કોઈ પણ waiting move કરી શકે છે. 7K–R4!

હવે સફેદ રાજા હાથીનું રક્ષણ છોડી શકે છે, કારણ 7..., B×R Stalemate.

અને જો કાળો હાથીને ન મારે તો હાથી હવે અણુઊઠ ન હોવાથી ખસી શકે અને પછી કાળાની જીત શક્ય નથી.

જો સફેદ 6 P–R3!!ને બદલે 6P–R4? ચાલે તો 6..., B–R4!; અને હવે સફેદ રાજાને ફરજિયાત હાથીનું રક્ષણ છોડવું પડે. ઉપરની સ્થિતિમાં અને અહીં ફેર એટલો છે કે ઉપર કાળો હાથી મારે તો Stalement થાય જ્યારે અહીં નથી થતો અને એટલે કાળો જીત મેળવી શકે તેમ છે.

ઉકેલ મોકલનારનાં નામ અને તેમણે મેળવેલા ગુણ

(૧) મહેન્દ્ર મહેતા, ભુજ (૨) દિલીપ આહલપારા, ભાવનગર (૩) મહેન્દ્ર મહેતા, મુંબાઈ (૪) લક્ષ્મણ હરિરામ, અમદાવાદ (૫) ડૉ. ઇન્દ્રવદન મોદી, ભાવનગર–દરેકના ૧૦ ગુણ. (૬) એસ. ટી સોલંકી, અમદાવાદ (૭) બિપિન પટેલ, અમદાવાદ–બંનેના ૯ ગુણ; (૮) નટવરલાલ સૌદેરિયા, અમદાવાદ-૭ (૯) અક્ષયકુમાર વૈદ્ય, ભુજ (૧૦) ભૂદરભાઈ ચાવડા, વિરમગામ (૧૧) કિરણકુમાર શાહ, નડિયાદ (૧૨) કલ્યાણભાઈ મૂલિયા, વિરમગામ (૧૩) જયતિલક નાયક, રાયપુર–દરેકના ૫ ગુણ. (૧૪) કિશોર ગાંધી, કાલાવડ–૨ ગુણ.

કોયડા-૫નો પરદેશથી ઉકેલ મોકલનાર : કૃષ્ણલાલ સાંગાણી, કેટર એડન, પીપલ્સ ઑાવ સધર્ન યેમેન–૧૦ ગુણ.

આગામી અંક

દિવાળી પ્રસંગનો હોવાથી ઑક્ટોબર આખરે બહાર પડશે

સત્તરમી સદીનું સ્વપ્ન

આ વર્ષે એક નોંધપાત્ર છતાં ભુલાઈ ગએલા ઐતિહાસિક બનાવની સાડા ત્રણસોમી જયંતી આવી છે. (જુઓ આ અંકમાં 'આ માસ'નો વિભાગ.) આ મહિના (સપ્ટેમ્બર)ની છઠ્ઠી તારીખે સ્વધર્મપાલનના સ્વાતંત્ર્યને ખાતર ૧૦૨ (સ્ત્રીઓ પુરુષો ને બાળકો મળીને) મરજીવાઓની કૃતનિશ્ચયી ટુકડી 'મે ફ્લાવર' નામના નાનકડા જહાજમાં ઇશ્વર પર શ્રદ્ધા રાખીને અમેરિકાની 'નવી દુનિયા' વસાવવા ઇંગ્લંડના પ્લીમથ બંદરેથી નીકળી, ને વિવિધ હાડમારીઓ વેઠીને ૧૬૨૦ની ૨૧મી ડિસેમ્બરે અમેરિકાના માસાચ્યુસેટ્સ પરગણાના એ કિનારે ઊતરી, જેનું નામ પણ પ્લીમથ રાખ્યું. 'પિલ્ગ્રિમ ફાધર્સ' નામથી ઓળખાતા એ પ્યૂરિટન (ધર્મચુસ્ત) વસાહતીઓના દઢાગ્રહી, પરિશ્રમી, સાહસિક ને વીર વંશજોએ આજના સમૃદ્ધ અમેરિકાના સાંસ્કૃતિક ઇતિહાસમાં પોતાનો નાનો પણ આગવો આંક પાડ્યો છે.

કુમાર વયના મારા વાચનમાં એવા વીર વસાહતીઓની પરાક્રમકથાઓએ ખૂબ આકર્ષણ જમાવેલું અને 'સ્વિસ ફૅમિલી રૉબિન્સન'થી માંડી 'વેસ્ટવર્ડ હો' સુધીની વાર્તાઓની માદક અસર મન પર રહેલી. ૧૮ વર્ષની વયે સ્વામી સત્યદેવનો 'અમેરિકાનો પ્રવાસ' વાંચ્યા પછી ક્યારે ઑરિસન સ્વેટ માર્ડનનાં 'આગળ ધસો' અને 'ભાગ્યના સ્રષ્ટાઓ' જેવાં પુસ્તકોમાંથી, અને પાંચ વર્ષની વયે ડચ માબાપ સાથે હૉલૅન્ડથી આ દેશને કિનારે ઊતરીને મુફલિસીમાંથી ત્યાંના માતબર તંત્રી-પ્રકાશક થનાર એડવર્ડ બૉકની 'અમેરિકા ગિવ મી અ ચાન્સ' નામક આત્મકથામાંથી, અતૂટ પરિશ્રમ, અખૂટ ઉત્સાહ, અચલ શ્રદ્ધા અને અડગ નિરધારથી ધ્યેયસિદ્ધિને વરેલા જીવનવીરોનાં ઝણઝણાટી પ્રેરતાં દૃષ્ટાંતો વાંચેલાં ત્યારથી મનોમન પરાક્રમખેડુઓનો એ દેશ જોવાની મહેચ્છા જાગેલી; અને એ પરાક્રમખેડુઓની પરંપરાનો પાયો નાખનારાઓમાં પિલ્ગ્રિમ ફાધર્સ જેવા સાહસિકોની સ્વધર્મનિષ્ઠા અને સત્ત્વશીલતા રહેલાં હતાં એ જાણમાં હતું. એટલે ૧૯૬૮ની આખરે જ્યારે અમેરિકા જવાની મહેચ્છા ફળી ત્યારે ત્યાંથી આવેલા એક પત્રથી અંતર પુલકિત થઈ ઊઠ્યું.

અહીંથી ઊપડતાં પહેલાં અમેરિકાના વિવિધ પ્રદેશોમાં વસતા ૮૦ જેટલા 'કુમાર'ના ગ્રાહકોને તેઓ પોતપોતાના પ્રદેશમાં મને ફેરવવા-બતાવવાની સગવડ કરી શકશે કે કેમ તે પુછાવેલું. જે સંખ્યાબંધ વાચકોના પ્રોત્સાહક ઉત્તરો આવ્યા, તેમાં માસાચ્યુસેટ્સ પરગણાના ફૉલ રિવર નામના એક નાનકડા ગામની ઑસ્પિટલમાં કામ કરતા જયંત રાણા અને તેમનાં પત્ની ઉષાબહેનના નિમંત્રણમાં એક મોટું આકર્ષણ એ હતું કે, 'અમારી નજીકમાં જ પિલ્ગ્રિમ ફાધર્સ જ્યાં ઊતરેલા તે પ્લીમથ બંદર છે. વળી આ પ્રદેશની વિશિષ્ટ ભૂશિર કેઈપ કૉડનું વિરલ સૌંદર્ય પણ માણવા મળશે.'

કવિ પ્રિયકાંત મણિયારના નાના ભાઈ વિનોદ મણિયારને ત્યાં બૉસ્ટન જવાનો જ હતો. ત્યાંની જગવિખ્યાત એમ.આઈ.ટી (માસાચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઑવ ટેક્નૉલૉજી) તથા હાર્વર્ડ યુનિવર્સિટી, આનંદ કુમારસ્વામીનાં નામ અને કામથી ઊજળું બનેલું કલાસંગ્રહાલય, 'ક્રિશ્ચિયન સાયન્સ મૉનીટર' જેવું સત્ત્વશીલ દૈનિક પત્ર અને બેન્જામિન ફ્રાંકલિન, પૉલ રેવરી, કવિ લૉંગફેલો, સ્વાતંત્ર્યયુદ્ધના અગ્રચારી મિનિટમેન આદિનાં સ્મરણાંકિત સ્થાનો ધરાવતા કૉન્કૉર્ડ વગેરે આસપાસના પ્રદેશોનું આકર્ષણ તો હતું જ. તેમાં આ તો મનવાંછિત ઉમેરો થયો.

૩૦મી ઑક્ટોબરની મોડી રાત્રે વિનોદભાઈ વિમાનઘર પરથી બૉસ્ટન નજીકના વૉટર ટાઉનના પોતાના નિવાસસ્થાને લઈ ગયા. ૩૧મીએ અમે પ્રોગ્રામ ઘડવા બેઠા. ત્રણ અઠવાડિયાંની રીટર્ન ટિકિટમાં અમેરિકાની



બે તૂતક અને ચોરસ સઢવાળું બ્રિગેન્ટાઈન ઢબનું પિલ્ગ્રિમ ફાધર્સનું જહાજ 'મે ફ્લાવર'


ત્રણ દિશાઓ સાધવાની જે યોજના હતી તેમાં બૉસ્ટનને ખાતે ત્રણ દિવસ રાખેલા. એમાં ઉપર્યુક્ત બધાં સ્થળ સમાવવાં દોહ્યલાં હતાં. એટલે શું જતું કરવું તેની દ્વિધા હતી, પણ રાણાદંપતીના ટેલિફોનોમાંના પ્રેમાગ્રહે કલાસંગ્રહાલય જોવાનું મુલતવી રખાવ્યું અને બીજી નવેમ્બરે વહેલી સવારે તો ૪૫ માઈલનો પંથ કાપીને ડૉ. જયંતભાઈ મોટરમાં મને લઈ જવા હાજર થઈ ગયા.

પાનખરના છેલ્લા દિવસો હતા. અમેરિકાના 'ઑટમ કલર્સ'ના સૌંદર્યની વાતો વાંચી-સાંભળી હતી તેની તરત પ્રતીતિ થઈ ગઈ. વનરાજીથી ખચિત અમેરિકાની અફાટ ધરતી ચીરતી મોટરની બંને બાજુએ મૅપલ, બર્ચ, ઓક આદિનાં તપખીરિયા, સોનેરી, કુમેદ વગેરે જાત ભાત જુદાજુદા રંગ ધારણ કરતાં વૃક્ષોની રંગલીલાથી આંખો ધરાતી જ ન હતી. સાથે ડૉ. રાણાની ઉમળકાભરી વાતોનું પાન કર્યે જતો હતો. એમાં પ્લીમથ ક્યારે આવ્યું તેની ખબર ન રહી.

પાદરમાં પ્રવેશતાં જ એક નાના ચોગાનના ઉચ્ચ પ્રદેશ પર ૮૧ ફૂટ ઊંચી 'શ્રદ્ધા'ની પ્રતિમા જોઈ, જેની પાદપીઠ પર ચાર તરફ પિલ્ગ્રિમ વસાહતના ચાર સિદ્ધાંતો—નીતિ, મુક્તિ, શિક્ષણ અને વિધિ (કાનૂન)-નાં ચાર લઘુશિલ્પો છે. શ્રદ્ધાના ઊંચા કરેલા હાથની મુદ્રા હૃદયસ્પર્શી છે.

નાનું સરખું ગામ—ગામ શાનું? બંદરી ગામડું. પણ આપણા ગામડાની કલ્પનાથી તદ્દન ઊલટું. મકાનો, રસ્તા બધું સ્વચ્છતાથી જાણે નિખારેલું. અને સામે જ આટલાંટિકના અખાતનાં આસમાની પાણી પર 'મે ફ્લાવર'ની નાની પ્રતિકૃતિ તરતી હતી. પાસેની બંગલીમાંથી જહાજ પર જવાની ટિકિટો અને થોડી પરિચયસામગ્રી લીધી. તેમાં 'પિલ્ગ્રિમ ટાઈમ્સ' નામે એક નવા જ કલાત્મક સામયિકનો અંક તો મુગ્ધકર હતો. શો આ લોકોનો ઇતિહાસ અને સંસ્કૃતિપ્રેમ!

તેના પહેલા પાના પર 'One Small Candle' નામનો નાનો તંત્રીલેખ નીચેના શબ્દોથી શરૂ થતો હતો: 'As one small candle may light a thousand, so the light here kindled shone into many, yea in some sort to our whole nation.' પિલ્ગ્રિમ ફાધર્સે સ્થાપેલી આ વસાહતનાં શરૂઆતનાં કટોકટીનાં ૩૬ વર્ષ લગી લાગટ તેના ગવર્નર રહેનાર વિલિયમ બ્રૅડફર્ડના આ શબ્દોથી મન રોમાંચિત થઈ ઊઠ્યું: માત્ર ૩૫૦ વરસના ટૂંકા ગાળામાં સમૃદ્ધિ





ડાબી બાજુ : 'મે ફ્લાવર' જહાજની અંદરની રચના બતાવતું ચિત્ર; ઉપર : પિલ્ગ્રિમ ફાધર્સે જ્યાં પ્રથમ પગ મૂક્યો તે ખડકનો, એ વર્ષની સાલ કોતરેલો, આજ સુધી સાચવી રાખેલો ટુકડો; નીચે : એ ટુકડાને રક્ષતી ઈ. ૧૯૨૧માં તૈયાર થએલી સ્મારક-ઇમારત

અને સામર્થ્યથી છલકાતી આજની અમેરિકન પ્રજા-સંસ્કૃતિનો પાયો નાખનારી એ નાનકડી મીણબત્તીના ઝાંખા સ્થિર પ્રકાશમાં એ પુણ્ય-સંકલ્પ અને પરિશ્રમી પિલ્ગ્રિમ ફાધર્સને હું લાકડાં વહેરતા, જમીન ખેડતા, નાના આવાસો બાંધતા, પહેલો થૅંક્સ ગિવિંગ ડે ઊજવતા ને જેને ખાતર વતન છોડી આ અજાણી ધરતી પર નવું જીવન વસાવવાનું સાહસ એમણે ખેડ્યું હતું તે પોતાની માન્યતા મુજબની ઇશ્વર-ભક્તિ કરતા મનોમન જોઈ રહ્યો. હું જાણે સત્તરમી સદીના પહેલા ચરણમાં પ્રવેશતો હતો.

ડક્કા ઉપર દરિયામાંથી તાજા નીકળેલા એ જ કાળના કોઈ વહાણના અવશેષો જોઇને ઉત્તેજિત થએલું મન બાજુમાં જ લાંગરેલા 'મે ફ્લાવર' પર પગ મૂકવા અધીર થઈ ઊઠ્યું. ટર્નપાઈક વટાવીને અંદર પ્રવેશતાંની સાથે જ સત્તરમી સદીની સૃષ્ટિ ખડી થઈ ગઈ: પિલ્ગ્રિમ ફાધર્સના સમયના જ પોશાકમાં ઊભેલી એક ભોમિયણ બાઇએ સ્મિતભર્યું મોં નમાવી આવકાર આપ્યો અને એ ૧૦૨ મરજીવા, વહાણના જે વિવિધ ભાગોમાં સૂતા, બેસતા, રાંધતા, ફાટેલા સઢ સાંધતા કે સુતારી-લુહારી મરામત કરતા, માંદાઓની માવજત થતી (અને જહાજ પર જન્મેલા બાળકની જ્યાં પ્રસૂતિ થઇ), જે ભંડકોમાં ખોરાકના જથ્થા રહેતા, જે તૂતક પર સુકાન રહેતું ને ખૂવા પરના પીંજરામાં જ્યાં ચોકીઆત બેસતો... બધું નાનામાં નાની વિગતે સમજાવી બતાવ્યું. બહાર નીકળતાં કૅપ્ટનની કૅબિનમાં ઝાંખો પ્રકાશ જણાયો. બારીમાંથી જોયું તો ટેબલ પર એ કાળના ફાનસને અજવાળે કૅપ્ટન લૉગબુકમાં લખતો હતો અને બાજુમાં પર્સર ઊભો હતો. ભોમિયા તો એ સમયના પોશાકમાં ખરા, પણ અહીં આ?... બારીકાઇથી જોતાં જણાયું કે એ તો પૂતળાં હતાં. એક પછી એક ફરતા માળાના મણકાની જેમ ચિત્તમાં જે ચિત્ર ઊપસતું જતું હતું તેના મેર સમું એ દૃશ્ય હતું. હું જાણે આટલાંટિકની છાતી પર હેલારા લેતા 'મે ફ્લાવર'માં સત્તરમી સદીમાં સફર કરતો હતો.

બહાર નીકળ્યા ત્યારે એ જીવંત સ્વપ્નલીલા ધીમેધીમે સંકેલાઈ જતી હતી તેને, બાજુના જ આયોનિયન થાંભલાવાળા પથ્થરના શમિયાણા નીચે જરા ઊંડાણમાં સુરક્ષિત રાખેલા એક ખડકના ટુકડાએ ફરી સળવળતી કરી મૂકી. જે મૂળ ખડક ઉપર પ્લીમથ બંદરે પિલ્ગ્રિમ ફાધર્સે પગ મૂક્યો તેનો એ ટુકડો આજ સાડા ત્રણસો વરસથી પેઢી દર પેઢી અમેરિકનો આદરપૂર્વક સાચવતા આવ્યા છે. એક તરુણ અમ સૌ પ્રવાસીઓને એનો ટૂંકો ઇતિહાસ કહેતો હતો. તેના રણકતા શબ્દોએ અને એ પથ્થર પર કોતરેલી એ ઉતરાણની સાલના 1620 આંકડાએ ફરી મન-શરીરને રોમાંચ-પુલકિત કરી મૂક્યાં. પાછળથી એ તરુણે જ્યારે ટોપી



ઉતારીને સૌ પ્રવાસીઓ આગળ ફેરવી ત્યારે જાણવા મળ્યું કે એવા થોડા કૉલેજિયન તરુણો પ્રવાસીઓને આ સ્વૈચ્છિક સેવા આપતા હતા અને એ સ્થળની સાચવણીના ભંડોળ માટે ડાઈમ-ડૉલર ઉઘરાવતા હતા.


પછીની વાત તે દિવસની રોજનીશી ઉપરથી:

બપોર અધવારવા આવ્યા હતા અને આજ ડૉ. રાણાની પુત્રી પૌરવીનો જન્મદિવસ હોઈ વખતસર ત્યાં પહોંચવું હતું.

અમે ગયા ત્યારે પડોશી-સંબંધીનાં તથા પૌરવીનાં સહાધ્યાયી બાળકોનો મેળો જામેલો. સૌ જાતજાતની ભેટો લાવે; આ પક્ષ તરફથી પણ તેમને વળતી નાનીસરખી ભેટ આપવાની. એ બધો વિધિ પતી ગયો હતો અને કેક કપાતી હતી. 'હૅ...પી...બર્થ ડે...ટુ યૂઊઊઊ...'ના લહેકાતા અભિનંદન બોલ-કિલ્લોલ પતી ગયા પછી સૌએ નાસ્તો કર્યો, ડૉ. રાણાની બે પુત્રીઓ ચૈતા-પૌરવીએ ભારતીય ઢબે (ઉષાબહેનના કંઠમાંથી વહેતા ગુજરાતી ગીતના તાલ પર) નૃત્યો કર્યાં, ને સૌ વિખરાયાં.

મારા માટે ગુજરાતી ઢબની ખાસ રસોઈ તેમણે એક અમેરિકન શિક્ષિકા-મિત્રની સહાયથી આ બધી તૈયારીઓ સાથે કરી હતી તે જમ્યાં, આટલે દૂર પણ એમણે હોંશપૂર્વક ગુજરાતી સાહિત્યનાં ઉચ્ચ કક્ષાનાં પુસ્તકોનું નાનુંસરખું ગ્રંથાલય વસાવ્યું હતું તે જોયું, ને વખતસર પહોંચવાની આશાએ રાત પડતાં પડતાંમાં નીકળતાં હતાં ત્યાં ફૉલ રિવર— છે તો નાનુંસરખું ગામ, છતાં ત્યાંથી નીકળતા દૈનિક પત્રની ઉપતંત્રી બાઈ મારો ઇન્ટરવ્યૂ લેવા આવી તેની સાથે અરધો કલાક ગાળ્યો. (તેમાં ભારતની

(અનુસંધાન પૃ. ૩૬૭)



જહાજાતની તવારીખમાં સઢવાળાં વહાણોના અસ્ત સાથે જે યાંત્રિક જહાજોનું આગમન થયું તેમાં વરાળયંત્ર સાથે સ્ક્રૂપ્રૉપેલર અને લોખંડી બદન પણ આવ્યાં. આરંભનું એવું એક જહાજ મશહૂર છે.

એ ૬૮૮ ફૂટ લાંબું ને ૬૨ ફૂટ પહોળું હતું. 'ગ્રેઈટ ઇસ્ટર્ન' એનું નામ (જુઓ ચિત્ર). આરંભથી જ એ અભાગિયું નીવડેલું. ઇ. ૧૮-૫૭માં તૈયાર કરી એને પાણીમાં ઉતાર્યું ત્યાં જ અકસ્માત થયો ને ત્રણ મહિના મરામતમાં ગયા. અને અત્યાર સુધીમાં છ લાખ પાઉન્ડ ખર્ચી ચૂકેલા તેના બાંધનારાઓએ કંટાળીને એને માત્ર ૧,૬૦,૦૦૦ પા.માં ગ્રેઇટ શિપ કંપનીને વેચી નાખ્યું. પહેલી સફરે ઊપડયું ત્યારે અંદરના અકસ્માતોથી કેટલાક માણસો માર્યા ગયા, ને હજારો પાઉન્ડ મરામતમાં ગયા. એનો મૂળ કપ્તાન ડૂબી મર્યો. ઇ. ૧૮૬૦માં એ પહેલી લાંબી સફરે ન્યૂ યૉર્ક જવા ઊપડયું ત્યારે એમાં લગભગ ૪૦૦૦ માણસોની સગવડ હોવા છતાં માત્ર ૩૬ પૅસેન્જર જ હતા. સાડાદસ દિવસે એ ન્યૂ યૉર્ક પહોંચ્યું અને પછી સાડા નવ દિવસે પાછું ફર્યું. એમાં એનો વધુમાં વધુ વેગ દિવસે ૪૧૬ માઇલનો હતો. આ પછી બીજી સફરો કરી પણ એ કોઈ રીતે નફાકારક નીવડી નહિ. એટલે આખરે ૧૮૬૫માં એમાં જરૂરી ફેરફારો કરી દરિયામાં ટેલિગ્રાફનાં તારનાં દોરડાં નાખવાના કામમાં લેવાયું. એટલાંટિકમાં નાખવા માટે ૨૫૦૦ માઈલ લાંબાં દોરડાં એક સામટાં ઉપાડી શકે એવું ત્યારે એ એક માત્ર જહાજ હતું. આ કામમાં એને સફળતા મળી પણ ત્યાર બાદ એ જિબ્રાલ્ટર સુધી કોલસા લઈ જવા માટે વપરાતું ને છેવટ ઇ. ૧૮૮૮માં એને તોડી નાખવામાં આવ્યું. પણ ૪૯ વર્ષની એની જિંદગીમાં એનાથી મોટું એવું એક પણ જહાજ હતું નહિ.

આ વખતે એના લોખંડી પઠાણને ઢાંકતાં અંદરબહારનાં પતરાં વચ્ચેથી એક માનવ હાડપિંજર મળેલું. એ ત્યાં ક્યાંથી આવ્યું એ ભેદ હજી સુધી નથી ઊકલ્યો. કેમ કે બાંધણી વખતે એવો કોઇ અકસ્માત કે કોઇ માણસ ગુમાયાનો એકે પ્રસંગ બન્યો નહોતો. એના દુર્ભાગ્યનું કારણ આ જ હોવાનું ઘણા વહેમી લોકો માને છે.



અશ્રુઝરી

સરસ તડકાવાળા ધોળા પ્રભામય ઊજળા
દિવસ ફરીથી લાંબે ગાળે ધરા પર ઊતર્યા!
સરસ દિવસો ધોવાઈને, વનોથી ગળાઇને
રવિનીતરતા આવી પ્હોંચ્યા અગાશી ભરાઇને!
રજત-રસ એ નેવે નેવે નીચે ઊતરી રહ્યો,
ટપકી ટપકી રેતે રેલો જરા ફળીમાં વહ્યો!—ઉ'શનસ'

સ્વ. જયંતી દલાલ

એક માત્ર કવિતા સિવાય સાહિત્યસર્જનના ઘણાખરા પ્રકારોમાં પોતાની આગવી શક્તિ દાખવી જનાર માનવતાવાદી નાટ્યકાર, નવલિકા ને નવલકથાકાર, અનુવાદક, પૂર્વગ્રહમુક્ત ને તટસ્થ સમીક્ષક, વિચારક અને પત્રકાર શ્રી જયંતી દલાલનું આ કૃષ્ણજયંતીના દિવસે–ગઈ ૨૪ ઑગસ્ટે થોડા દિવસોની પથારીવશતા બાદ એકાએક અવસાન થતાં એક એવી વ્યક્તિવિશેષની ખોટ પડી છે જે ગુજરાતનાં અનેક ક્ષેત્રમાં લાંબા સમય સુધી સાલશે.

એમનો જન્મ અમદાવાદમાં તા. ૧૮ નવેમ્બર ૧૯૦૯ના દિવસે થએલો. પિતા ઘેલાભાઈ દોલતરામ દલાલ એ સમયે 'દેશી નાટક સમાજ'માં સ્વ. ડાહ્યાભાઈ ધોળશાજી સાથે કંપનીના ભાગીદાર હતા. આથી એ નાટક કંપનીનાં સ્થળાંતરો સાથે અમદાવાદ, ભરૂચ, સૂરત, વડોદરા, પાટણ વગેરે સ્થળોએ ચાલેલા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ઉપરાંત મોટા ભાઈ કાંતિલાલ સાથે એમને નાટક મંડળી તથા નાટકોના સંચાલનનો પ્રત્યક્ષ અનુભવ મળ્યો અને તેઓ અનેક કલાકારો ને લેખકોના પરિચયમાં આવ્યા. કંપનીમાં સૌ એમને 'સાહેબ' કહી સંબોધતા એટલે પછી ઘરમાં યે તેઓ લાડમાં એ જ નામે ઓળખાતા થઈ ગએલા. ૧૯૨૫માં મૅટ્રિક થઇને અમદાવાદની ગુજરાત કૉલેજમાંથી ઈન્ટરમાં અંગ્રેજીના વિષયમાં પ્રથમ આવી સરકારી છાત્રવૃત્તિ મેળવી. પણ પ્રિન્સિપલ શિરાઝ સામે વિદ્યાર્થીઓએ સ્વમાન ખાતર ઉપાડેલી લડતમાં એમણે ભજવેલા અગ્રિમ ભાગ બદ્દલ મુંબાઇ ઈલાકાની કોઈ પણ કૉલેજમાં એમને માટે પ્રવેશબંધી ફરમાવાઇ અને તેઓ અભ્યાસની ઉજ્જવલ કારકિર્દી છતાં પરીક્ષામાં બેસવાથી વંચિત રહી ગયા. પણ આ દરમિયાન અંગ્રેજી, ગુજરાતી સાહિત્ય, ઇતિહાસ અને રાજ્યશાસ્ત્રના સતત વાચનથી જે સંસ્કારો દૃઢ થયા તેમાંથી આગળ જતાં એમની પ્રબળ સર્જનશક્તિ ફોરી ઊઠી.

એમની તરુણાવસ્થા એ રાષ્ટ્રિય જાગૃતિના જુવાળનો કાળ હોવાથી સ્વભાવિકરીતે જ એમાં પડ્યા અને 'હિંદ છોડો'ની આખરી લડત સુધીમાં એમણે ચાર વાર જેલ ભોગવી. રાજકારણમાંની એમની આ સક્રિયતા એમની માનવતા માટે આર્દ્ર દિલની આરઝૂ જ હતી. એટલે જ્યારે એમાં ફનાગીરીની જરૂર હતી ત્યારે તેઓ એમાં મોખરે રહ્યા, પણ એમાં જ્યારે સત્તા માટેનાં વલખાંનો કાળ આવ્યો ત્યારે તેઓ તેમાંથી ખસી ગયા. એમના સ્વભાવમાં એક એવી સાત્ત્વિક બંડખોરી હતી કે જે સામાજિક અન્યાય, માણસે પોતે જ સર્જેલી જીવનની કરુણતા, અને રાજકારણમાં દૃઢ થતા જતા મૂલ્યહ્રાસ સામે સબળ વિરોધરૂપે મૂર્ત આવિષ્કાર પામ્યા વિના ન રહે. અને આત્મસૂઝ તથા બુદ્ધિકૌશલ પણ એવાં કે એમણે જે જે રાજકારણીય આંદોલનમાં ભાગ લીધો તે બધાંમાં વિજયી નીવડ્યા. જેલમાં અન્ય તરુણો સાથે એમની વિચારધારા સમાજવાદ તરફ ઢળી એટલે બહાર





ઈ. ૧૯૩૩માં અમદાવાદમાં અર્વાચીન રંગભૂમિના પ્રયોગો માટે સ્થાપેલું 'નૂતન રંગમંડળ'-પાછળ ઊભેલા: જયશંકર ઓઝા, જયંતી દલાલ, ખુશાલભાઈ શાહ, પ્રદ્યુમ્ન ભટ્ટ; ખુરશીમાં : કાન્તિલાલ પટેલ, સૂર્યકાન્ત શાહ, યશવંત પંડ્યા, ધનંજય ઠાકર, જનાર્દન શર્મા. નીચે : નરોત્તમ ઝવેરી, માધવલાલ ભટ્ટ

આવી તે પક્ષમાં ભળ્યા ને ૧૯૫૨ની ચૂંટણી પછી પ્રજાસમાજવાદી પક્ષની ગુજરાતની શાખાના અગ્રણી બની રહ્યા. ૧૯૫૬માં મહાગુજરાત આંદોલનમાં સક્રિય રાહબર અને મહાગુજરાત જનતા પરિષદના મહામંત્રી તરીકે પણ એમનું નેતૃત્વ ફતેહમંદ રહેલું. ૧૯૫૭માં મુંબાઈ ધારાસભામાં ચૂંટાયા, અને એ નાતે ગુજરાત યુનિવર્સિટીની સેનેટ અને સિન્ડિકેટમાં પણ સારી કામગીરી બતાવી. તે પછી સક્રિય રાજકારણમાંથી એ હટી ગયા હોવા છતાં યે એમાં દિનબદિન પ્રવેશતી બદીઓથી એમના અંતરનો અજંપો ધૂંધવાતો જ રહેલો. કડવા, તીખા ને તીક્ષ્ણ કટાક્ષોથી ભરપૂર વાણી રૂપે એ અખબારોમાંની એમની કટારોમાં વહેતો જ. કોઇની યે શેહશરમમાં તણાયા વિના એ પોતાના વિચારો રજૂ કરતા.

પરંતુ ગુજરાતને એમની ખરી સેવા તો એક પ્રગતિવાદી સાહિત્યકાર તરીકેની મળી છે. 'બળવાખોર પિતાની તસવીર' એ એમનું પહેલું પ્રકાશન. જૉન ઑ કૉનૉલીની કૃતિનો એ અનુવાદ હતો, પણ એમાં યે એમની અનોખી શૈલી અછતી રહેલી નહોતી. પછી તો 'ધીમુ અને વિભા', તથા 'પાદરનાં તીરથ' એ બે નવલકથા; 'ઉત્તરા', 'જૂજવાં', 'કથરોટમાં ગંગા', 'મૂક કરોતિ', 'આ ઘેર પેલે ઘેર' જેવા વાર્તાસંગ્રહો; 'જવનિકા', 'પ્રવેશ બીજો', 'ત્રીજો પ્રવેશ'; 'ચોથો પ્રવેશ' વગેરે એકાંકી સંગ્રહો; 'અવતરણ' નાટક; 'રંગપોથી', 'રંગપગલી', 'રંગતોરણ' અને 'રંગદ્વાર' વગેરે બાળનાટકો; 'પગદીવાની પછીતેથી' અને 'શહેરની શેરી' જેવાં રંગદર્શન ને સિનેમાની ટેકનિકની એમની ઊંડી સૂઝ દર્શાવતું 'ઝબૂકિયાં' જેવી એમની મૌલિક કૃતિઓમાં, વાંચતાં જ એમની કલમને ઓળખાવી દે તેવી આગવી લેખનશૈલી ને અવનવા વિષયવસ્તુની એમની લાક્ષણિક માવજતે એમને યોગ્ય રીતે જ ગુજરાત સાહિત્ય સભાના રણજિતરામ સુવર્ણચંદ્રક તથા સૂરત સાહિત્ય સભાના નર્મદ સુવર્ણચંદ્રકનું માન અપાવ્યું. એમના 'આ ઘેર પેલે ઘેર' નવલિકાસંગ્રહને ગુજરાત રાજ્યનું પારિતોષિક પણ મળેલું. એમનાં એકસો જેટલાં એકાંકી નાટકોએ તો લેખનક્ષેત્રમાં એક નવો વળાંક આણ્યો. કટાક્ષપ્રચુર, સામાજિક સંદર્ભોને ઝીલતી એમની પ્રયોગલક્ષી નવલિકાઓએ નવા દૃષ્ટિકોણ પ્રકટાવ્યા. આકાશવાણી પરથી પણ એમણે અનેક વાર્તાલાપો આપ્યા. વિવેચનનાં માસિક 'ગ્રંથ'માં તેઓ અર્થગ્રાહી અને વિશદતાપૂર્ણ વિવેચનો લખતા. સૂરતના 'ગુજરાતમિત્ર'માં 'વાયરા અને વહેણ' તથા 'ચાલ અને ચીલા'-માંની એમની લાક્ષણિક સમીક્ષાઓ પણ એવી જ લોકપ્રિય રહેલી. આ ઉપરાંત, 'નવગુજરાત' દૈનિકનું અને દિલ્હીના એક અંગ્રેજી ફિલ્મ સાપ્તાહિકનું તંત્રીપદ પણ સંભાળેલું, ને ૧૯૩૩માં 'બિખરે મોતી' નામે ફિલ્મ પણ ઉતારેલી જેમાં દિગ્દર્શન ને અભિનય બંને આપેલાં. પટણામાં એક સિનેમા કંપનીમાં મૅનેજર પણ બની ચૂકેલા. પણ એમણે ખેડેલા પત્રકારત્વે તો એક અનોખી કેડી સર્જી હતી. 'ગતિ' સાપ્તાહિક અને 'રેખા' માસિક બંને આર્થિક મુશ્કેલીઓને લીધે ઝાઝું જીવી ન શક્યાં, પણ અભિવ્યક્તિનાં જે વિવિધ સ્વરૂપો એમાં ખીલવ્યાં હતાં એટલાં ને એવાં સ્વરૂપો આજે યે કોઈ પત્રમાં જોવા મળતાં નથી.

સક્રિય રાજકારણ અને નાટ્યપ્રવૃત્તિ સાથે અનેકવિધ પ્રવૃત્તિઓવાળા જીવનના સંદર્ભમાં એમણે કરેલી આવી આગવી સેવા પ્રખર શક્તિ વિના સંભવિત નથી. એ બધા સર્જનમાં પ્રયોગશીલતા, માનવવૃત્તિઓનું વિશ્લેષણ અને વિચારપ્રાધાન્ય દ્વારા એમની અનોખી લાક્ષણિકતા પ્રકટ થાય છે. પરિસ્થિતિ અને માનવમનનું બૌદ્ધિક આકલન તથા મૂલ્યાંકન એમના સર્જનમાં હમેશાં કેન્દ્રવર્તી રહ્યાં છે. પોતાનાં બધા સર્જનોમાં એમને મધ્યમ ને બુદ્ધિજીવી વર્ગના જીવનનું ને તેમની ઊર્મિઓનું વિશ્લેષણ ને આલેખન કર્યું છે. આના મૂળમાં એમનો માનવતાપ્રેમ, માનવી પ્રત્યેનો સમભાવ ને સંવેદનશીલતા જ છે.

રંગભૂમિનો રસ તો ગળથૂથીમાંથી પીધો હોઈ એની ટેકનિકોના પૂરા જાણકાર હતા. ને એવી જ સૂઝ હતી રેડિયોનાટકોની. એમણે નાટકો લખ્યાં, તેમાં ભાગ લીધો, દિગ્દર્શન કર્યું ને માર્ગદર્શન પણ આપ્યું.

જેમ લેખનની એમ બોલવાની એમની છટા પણ અનેરી હતી. અનિષ્ટ, દંભ અને વંચના પ્રત્યેનો અણગમો, વસ્તુના હાર્દમાં સોંસરા ઊતરી જવાની ઊંડી સૂઝ અને તાટસ્થ્યભર્યા સ્પષ્ટ અભિપ્રાયોની રજૂઆત એમનાં વક્તવ્યો ને મર્માળા વક્તવ્યમાં અનોખો રસ પ્રેરતી.


એમના વાચનને કોઈ સીમા નહોતી. વિશ્વસાહિત્યના પ્રવાહોથી તેઓ સદા જ્ઞાત રહેતા. સર્જન કરતાં યે એમનું વાચન ઘણું વિશાળ

હતું, અને ઝડપી પણ. એમની ગ્રહણશક્તિ તથા સ્મરણશક્તિ પણ એટલી જ તેજ. કદાચ આથી જ એમનાં વિવેચનો હમેશાં આગવાં રહ્યાં છે. વિશ્વસાહિત્યના વાચનમાંથી જ કદાચ એમને એમાંની શિષ્ટ-માન્ય કૃતિઓ ગુજરાતીમાં ઉતારવાની પ્રેરણા મળી હશે. 'બળવાખોર પિતાની તસવીર'થી આરંભાએલી એ અનુવાદપ્રવૃત્તિમાં તોલ્સ્તૉયની મહાનવલ 'વૉર ઍન્ડ પીસ'ના અનુવાદ 'યુદ્ધ અને શાંતિ' સુધીમાં 'મેઘપંથ', 'ખભે પછેડી, દીઠો ચાંદ', 'ભૂંડી ભૂખ', 'ફોન્તામારા,' 'અને આરા લાંબી', 'પશુરાજ્ય', 'ધૂતારો', 'મા', 'મિસ્તર આદમ', 'સ્તાલિનગ્રાદ', 'નવો છોકરો', 'જૅફરસન', 'બેન્જામિન ફ્રાંકલિન', 'હેલન કેલર,' 'રણ-વગડે ઊછરેલો છોકરો' વગેરે કૃતિઓમાં મૂળ લેખકને પૂર્ણતઃ વફાદાર રહી એમણે તદ્દન સ્વાભાવિક જણાય એવી રીતે કરેલા અનુવાદો એમની પ્રતિભાનું એક અન્ય પાસું પ્રકટ કરે છે. 'યુદ્ધ અને શાંતિ'ને તો સોવિયેટ સંઘનું પારિતોષિક પણ મળ્યું હતું.

આમ એક તરફ રાજકારણ અને બીજી બાજુ સાહિત્યસર્જન એમ બે દિશામાં એમના જીવનના જે બે સ્રોત વહ્યા છે તે બંનેનાં વિશાળતા, ઊંડાણ અને વેગ અસાધારણ તથા ગૌરવયુક્ત રહ્યાં છે. સ્વભાવે ગુલાબી, આનંદી, મસ્ત અને નીડર; હૃદય લાગણીની હૂંફથી સદૈવ ધબકતું ભાવસભર અને સંવેદનશીલ; મૈત્રી પ્રતિકૂળતામાં યે દૃઢ; દૃષ્ટિ પૂર્ણતઃ વાસ્તવદર્શી અને હરકોઈ પરિસ્થિતિનું કે ઘટનાનું સાચું મૂલ્યાંકન કરી શકે તેવી; અને છેવટ દિલમાં ઉકળાટ ને ચિત્તમાં ભાર હોય તો યે હળવા ફૂલ જેવા રહેવાનું આંતરિક બળ—એવાં જે અનેક પાસાં એમના વ્યક્તિ-ત્વમાં જોવા મળતાં તે અન્યત્ર જવલ્લે જ મળી શકે. અને એ બધાંના મૂળમાં માનવતાની સિદ્ધિ માટેની માનવીમાં એમણે દાખવેલી શ્રદ્ધા જ વ્યક્ત થતી હતી. આવી બહુમુખી પ્રતિભાવાળી તીક્ષ્ણબુદ્ધિ ને ઋજુ-હૃદયી વ્યક્તિની ખોટ સહેજે ન પુરાય તેવી રહેશે.

ભારતમાં પ્રથમ અને દુનિયામાં લાંબામાં લાંબો રોપ-વે

દાર્જીલિંગની રણજિત નદીની ખીણ ઉપર બે વર્ષ પર બંધાએલો રોપ-વે ભારતમાં પ્રથમ ને દુનિયામાં સૌથી લાંબો છે. પશ્ચિમ બંગાળના જંગલ-ખાતાએ અવકાશમાં અધ્ધર પોલાદના તારનાં મજબૂત દોરડાં પર સરકતા ડબ્બાઓના બનાવેલા આ રોપ-વેને હજી પશ્ચિમ સિક્કીમમાં રણજિત નદીના સામા કાંઠા પર નૉર્થેન સુધી લંબાવવાનું વિચારાય છે. સિક્કીમની સરહદ પાસેના સિંગ-લા ઘાટ નજીકના ગોકે જંગલનો માલ આઠ મિલોમીટર દૂર દાર્જીલિંગ પાસેના નૉર્થ પૉઈન્ટ સુધી પહોંચાડવા માટે તથા સહેલગાહની સગવડ માટે એ બનાવાયો છે. માર્ગમાં સ્ટેશનોની પણ સગવડ હોઈ વચ્ચે આવતા ચાના બગીચાઓનું પણ કેટલુંક કામ તે કરે છે અને સંદેશાવ્યવહારમાં પણ ઉપયોગી બન્યો છે. આ રીતે આ રોપ-વે દ્વારા હવે દુર્ગમ જંગલોમાં જવું-આવવું સરળ બની ગયું છે. ૪૮ મિનિટની એની સફરમાં સહેલાણીઓ ને પ્રવાસીઓ નીચેની ખીણ-માં દેખાતા ચાના બગીચા, સુંદર ખીણ અને ઝરણાં વગેરેનાં અદ્‌ભુત સુંદર દશ્યોથી પ્રસન્ન થતા ૬૦૦૦ ફૂટ નીચે ઊતરે છે. એક ફેરામાં દોઢ ટન વજન કે છ ઉતારુઓ લઈ જવાની તેમાં જોગવાઈ છે. નૉર્થ પોઈન્ટથી સિંગ-લા સુધીની એ સફરનું એક ઉતારુ દીઠ ૧૬ રૂા. ભાડું લેવાય છે જેમાંથી મોસમમાં રોજની આઠ કલાકની એની આવનજાવનમાંથી ૯૦૦ રૂ. જેટલી આવક થાય છે.



'ઑપરેશન આઈસબર્ગ' નામની એક યોજનામાં અમેરિકા અને જર્મની સાથે મળીને કામ કરી રહ્યાં છે, જેમાં ઉત્તર કે દક્ષિણ ધ્રુવ વિસ્તારમાંથી છૂટા પડી જતા બરફના તરતા પહાડોને નાથી, તેમને પાણીની અછત-વાળાં કે પાણીની જરૂરતવાળાં ભારે ઔદ્યોગિક સ્થળોએ ખેંચી જઈ ઓગાળીને પાણી મેળવવામાં આવે છે. એક જર્મન પેઢી શીત સાગર-માંથી ઉષ્ણ જળવિસ્તારમાં લવાતા મીઠા પાણીના આ ડુંગરોને માર્ગમાં ઓગળી જતા અટકાવી રાખે છે. (સ્કાલા)

ચક્કર આવે છે?

તમને સવારના ઊઠતી વખતે કે દિવસના કોઈ ને કોઈ ભાગમાં તમ્મર અથવા ચક્કર આવે છે? એ વખતે તમારું શરીર થોડું ગરમ લાગે છે! ખાસ કરીને મગજ ઉપર ગરમી વધતી હોય એવું લાગે છે? જો એમ લાગતું હોય તો સમજવું કે તમને તાત્કાલિક પોષણની જરૂર છે. પોષણના અભાવે જ્ઞાનતંતુઓ ઉશ્કેરાય છે, વાયુ વધે છે, પિત્તજ ગરમી પેદા થાય છે. આવી સ્થિતિમાં આટલી ચીવટ રાખવી જોઈએ :

૧) બદામ તોલો ૧, પીપરીમૂળ તોલા ૨॥ : એ બંનેનો પાઉડર બનાવી એમાંથી કેવળ ૧ તોલો થોડા ઘીમાં શેકી એમાં સાકરવાળું પાણી કે દૂધ નાખી ગરમાગરમ શીરો બનાવી નિયમિત સવારના લ્યો. ૨) દિવસના ભાગમાં ગમે ત્યારે રસ્તામાં આવું થાય ત્યારે કેળાં, બિસ્કિટ કે બીજું જે કાંઈ મળે તે થોડું ખાઈ લ્યો અને ઉપર પાણી પીઓ. તુરત જ આરામ લાગશે. ૩) આવા દરદીએ ભૂખ્યા ન રહેવું તેમજ આંતર-ડાંમાં ચોંટી રહે તેવો સૂકો કે ચીકણો પોષણહીન ખોરાક ન લેવો. ૪) આવા લોકો નિયમિત ચ્યવન પ્રાશાવલેહ તોલો ૧-૧ લેવાનું રાખે તો પણ સારી શક્તિ મળી રહે છે. (નિરામય)

વાદ-વિચાર

નાઝીવાદ : તમારી પાસે બે ગાયો છે. તો સરકાર તમને ગોળીએ ફૂંકીને તમારી બન્ને ગાયો છીનવી લેશે; ને એ પોતાની પાસે રાખશે.

સામ્યવાદ : તમારી પાસે બે ગાયો છે. તો એ સરકારને આપી દો. પછી એમાંનું થોડુંક દૂધ સરકાર તમને આપ્યા કરશે.

ફાસીવાદ : તમારી પાસે બે ગાયો છે. તો એ બન્ને તમારી કને રાખો. દૂધ દોહીને સરકારને મોકલી આપો. પછી એમાંનું થોડુંક દૂધ સરકાર તમને વેચાતું આપશે.

મૂડીવાદ : તમારી પાસે બે ગાયો છે. એમાંની એક વેચી દો અને એ પૈસાથી સરસ મજાનો સાંઢ ખરીદી લો. એટલે પછી એનો વંશવેલો વધશે, તમારી આવક વધશે.

સમાજવાદ : તમારી પાસે બે ગાયો છે. તો એક તમારા પડોશીને આપો. પડોશીનો પણ વિચાર કરો.

જયપ્રકાશજી સમાજવાદના નીચેના ત્રણ પ્રકાર ગણાવે છે :

(૧) તામસી સમાજવાદ : આ સમાજવાદ જનતા પર ઠોકી બેસાડવામાં આવે છે; (૨) રાજસી સમાજવાદ : આ પ્રકારનો સમાજવાદ સરકારના કાયદા દ્વારા લાવવામાં આવે છે; (૩) સાત્ત્વિક સમાજવાદ : લોકો પોતાની ઇચ્છાથી સ્વીકારે ને આચરે એ સાત્ત્વિક સમાજવાદ. આ પ્રકાર ઉત્તમ છે.

ભવાનીનો વડ

આ દેશની સંસ્કૃતિમાં વૃક્ષોનો એક વિશિષ્ટ મહિમા છે. સુરત શહેરના ઇતિહાસ ને સંસ્કારજીવનમાં દાયકાઓથી આગવું સ્થાન ધરાવતું એક વૃક્ષ હમણાં ધરાશાયી થયું. સુરતની અનેક પેઢીઓએ જેની છાંય ઝીલી હતી તે હરિપરા વિસ્તારમાં આવેલો ઐતિહાસિક ભવાનીનો વડ.

તેની છાંયમાં ભવાની માતાનું મંદિર આવેલું હોવાથી તે 'ભવાનીના વડ' તરીકે જાણીતો બન્યો હતો અને પછી તો એ વિસ્તાર જ 'ભવાનીના વડ'ના નામથી ઓળખાતો હતો.

આ વડ વિષે લોકમુખે રમતી અનેક દંતકથાઓમાંની એક એવી છે કે સોળમી સદીની શરૂઆતમાં મંત્રબળથી ઊડતા એક વટવૃક્ષને હરિપરામાં રહેતા શ્રી પ્રકાશાનંદજી નામના મહાત્માએ પૃથ્વી પર અહીં ઉતાર્યો અને તેની પાસે માતાજીના મંત્રની સ્થાપના કરી. શ્રી પ્રકાશાનંદજીનું મૂળ નામ વેદભાઈ શુક્લ હતું ને તેઓ તાંત્રિક ઉપાસક હતા. આજે પણ એ વિસ્તારમાં વેદભાઈ શુક્લની શેરી આવેલી છે, જે અઢીસોક વર્ષ પુરાણી હોવાનું અનુમાન થઈ શકે. ભવાની મંદિરની સ્થાપના વિ. સં. ૧૭૦૦માં થયાનું મંતવ્ય છે. આમાંથી મંત્રબળની વાત ન માનીએ તો પણ એનું ઐતિહાસિક મહત્ત્વ તો છે જ. અને તેથી સ્વાભાવિક છે કે સુરતના માનવીઓને આજે એક વૃદ્ધ સ્વજન ગુમાવ્યાની લાગણી થતી હોય ! (ગુજરાત મિત્ર)

ચોમાસાની વનસ્પતિઓ

ચોમાસામાં જે કેટલીક વનસ્પતિઓ આપણા પગે કચરાઈને નાશ પામશે, એ પૈકીની એક તે સાટોડી. સંસ્કૃતમાં તેને પુનર્નવા કહે છે. શરીરના કોઈ પણ ભાગમાં ચડેલા સોજા દૂર કરવા સાટોડીનાં મૂળ ઉકાળીને પીવાં, અને તેનાં પાન વાટીને સોજા પર ચોપડવાં. વળી લીવર, બરલના વ્યાધિઓ, છેક જલોદર સુધીના પેટના વ્યાધિઓ, પાણીના સોજા, પેશાબ ઓછો થવો, એ બધામાં ફક્ત એકલો સાટોડીનો ઉકાળો સંપૂર્ણ ફળ આપશે. ગર્ભાશયનો સોજો એ વંધ્યત્વનું મુખ્ય કારણ છે. સાટોડીનાં મૂળનો ક્વાથ પીવાથી અને સાટોડીનાં પાન જરા બાફી વાટીને પેઢુ ઉપર બાંધવાથી ગર્ભાશયનો સોજો પણ ઊતરી જાય છે અને પેશાબ સાફ આવે છે.

બીજી વનસ્પતિ તે ધરો. ધોળી કે કાળી ધરોનાં કૂણાં પાન વાટી તેનું શરબત બનાવીને પીવાથી પુરુષોને થતો સ્વપ્નદોષ, પેશાબે જતી ચીકાશ, સ્ત્રીનો પ્રદર, લોહીવા, પેશાબના માર્ગ કે ગુપ્તમાર્ગે થતી બળતરા, નસકોરી ફૂટવી, આંખનળીમાં થતો દાહ, ચક્કર આવવાં, પિત્તના વ્યાધિ, અળાઈ, ગૂમડાં અને ખાટી ઊલટીઓ થવી તેમજ એકદમ વધેલું બ્લડપ્રેશર આદિ કાબૂમાં આવે છે. સવારે હરડે લો અને મીઠામરચા વગરનું તદ્દન સાદું ભોજન-દૂધ, ભાત રોટલી-ત્રણ દિવસ લો. ૩ દિવસના પ્રયોગથી ફાયદો ન જણાય તો ૭ દિવસ, ૧૨ દિવસ, ૨૧ દિવસ કે તેથી વધારે લંબાવો. પિત્તવિકાર, દાહ વગેરે મટે છે. (જનસત્તા)



૫૧ પિલ્ગ્રિમ ફાધર્સના પહેલા ઉતરાણની ભૂમિ પર એમની અડગ શ્રદ્ધાને મૂર્તિમંત કરતી ૮૧ ફૂટ ઊંચી પ્રતિમા 'શ્રદ્ધા'

અનુસંધાન] **સત્તરમી સદીનું સ્વપ્ન** [પૃષ્ઠ ૩૬૨ થી

જ્ઞાતિપ્રથા વિષે મેં 'કાસ્ટ' શબ્દ વાપર્યો તે એ બાઈ સમજે જ નહિ. પછી અંતે પ્રકાશ પડતાં કહે 'ઓ... યુ મીન કૅ...સ્ટ !')

મોડું ઘણું થઈ ગયું હતું અને ધુમ્મસ એટલું ગાઢ હતું કે મોટરની બત્તી દસબાર ફૂટનું અંતર માંડ કાપી શકતી. એમાંથી ચતુરાઈપૂર્વક માર્ગ કાઢતાં ડૉ. રાણાએ, ઉષાબહેનના મીઠા ટહુકાઓ સાથે, એમના આંતરજ્ઞાતીય લગ્નની રસમય ને વિસ્તારી વાત સાથે બીજી જે અનેક સંસ્કારવાર્તા કરી તેમાં વૉટર ટાઉન વહેલું આવી ગયું. વિનોદભાઈ અને પ્રભાબહેન કંઈક ચિંતિત મને રાહ જ જોતાં હતાં. મોટરમાં જ ઊંઘી ગએલી ચૌલા-પૌરવી જાગી ઊઠી, બંને કુટુંબોએ નવો પરિચય સાધ્યો, અને, રાણા જેવી જ્ઞાતિમાં સુધારક શિક્ષક પિતાના સંસ્કાર પામેલા જયંતભાઈ તથા ભાવનગરના પ્રશ્નોરા કુટુંબનાં પુત્રી ઉષાબહેનના સંયુક્ત સંસ્કારે સર્જેલા પ્રસન્ન દામ્પત્યની મહેક મને નિદ્રાના પ્રદેશમાં ખેંચી ગઈ.

બીજે દિવસે સવારે ડીટ્રૉઈટ જવા માટે ઊપડવાની તૈયારી કરતો હતો ત્યાં વિનોદભાઈના પુત્ર પ્રભવે પોતે શંખ-છીપલાંમાંથી તૈયાર કરેલી 'મે ફ્લાવર'ની નાનીસરખી પ્રતિકૃતિ મને હોંશભેર ભેટ આપી, અને વિમાનઘર પર પ્રભાબહેને સજળ નયને વિદાય આપી, એ બંને મોંઘાં સ્મરણ રૂપે હજી સચવાઈ રહ્યાં છે. —બ. રા.

આ માસ(સપ્ટેમ્બર)ઇતિહાસમાં

તા. ૬, ૧૬૨૦ : સ્વધર્મ અને સ્વમાન જાળવવા 'પિલ્ગ્રિમ ફાધર્સ' સદાને માટે ઇંગ્લંડથી દેશવટે નીકળ્યા.

રાણી ઇલિઝાબેથના મરણ પછી સ્કૉટલૅન્ડની રાણી મેરી સ્ટ્રુઅર્ટનો પુત્ર જેઇમ્સ છઠ્ઠો, જેઇમ્સ પહેલા તરીકે ઇંગ્લંડની ગાદીએ આવ્યો.

તે શાંતિપ્રિય ને ઉમદા વિચારવાળો લેખક તથા ધર્મ-શાસ્ત્રોનો અભ્યાસી હતો. પણ સાથે અતડો, રાજદ્વારી કુનેહ વગરનો ને 'રાજાના ઇશ્વરી હક'નો હિમાયતી હોઈ આપખુદ હતો.

જેઈમ્સની માતા મેરી કૅથલિક સંપ્રદાયની એટલે એ પંથના લોકોએ, અને રાજા પ્રેસ્બિટેરિયન સંપ્રદાયમાં ઉછરેલો એટલે એ પંથના લોકોએ એને ગાદીએ લાવવામાં ટેકો આપેલો. બંને પંથને રાજા પાસેથી ધર્મ-પક્ષપાતની આશા હતી, જે જેઇમ્સે નિષ્ફળ બનાવી. પોતાને કૅથલિક-પંથમાં તો શ્રદ્ધા જ નહોતી, જ્યારે પ્રેસ્બિટેરિયન લોકોની માગણી સંતોષે તો પોતાની ધાર્મિક સર્વોપરિતા ગુમાવવાનો તેને ડર હતો. પ્રેસ્બિટેરિયનોમાં એક વર્ગ ધર્મગુરુઓને હટાવી પ્રતિનિધિઓ દ્વારા ધર્મવહીવટ સ્થાપવા ઇચ્છતો હતો. આ પક્ષ ધાર્મિક શુદ્ધિ તથા સદાચારનો અત્યંત આગ્રહી અને સુધારકમતનો હોઈ તેમાં માનનારા 'પ્યુરિટન્સ' તરીકે ઓળખાતા.

ઈ. ૧૬૦૪માં પોતાના ધાર્મિક સર્વોપરિતાના નાતે જેઇમ્સે એક ધર્મપરિષદ (હૅમ્પ્ટનકોર્ટ પરિષદ) બોલાવી, જેમાં એણે પ્યુરિટનોને અપમાનિત કર્યા. અને કૅથલિકો પ્રત્યે તો તેને ઘૃણા હતી જ. આ કૅથલિકોમાંના કેટલાકે રાજાને દૂર કરવા એક નિષ્ફળ કાવતરું રચ્યું જે 'ગાઈ ફૉક્સ'-ના કાવતરા તરીકે ઇતિહાસમાં જાણીતું છે.

બીજી બાજુ પ્યુરિટનોએ સ્વધર્મ અને સ્વમાનની રક્ષા માટે માતૃભૂમિનો ત્યાગ કરવા વિચાર્યું અને રાજાની મનાઈ છતાં ઈ. ૧૬૦૭માં કેટલાક લોકો હૉલૅન્ડ નાસી ગયા. ત્યાં તેમને પૂરતું ધાર્મિક સ્વાતંત્ર્ય મળતું હતું. બીજે વર્ષે ફરી કેટલાક નાઠા, પણ વહાણના કપ્તાને એમને પકડાવી દીધા. ફરી ૧૬૦૮માં જ્હૉન રૉબિન્સનના નેતૃત્વમાં કેટલાક લોકો નાસીને હૉલૅન્ડમાં લાઈડન મુકામે જઈ વસ્યા. આ રૉબિન્સને વધુ પ્યુરિટનોને હૉલૅન્ડ આવતા રોકયા. એના મતે હૉલૅન્ડની વધુપડતી મોજીલી પ્રજાની અસર પ્યુરિટન બાળકો ઝીલે તે યોગ્ય નહોતું.

અંતે પ્યુરિટનોએ નવી શોધાએલી દુનિયા (અમેરિકા) તરફ જવા વિચાર્યું. અનેક વાટાઘાટોને અંતે ન્યૂ ઇંગ્લંડ બાજુ જવાનું નક્કી થયું. અને ઇ. ૧૬૨૦ની ૨૧મી જુલાઈએ લાઈડનથી કેટલાક પ્યુરિટનોને લઇ 'સ્પીડવેલ' નામે એક વહાણ સાઉથૅમ્પ્ટન બંદરે આવ્યું. એ જ રીતે અહીં 'મે ફ્લાવર' નામે એક વહાણ પણ તૈયાર હતું. 'સ્પીડવેલ'માં કેટલીક જરૂરી મરામત કરી બંને વહાણ ૫મી ઑગસ્ટે ઊપડયાં, પણ માર્ગમાં 'સ્પીડવેલ'માં પાણી ગળતાં ડાર્ટમથ અને પછી એ જ કારણે ફરી પ્લીમથ બંદરે રોકાવું પડયું. આખરે સલામતી ખાતર સ્પીડવેલની સફર રદ થઈ અને એકલું મે ફ્લાવર ઇ. ૧૬૨૦ની ૬ સપ્ટેમ્બરે પોતાની ઐતિહાસિક સફરે ઊપડયું. એ વખતે બધા મળી ૧૦૨ પ્રવાસીઓ હતા. માર્ગમાં બે બાળકોનો જન્મ થતાં ૧૦૪ થયાં. ઘણાં માને છે તેમ આ બધાં પીઢ ઉંમરનાં નહોતાં. એમાં સૌથી મોટો ૫૭ વર્ષનો એક, ૫૦ વર્ષના ત્રણ અને ચાર જણ ૪૦ આસપાસનાં હતાં. મોટા ભાગના પુરુષો ૨૧ થી ૩૦ વચ્ચેના અને ત્રણ સિવાય બધી સ્ત્રીઓ પરણેલી હતી. ૩૦થી વધુ તો બાળકો હતાં. અને આ બધાં કંઈ ધર્મપ્રેમી હિજરતીઓ નહોતાં. લગભગ અર્ધા જણ નવી દુનિયામાં વસવા જનારા સાહસિકો હતા. કેટલાકે સાથે નોકર પણ રાખેલા, જ્યારે ટૉમસ ફુલર નામે એક દાક્તર પણ હતો. આમ, સામાજિક થર ને વ્યવસાયની દૃષ્ટિએ તેમનામાં ઠીકઠીક વૈવિધ્ય હતું.



પ્લીમથ બંદરેથી વિદાય

લાંબી સાગરયાત્રા પછી ૧૦ નવેમ્બરે આખરે જમીન (કેઇપ કૉડ) દેખાઇ, પણ કોઇ કિનારે પગ મૂકે એ પહેલાં આ પ્રવાસીઓએ દીર્ઘદૃષ્ટિ વાપરી બે બહુ જ મહત્ત્વનાં પગલાં લીધાં. પહેલું એ કે પ્રવાસીઓમાંના મોટાભાગના પુરુષોએ એક ખરડા (મે ફ્લાવર કૉમ્પેક્ટ) પર સહી કરી એવી કબૂલાત કરી કે આ નવી ભૂમિમાં અરસપરસ તેઓ કોઈ પ્રકારની અડચણો ઊભી નહિ કરે. સ્વેચ્છાએ સૌના સમાન અધિકારો સ્વીકારતું વહીવટીતંત્ર સ્થાપવાનો આ સૌથી પહેલો દાખલો હતો. બીજું પગલું પણ, એ સમયમાં ક્રાંતિકારક ગણાય તેવું હતું. આ બધા યાત્રીઓએ એમની વસાહતને માટે ડીકન કાર્વર નામના એક જણને ગવર્નર તરીકે ચૂંટયો. મુક્ત ચૂંટણીથી ચૂંટાએલો એ ઇતિહાસમાં પ્રથમ ગવર્નર હતો. પણ કાર્વર ત્યાં વસ્યા પછી એક જ વર્ષમાં રોગચાળાથી અન્ય થોડા યાત્રીઓ પેઠે ગુજરી ગયો ને તેને સ્થાને વિલિયમ બ્રૅડફર્ડ આવ્યો.

આ બ્રૅડફર્ડે એમની યાત્રાના છેક આરંભથી સત્તરમી સદીના મધ્યકાળ સુધીની વિગતવાર નોંધ રાખી છે જે 'ઑવ પ્લીમથ પ્લાન્ટેશન' નામે જાણીતી છે. એણે નોંધ્યું છે કે ધર્મરક્ષાર્થે આવેલા લોકોને મન આ ભૂમિ પવિત્ર યાત્રાધામ સમી હતી અને એથી તેઓ પોતાને યાત્રાળુ (પિલ્ગ્રિમ) માનતા. પણ એ સૌને 'પિલ્ગ્રિમ ફાધર્સ'નું નામ તો છેક ૧૮મી સદીના અંતમાં અપાયું. આ યાત્રાળુઓએ પ્રથમ જ્યાં જમીન પર પગ મૂક્યો એ સ્થાનના એક પથ્થર પ્લીમથ રૉક પર આજે એક રાષ્ટ્રીય સ્મારક ઊભું છે. આ વર્ષે ને આ મહિને એ ઐતિહાસિક સફરને ૩૫૦ વર્ષ થાય છે એ નિમિત્તે એની લાંબી ઉજવણી મનાવાઈ રહી છે.



નવી દુનિયામાં પહેલા રવિવારની પ્રાર્થના

વિદ્યા વપરાતી ભલી, વહેતાં ભલાં નવાણ,
અણછેડયા મૂરખ ભલા, છેડયા ભલા સુજાણ.

રાજાના ઘોડેસવારોને હરાવી વિજયના હર્ષમાં નામ્યા નામના ધાડપાડુએ મહાદેવમાં ધરાવેલા નૈવેદ્યથાળમાંની મીઠાઈ માટે રડતા એક બાળકને તેની મા મારવા લાગી, ત્યારે તેને મારવાને બદલે ઘેર જઈ એને મીઠાઈ આપવાની સલાહ નામ્યાએ આપી. જવાબમાં બાઈએ પોતાની ગરીબાઈની વાત કરતાં ઉમેર્યું કે 'એના પિતા પેલા નામ્યા ધાડપાડુ સાથે ઝપાઝપીમાં માર્યા ન ગયા હોત તો એ જરૂર મીઠાઈ ખાત.' આ સાંભળી, પોતે આજ સુધીમાં આવાં કેટલાંય સ્ત્રીબાળકોને નિરાધાર બનાવ્યાં છે એનો ખયાલ આવતાં અત્યંત આઘાત પામેલો એ ધાડપાડુ લૂટનો ધંધો છોડી પ્રભુભક્ત બની ગયો, જે અંતે સંત નામદેવ તરીકે પ્રસિદ્ધ થયો.



સીલોનના પાટનગર કાંડીમાં સરોવરતીરે આવેલું, ભગવાન બુદ્ધના દાંત વગેરે અવશેષો પર રચાએલું આ 'દાંતમંદિર' બૌદ્ધધર્મીઓનું જાણીતું તીર્થધામ મનાય છે.

ગણિતગમ્મત

૧૫૬૨૫ એ પાંચ અંકી સંખ્યાની ત્રિશિષ્ટતા: એ પોતે વર્ગસંખ્યા હોવાથી એનું વર્ગમૂળ પૂરેપૂરું નીકળી શકે છે. વળી બીજી ત્રણ વર્ગસંખ્યા નીચે મુજબ એમાં સમાએલી છે.

૧૫૬૨૫=૧૨૫^{૨} ... ... (૧)
×૫૬૨૫= ૭૫^{૨} ... ... (૨)
××૬૨૫= ૨૫^{૨} ... ... (૩)
×××૨૫= ૫^{૨} ... ... (૪)

ઉપર મુજબ ડાબી તરફના અંક એક પછી એક કાઢી નાખવા છતાં પાછળ એકએક વર્ગસંખ્યા રહેતી આવે છે. એવી બીજી પણ કેટલીક પાંચ અંકી વર્ગસંખ્યાઓ છે. વાચકો વિચાર કરશે તો એવી સંખ્યાઓ શોધી કાઢશે.

વળી ૨૫ની ડાબી બાજુની સંખ્યાઓ પાસપાસેની બે સંખ્યાના ગુણાકાર બરાબર છે એ પણ વિચિત્રતા છે: ૧૫૬=૧૨×૧૩; ૫૬=૭×૮, ૬=૨×૩ અને ૨=૧×૨ છે.—એમ. એન. ખત્રી




છઠ્ઠી સદીની શરૂમાં ગુર્જર જાતિની ટોળીઓ અહીં ઊતરી આવી. તેમનું મુખ્ય રાજ્ય રાજપુતાનામાં સ્થપાયું. આબુની વાયવ્યે ભિન્નમાલ તેમની રાજધાની હતી, જ્યાં યજ્ઞવેદીમાંથી પરિહાર (પ્રતિહાર) આદિ વંશો પ્રકટ્યાની કથા છે. એ ગુર્જર-પ્રતિહારોએ ઉત્તર હિંદમાં વિસ્તરી મહારાજ્ય જમાવ્યું, જેમાં 'ભોજ' નામે ખ્યાત થએલો કનોજનો મિહિરપ્રતિહાર (ઈ. ૮૪૦ થી ૮૮૦) પ્રતાપી થઈ ગયો. એ વિષ્ણુપૂજક હોઈ તેના સિક્કા પર વિષ્ણુના અવતાર 'આદિ-વરાહ' ને લક્ષ્મીની છાપો મળી આવે છે. ઉપરના ચિત્રમાં એક બાજુ વરાહ ઉપરાંત ત્રિશૂલ, સિંહ, સૂર્ય ને ચન્દ્રનાં ચિત્રો છે, બીજી બાજુ 'આદિ-વરાહ' અક્ષરો વગેરે છે. દ્રામ નામે ગ્રીક સિક્કાના અનુકરણ જેવા એ સિક્કા હોવાથી બધા ગુર્જર સિક્કાઓ પાછળથી 'દ્રમ' નામે ઓળખાયા.

કહેવતોના અર્થ: 'વાણિયો વરઘોડે, ને વહોરો રોડે.' (રોડું=ઇંટનો ટુકડો). સમાજલક્ષણ દર્શાવતી એક વધુ કહેવત. ધન વાપરવામાં કે દેખાડવામાં બે કોમોની જુદી ખાસિયતો: એક વરઘોડા પાછળ ખર્ચે, ને બીજો ઈંટો–એટલે કે મકાનો બાંધવા પાછળ. વાણિયાનો વરઘોડો ને વહોરાનાં મકાનસદા ભભકાબંધ હોય.

સંપત્તિ


જો તમે તમારો
એક રૂપિયો તમારા મિત્રને
આપી દઈ એનો રૂપિયો લઈ લો
તો બંને પાસે એકેક રૂપિયો રહેશે.
તમે તમારો એક સુવિચાર તમારા મિત્રને
આપી એનો એક સુવિચાર લઈ લો તો બંને
પાસે બબ્બે સુવિચાર થશે. એ જ ખરી સંપત્તિ.

હાલ જે રાષ્ટ્રપતિ-ભવન તરીકે વપરાય છે તે ન્યૂ દિલ્હીમાંનો મૂળ વાઈસરૉયનો મહેલ બાંધતાં આશરે પંદર વરસ લાગેલાં ને સાડા ચાર કરોડ રૂપિયા ખર્ચાએલા. બે માળના એ મકાનમાં ૩૪૦ ઓરડા, ૧૪ લિફ્ટો, ૨૨૭ થાંભલા, ૩૫ પરસાળો અને ૩૭ ફુવારા છે.



સૂર્યગ્રહણને સીધું નહિ જોતાં થાળીમાં પાણી ભરી તેમાં એના પ્રતિબિંબને જોવાની આપણી પુરાણી રીત એ માત્ર વહેમ નથી. એની પાછળ વૈજ્ઞાનિક કારણ છે. સીધું જોવાથી ઇન્ફ્રારેડ કિરણો આંખને નુકસાન કરે છે. મેશ લગાડેલો કાચ કે એક્સપોઝ થએલી ફોટોગ્રાફીની કાળી નેગેટિવમાંથીયે (જમણી બાજુની આકૃતિ પેઠે) સીધુ સૂર્યગ્રહણ જોવું હિતાવહ નથી. સારો રસ્તો એ છે કે (ડાબી બાજુ બતાવ્યા પ્રમાણે) એક જાડા કાર્ડ કે પૂઠામાં સોયા કે ખીલી વડે કાણું પાડી, તેના દ્વારા આવતા પ્રતિબિંબને બીજા સફેદ કાર્ડ કે કાગળ પર ઝીલીને જોવું.

નારિયેળના ચોટલીવાળા કાચલીના અડધિયાની આંખો છેદી, ચોટલી જરા કુણી કરીને તેમાં ચાકનો પ્રવાહી રસ ભરીને ગારથી લીપેલા આંગણામાં રંગોળી પૂરવાનું, અથવા ક્રિકેટ કે ટેનિસ રમવાની કે બીજી કોઈ ભોંય ઉપર લીટીઓનાં નિશાન કરવાનું ફાવશે.



કલાકણિકા: રંગીન મીનાકારીથી મંડિત આ સુંદર તામ્ર-કપોત હકીકતે ઈશ્વરને આપવાના અર્ઘ્યનું પાત્ર છે. ૧૩મી સદીના ફ્રેન્ચ કારીગરે કેટલી આદરપૂર્વક કલાભિવ્યક્તિ કરી છે!